
અંગ્રેજી બીજી ચોપડી ભાગ બીજાની

સુબોધ વાર્તા

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા૦ છબીલદાસ બાળમુકુંદદાસ મેહેતા.



શ્રી મુંબઈ,

"ગુજરાત પ્રિંટિંગ" પ્રેસમાં છાપી.

સંવત ૧૯૪૨. શને ૧૮૮૬.

કિમ્મત બાર આના.

Preface.

Tho aim of the publisher in publishing this treatise of Soobodh Vártá of Howard Second Book Part II. is to afford facility to students both studying in schools and taking private tuitions in order that the difficulty they constantly meet with while translating lessons from the book may be obviated. In his tutorship for several years he has gained full experience as to the hardship, the boys are forced to undergo in rendering lessons into idiomatic and correct Gujrati and which hardship, as far as he remembers, evoked in time past, suggestions of such a publication from the late masters Messrs. Bomanjee and Vandráwandás Luxmonjee of The First Grade Sheth Gokuldás Tejpál Anglo-Vernacular School in the preface of the book of such a nature; and he is therefore confident in the hope that this small work of Soobodh Vártá will meet with the approval of both the schools and private tutors.

He hopes that this Edition will be of a greater use than the preceding one, from its copiousness of idiomatic colloquial Gujrati expressions being introduced therein. While bringing out before the Public this useful Edition he has materially received great aid from Mr. Ambálál Sakarlál's Dictionary.

The publisher will tender his best thanks to any gentleman who will communicate to him corrections or alterations as regards the book.

Bombay
January 1886.

CHH. B. MEHTA.

અંગ્રેજી બીજી ચોપડી ભાગ બીજાની સુબોધ વાર્તા.

Lesson I (the first) પાઠ ૧ લો.

અંગ્રેજી શિખવા વિષે.

બ્રિટિશ (અંગ્રેજી) રાજ્યમાં રેહેતા હિંદુસ્તાનના દરેક દેશીએ, જો પોતાથી બનેતો (જો પોતાના અખત્યારમાં હોયતો), અંગ્રેજી શિખવું જોઈએ. દરેક જીલ્લામાં ઓછામાં ઓછી એક નિશાળ હોયછે, ને ત્યાં અંગ્રેજી શિખવવામાં આવેછે. હિંદુસ્તાનના લોકોને વાસ્તે એ ભાષા શિખવી ઘણી અઘરીછે, કેમકે એ હિંદુસ્તાનની સ્વદેશી બોલીઓથી ઘણી જૂદીછે. તોપણ અંગ્રેજી (ભાષા) નો અભ્યાસ કરવામાં ઘણીજ મેહેનત લેવી એ અગત્યનું છે. આ દેશના (ભરતખંડના) રાજકરનારાઓની એ ભાષાછે. આપણા સર્વે કાયદા અંગ્રેજીમાં રચાયલાછે, તથા હાઇકોર્ટ (વડી અદાલત) નો સઘળો વહીવટ અંગ્રેજીમાં ચાલેછે. સુબો તથા ઈલાકાના સરસુબાઓ (હાકિમો) હિંદુસ્તાનની કોઈ પણ ભાષા કવચિતજ બોલેછે, અને સરકારને સઘળી અરજીઓ (પણ) અંગ્રેજીમાં લખવી જોઇએ.

પણ હિંદુસ્તાનના વતનીઓએ અંગ્રેજી (ભાષા) નો અભ્યાસ શામાટે કરવો જોઈએ તેનાં બીજાં કારણોછે જે કોઈ શાસ્ત્ર કે ઈતિહાસનું જ્ઞાન મેળવવાને ઈચ્છે તો તે હિંદુસ્તાનની કોઈ પણ ભાષાની મારફતે તે જ્ઞાનના મૂળતત્વો કરતાં વધારે શિ

ખી શકતો નથી. થોડા અને સેહેલાં પુસ્તકો જે દેશી ભાષામાં લખાયલાંછે તે તે જલદીથી વાંચી રેહેશે, ને પછી અંગ્રેજી ભાષા જેમાં સઘળી બાબતો વિષે વિદ્વત્તાવાળાં પુસ્તકો રચાયલાં છે, તે સમજ્યા સિવાય કંઈ પણ વધારે શિખવાને તે શક્તિવાન થશેનહિં અને જો કોઇ પણ પોતાના તથા પારકા દેશની દર રોજની ખબર જાણવાને ચાહતો હોયતો તે (શખ્સ) જો અંગ્રેજી વર્ત્તમાનપત્ર સમજી શક્તો ન હોયતો તેને એ અશકય તથા ઘણું અઘરૂં માલમ પડશે.

વળી એ ઉપરાંત, હિંદુસ્તાનની દેશી ભાષાઓ ઢંગ ઢાળ વિનાનીછે અને કેળવણી પામેલા માણસોના ઉપયોગને સારૂ અત્યાર સુધી લાયક થયેલી નથી આ ઉપરથી જો દેશીઓ શાસ્ત્ર સંબંધી અથવા વિદ્યાસંબંધી બાબતો વિષે વાતચિત કરવાને કે લખવાને ઈચ્છે તો તેઓને તેઓની પોતાની દેશી ભાષાઓના કરતાં અંગ્રેજી ભાષા વાપરવી વધારે સુગમ (સેહેલી) માલમ પડશે.

હરકોઈ (શખ્સ) નવી ભાષા શિખી શકે એવી માત્ર એક જ રીતછે, તે એક તરજુમો કરવો. તમારી અંગ્રેજી વાંચન ચોપડીઓમાંના દરેક શબ્દનો તરજુમો તમારે તમારી પોતાની દેશી ભાષામાં કરવો જોઈએ, નહી તો તમે તે ખરેખર કદી સમજશો નહિં. તમારી દેશી ભાષામાંથી વાકયોનો તરજુમો અગ્રેજીમાં કરવો એ પણ અગત્યનું છે. તમારે તરજુમા કરવામાં, તમારૂં વ્યાકરણ અને શબ્દાર્થકોશ હમેશાં પાસે રાખો જ્યારે કાગલપર તમે તમારો તરજુમો લખી રહો ત્યારે તમારો શિક્ષક (આંગળી કરીને) ભૂલો બતાવશે અને આ પ્રમાણે તમે રોજ રોજ સુધરશો.

Lesson II. (the second) પાઠ ૨ જો.

ગ્રેસ ડાર્લિંગની વાર્ત્તા.

ગ્રેસ ડાર્લિંગ એક ગરીબ તથા અપ્રસિદ્ધ તરૂણ સ્ત્રી હતી, અને તે હિંમતના કામથી જે દેશોમાં અંગ્રેજી ભાષા બોલાવામાં આવે છે તે સઘળા દેશોમાં પ્રખ્યાત થઈ. ઈંગ્લાંડના પૂર્વ કિનારાપર ની દીવાદાંડી સાચવવાનો જે માણસનો ધંધો હતો તે માણસની તે દીકરી હતી.

તમે જાણોછો કે, દીવાદાંડી એ એક મિનારોછે, અને તેની અંદર વહાણવટીઓને રસ્તો દેખાડવાને તથા દેહેશત ભરેલાં ખરાબા (ખડકો) ની ચેતવણી આપવાને રાત્રે દીવો બળતો રાખવામાં આવેછે.

થોડાં વર્ષો ઉપર એક વહાણ ડાર્લિંગથી સચવાતી દીવાદાંડી આગળ ભાંગી ગયું, અને જે નવ માણસો ભાંગેલાં વહાણને વળગી રહ્યાં હતાં તેઓ શિવાય વહાણમાંના સઘળા (માણસો) ડુબી ગયાં.

કિનારાપરના લોકોએ તેમને જોયાં (કિનારાપરના લોકોની નજરે તેઓ (પડયા,) અને જે કોઈ તેમને બચાવે તેને ઈનામ આપવાને કહ્યું. તેને ઈનામ અંગીકાર કરાવવા મ્હોં આગળ ધરાવ્યું.)

મોજા ઉંચા ઊછળતા હતા, પવન જોરથી વાતો હતો અને ખલાસીઓ મછવો પાણીમાં મૂકવાને બિહિતાતા; પણ ગ્રેસ ડાર્લિંગે પોતાના બાપને કોશિસ કરવાને સમજાવ્યો, અને બંન્ને જણ છાતી ચલાવીને એક હોડકામાં બેસી કિનારો મૂકી સમુદ્ર તરફ હંકારી ગયાં ને હલ્લેસાં મારતાં ચાલ્યા. મેહેનત અથાગ અને જોખમ ધાસ્તી ભરેલું હતું પણ તેઓ અંતે તે ભાંગેલાં વહા

ણુ આગળ આવો પોંહોંચ્યા, અને ભાંગી ગયેલા વહાણના નંવ માણસોને સર્વની ખુશાલી અને અચંબામાં સહીસલામત કિનારા ઉપર લાવ્યા.

આ બાહાદુર જુવાન સ્ત્રી ત્યારપછી મરણ પામી; પણ જ્યારે પરોપકાર બુદ્ધિ તથા હિંમ્મતના કામોનું વર્ણન કરવામાં આવેછે ત્યારે તેનું નામ ભૂલી જવાશે નહીં.

Lesson III (the third) પાઠ ૩ જો.

પાણીપીતા સાબરની જોડી કાઢેલી વાત.

એક સાબર, એક નિર્મળ સરોવરમાં પોતાની તરસ મટાડતાં પોતાનાં શિંગડાં જે તેણે પાણીમાં પ્રતિબિંબ પડેલાં દીઠાં તેની ખૂબસુરતીથી અજાએબ થયું. તેજ વખતે પોતાના પગની અતિશય પાતળાઈ જોઈને તેણે કહ્યું "કેવી અફસોસની વાતછે" કે આવા સુંદર પ્રાણીને આવા ધિક્કારવાજોગ લાંબા પાતળા પગની જોડ આપવી જોઈએ. "મારા પગો કાંઇ પણ દરજ્જે મારા શિંગડાં સાથે સરખાવી શકાય એવાં હતેતો હું એક ખરેખર કેવું ઉમદું પ્રાણી થાત." આવા વિચારોની અંદર તે શિકારી કુત્રાના ટોળાની મોટી બૂમથી બીધું હતું. તરતજ તે મેદાન કુદી ગયું, અને પોતાના પાછળ લાગનારાઓને (શિકારી કુત્રાઓને) એટલા તો પાછળ મૂકી દીધા કે તે નાશી ગયું હોત; પણ ખિચોખીચ ઝાડીમાં (ઝાડીથી ભરપૂર જંગલમાં) ધુસતાં તેનાં શિગડાં ઝાડની ડાળીઓમાં ભરાયાં (ગુંચવાઈ ગયાં) અને ત્યાં આગળ જ્યાં સુધી શિકારી કુત્રાઓ આવી પોંહોંચોને તેને ફાડીને ચીરેચીરા કરી નાંખ્યા ત્યાંસુધી તે અટકી રહ્યું. મરતી વેળાએ તે આ પ્રમાણે બોલ્યું:—

"આપણા ખરા લાભનો આપણે કેવો ખોટો વીચાર કરીએ છીયે (આપણે આપણા ખરા હિતનો બરોબર તોલ કરતા નથી) જે શાખાદાર શિંગડાંઓની હું એટલી તો બડાઈ કરતું હતું તે શાખાદાર શિંગડાંએ જો મને ફસાવી મારો નાશ કરાવ્યો ન હોત તો જે પગોને હું વખોડતું હતું (તુચ્છ ગણતું હતું) તે (પગો) મને સહી સલામત લઇ ગયા હોત.

Lesson IV (the fourth) પાઠ ચોથો.

COLUMBUS. કોલમ્બસ.

ક્રિસ્તફર કોલમ્મસ જીનોઆ (શેહેર) માં આશરે ૧૪૩૫ ના વર્ષમાં જનમ્યો હતો. તે વખતમાં યુરોપ (ખંડ)ના લોકો પૃથ્વિની ખરી આકૃતિ વિષે અજ્ઞાન હતા, અને અમેરિકા ખંડની હૈયાતી વિષે (અમેરિકાખંડ છે તે વિષે) જાણતા નહોતા. કોલમ્બસ ખલાશી થયો, તથા તેણે નૌકાશાસ્ત્ર અને ભૂગોળ વિદ્યાનો આતુરતાથી અભ્યાસ કીધો. જીનોઆના લોકો વ્યાપારમાં આબાદ હતા, અને (તેઓ) મિસરદેશ તથા સિરિયા સુધી વહાણ હંકારી લઇ જતા અને ત્યાંથી તેઓ હિંદુસ્તાન તથા આરબસ્તાનની કિંમતી પેદાએશ પાછી લાવતા. કોલંબસે વિચાર કીધો કે હિંદુસ્તાનનો પૂર્વ તરફનો દ્વીપકલ્પ જેને તે વખતે સોનાનો દ્વીપકલ્પ કેહેતા હતા, ત્યાંહાં આટલાંટિક મહાસાગરમાં થઈને વહાણ હંકારવાનું બની શકે એવુંછે. જો આ સોનાની જમીનમાં (ફળદ્રુપ દેશમાં) વહાણોથી પોંહોંચાય તો યૂરોપના વેપારીઓને ઘણો ફાયદો થાય.

અજાણ્યા સમુદ્રોમાં આ સફરના સઘળા જોખમો હિંમતથી ખમવાનો કોલમ્બસે નિશ્ચય કીધો, અને પોતાના દેશી ભાઇ

ઓ જીનોઆના લોકોની મદદ માગી. તેઓએ તેને મદદ આ-
પી નહીં. પછી તેણે ફીરંગી લોકોને અરજ કીધી, જેઓમાં
તે જઇ વસ્યો. તે વખતે યૂરોપમાં આ એક શ્રેષ્ટમાં શ્રેષ્ટ પ્રજા
હતી, અને તેની પાસે ઘણાં વહાણો તથા હિમ્મતવાન ખલાશી
ઓ હતા. પણ પોર્ટુગલ દેશના રાજાએ કોલમ્બસની વિનતી
ઉપર કાંઈ લક્ષ આપ્યું નહિં. છેવટે સ્પેનદેશના રાજા રાણીએ,
ખલાશીઓ સમસ્ત તથા સરનજામ સુદ્ધાં તેને ત્રણ વહાણો આપ
વાનું કબૂલ રાખ્યું. અને (વળી) તેઓએ વચન આપ્યું કે જે
કાંઈ નવા દેશો કોલમ્બસ શોધી કાઢે તેનો સૂબો એ થાય.

૧૪૯૨ના ઑગષ્ટ મહિનાની ૩જી તારીખે તેણે સ્પે
ન દેશથી વહાણો હંકાર્યાં. બે મહિના સુધી તો તેના વહા
ણોને કંઇ જમીન નજરે પડી નહિ. તેના ખલાસીઓને દેહે
શત લાગી અને પાછા ઘેર આવવાની મરજી કીધી. તેઓની
ધમકીઓથી કોલમ્બસને વચન આપવાની ફરજ પડી કે જો
ત્રણ દિવસ પછી જમીન નજરે નહિ પડે તો હું પાછો ફરીશ.
ત્રિજી રાત્રે તે આતુર અંતઃકરણથી જોતો બેઠો હતો એવામાં
એકાએક દૃષ્ટિમર્યાદા ઉપર તેણે એક દીવો માલમ પડયો.

ઊત્તર અમેરીકાના કિનારાથી દૂર જે બ્હામાના ટાપુ
ઓ આવેલા છે, તેમાંનો એ એક (ટાપુ) હતો. વહાણવટીઓ
ને ઘણી ખુશી પેદા થઈ. પછી તેઓ બીજા ટાપુઓ જોવા ગયા
અને સોનું, વિચિત્ર પક્ષીઓ, તથા નવા દેશો જે તેઓએ શોધી
કાહાડયા હતા તેની બીજી નિશાનીઓ સહિત સ્પેનદેશ પાછા
આવ્યા.

કોલમ્બસ સ્પેન દેશમાં મોટામાં મોટો પ્રખ્યાત માણસ
થયો, અને રાજા તથા રાણી તરફથી ઘણું માન પામ્યો. એ મ

હાસાગરમાં થઈને બીજી સફર (કરવા) સારૂ તેને જલદીથી વ હાણોને માણસો મળ્યાં; પણ જ્યાં સુધી ત્રીજી કોશિશ (સફર) થઇ નહિ ત્યાં સુધી તેણે અમેરીકાખંડ દીઠો નહિ. દલગીરી અને મેહેનતની જીંદગી ગુજારીયા (કાઢયા) પછી કોલમ્બસ આશરે ૭૦ વર્ષની ઉમરનો થઇને મરણ પામ્યો. તેની કીર્તિ ની અદેખાઈથી તેના શત્રુઓએ તેને ઘણું દુઃખ દીધું. જે દેશ તેણે શોધી કાઢયો તેનું નામ અમેરીકસવેસપુશિયસ (નામના) બીજા એક બહાદૂર ખલાશી ઉપરથી પડયું છે; પણ કવિતામાં કોઈ કોઇ વખતે એને કોલમ્બીયા કેહેછે.

Lesson V (the fifth) પાઠ ૫ મો.

એલિઝાબેથ રાણીની વાર્ત્તા.

એલીઝાબેથ રાણીના રાજમાં અભિમાનથી અજીત નૌકા સૈન્ય કેહેવાતો સ્પેનદેશના મોટા કાફલાએ ઇંગ્લાંડદેશપર ચ ઢાઇ કરીને કેવી રીતે નાશ પામ્યો એ વીશે તમેતો વાંચ્યું હશે. પછી પોતાના લોકોના શત્રુઓ ઉપર આ વખાણવાજોગ ફતેહ પ્રખ્યાત કરવાને અને સંભારણું (યાદદાસ્ત) રાખવાને રાણી એ એક ચાંદ કોતરાવવાનો હુકમ કીધો અને તેના ઉપર સ્પેનદેશ ના વહાણો (અરમાર) નુ પરાજયનું ચિત્ર પાડવામાં આવ્યું હ તું; પણ તે લઢાઈના વહાણના કાફલાને તોફાની પવને કેવીરી તે વિખેરી નાખ્યો તે યાદ લાવીને (સંભારીરાખવાને) તેણી એ ચાંદ ઊપર આ લેખ કોતરાવવાનો હુકમ કીધોઃ—

"ઈશ્વરે તોફાન ઊપજાવ કર્યું અને તેઓ વિખરાઇ ગયાં" તેણીએ પોતાના ખલાશીઓના પરાક્રમોનો ગર્વ કર્યો નહિ, પણ સઘળી કીર્તિ પરમેશ્વરને આપી.

Lesson VI (the sixth) પાઠ ૬ ઠો.

ઔરંગઝેબ શેહેનશાહની કાહાણી.

પુનાની પાસે ભીમા નદીને કાંઠે તોલાપૂર એક ગામડું (નાનું ગામ) છે તે જગાને લગતી દંતકથા તે નામને વાસ્તે આ પ્રમાણે કારણ બતાવેછે જેનો તરજુમો "તોલવાનું શેહેર" તરીકે થઇ શકે. ઔરંગઝેબ શેહેનશાહ દખ્ખણમાં પોતાની સ્વારી કરતાં તે એક તર (હોડી) પાસે આવ્યો જે તર (હોડી) હમણાંની પેઠે તેવારે ગામડાની પાસેની નદીમાં આવજાવ કરતી હતી. જ્યારે પોતાના લશ્કરને પેલેપાર ઉતરી જવાની રાહ જોતાં તે હોડીવાળા સાથે વાતચિત કરવા મંડયો જેને હસમુખા સ્વભાવ અને સ્વભાવિક બુદ્ધિ (જાતીઅક્કલ) ને માટે સ્થાનિક માન મેળવ્યુંહતું.

ઔરંગઝેબ સાથે કેટલાએક હાજરજવાબો એકમેક કર્યા પછી તે હોડીવાળાએ ખાત્રીપૂર્વક કહ્યું કે, કોઇ એવું જીવતું પ્રાણી નથી કે જેનું બરોબર વજન તે કર્યા વગર રેહે નહિ. આ ઉપરથી શેહેનશાહે જે હાથી ઉપર પોતે સ્વારી કરતો હતો તે હાથીનું બરોબર વંજન લાગલુંજ કેહેવાને કહ્યું. તે હોડીવાળાએ વિનંતી કીધી કે મને મારી મોટી હોડીમાં તે પ્રાણીને (હાથીને) નદી પાર ઉતારવાને આપશો. તે પ્રમાણે કરવામાં આવ્યું, અને જ્યાં લગી પાણીમાં તે મછવો હાથીના વજનથી ડુબ્યો હતો તે, જગાની લીટીથી હોડીવાળાએ નિશાની કરી રાખી.

ત્યારપછી તે પ્રાણીને મછવામાંથી બહાર કાઢયું અને તે હોડીને તે હોડીવાળાએ જ્યાં સુધી તે લીટી સુધી પાણીમાં ડુબી નહીં ત્યાં સુધી મોટા પથરાથી ભરી, અને એકેક પથરાનું વજન કર્યા પછી તેણે તેઓનું એકંદર વજન હાથીનું બરોબર સ

મતોલ (વજન) પ્રમાણે શેહેનશાહને કહ્યું. તે માણસની ચબરાકી (ચપળતા) તથા શોધકબુદ્ધિ (ચતુરાઈ) થી શેહેનશાહ એટલો બધો પ્રસન્ન થયો (ખુશી થયો) કે તેણે તેને અને તેના વારસોને તોલાપૂરના નવા નામથી તે ગામની બક્ષીસ આપી (જાગીરમાં આપ્યું).

Lesson VII (the 7 th) પાઠ ૭ મો.

મહાન ઑલફ્રેડ (ઇ. સ. ૮૭૧–૯૦૧).

પશ્ચિમ તરફના સાકસન લોકોનો રાજા ઑલફ્રેડ (એવું) નામ મૂકી ગયો છે કે જે દરેક અંગ્રેજને વહાલું છે. એના અમલમાં (ઈ. સ. ૮૭૧ થી તે ૯૦૦ સુધી) તેણે રાજ્ય કીધું તેમાં, ઈંગ્લાંડનો દક્ષિણ ભાગ જ્યાંહાં તે રાજ્ય કરતો હતો, તે ઉપર ડેન્સ નામના જંગલી લોકો, જેઓ માછલી પકડવાના તથા ચાંચિયાપણાના ધંધાથી ગુજરાન ચલાવતા, તેઓએ ચઢાઈ કીધી. ઑલફ્રેડને પોતાને એક ગોવાળિયાના ઘરમાં સંતાઇ રેહેવાની ફરજ પડી તે વેળા તેની પ્રજાએ ચઢાઈ કરનાર ડેન લોકો તરફથી ભારે સંકટો ભોગવ્યાં.

એવું કહેવામાં આવેછે કે, તે ગોવાળિયાની સ્ત્રીએ રાજાને ન ઓળખીને તેને ચાકર સરખો ગણ્યો, અને અંગારા ઉપર કેટલીએક શેકાતી અંગાખરીઓ (ભાખરી, બાટી, પુરીઓ) તપાસવાને બેસાડયો. રાજા ભરવિચારમાંને વિચારમાં અંગાખરીઓ ઉથલાવવી ભૂલી ગયો, ને તેમને બળવા દીધી. તે ભલી સ્ત્રી (કુભારજા) પાછી આવીને જુએછે તો પોતાની અંગાખરીઓ બળેલી તેથી ઘણી ગુસ્સે થઈ ને રાજાને સારીપેઠે ખખડાવ્યો (તાણીને ધમકાવ્યો) કે (તું) નકરાંમદો

(આળસુ) ને નધરોળ (બેફિકરો) માણસ છે. પણ તે ખા મોશવાળો હતો તેથી (તેણે), તેને પાછો ઉત્તર દીધો નહિ.

ત્યાર પછી રાજા, હાર્પ વગાડનાર (તંબુરાવાળા) ને વેષે ડેન લોકોની છાવણીમાં ગયો અને તેઓની સંખ્યા, જોર, અને રાજનીતિ વિષે તેણે પૂરી વાકેફગારી મેળવી. પછી છુપી રીતે પોતાના અમીરોને તેમના તાબા તળેના માણસો સહિત બોલાવોને તે ડેનલોકો ઉપર છાપો માર્યો (એકાએક તૂટી પ ડયો,) ને મોટી કતલ કરીને તેઓને તેણે હરાવ્યા. ઇંગ્લાંડના દક્ષિણ ભાગને ડેનલોકોએ ઘણાંએક વર્ષો વિત્યા પછી પાછો ખભળો લગાડયો (ઈજા દીધી) ને ત્યારે પણ ઑલફ્રેડે તેમ ને હરાવી એરણખેરણ કરી નાંખ્યા. એને વિશે એવું કહેવાય લું છે કે સમુદ્ર અને જમીનપર (મળીને) તે છપન લડાઈ લડેલો.

ઑલફ્રેડે ઈંગ્લાંડના અરમારી બળનો પાયો નાંખ્યો (દ રિયાઈ શકિત સ્થાપી) અને દેશમાંથી ચોરો જડમૂળમાંથી કા ઢી નાંખી. ને વિદ્યાને ચાહાતો હતો અને ઑકસફર્ડની ના મીચી પાઠશાળા સમાજનું ઉદાર ભલું કરનાર હતો. પોતાના લોકોને શિખવવાને માટે તેણે બીજા દેશોમાંથી વિદ્વાન માણ સોને તેડાવ્યા અને તેણે પંડે જાતે કેટલાએક પુસ્તકો લખ્યાં ત થા હિંદુસ્તાનના સંસ્કૃત ભાષાની માફક તે કાળે પશ્ચિમ યૂરો પની લાટિન જે સહુથી સુધરેલી ભાષા હતી તેમાંથી કેટલાક (ગ્રંથો) નાં ભાષાંતર કીધાં. તેણે દરેક રાત્ર દિવસના ત્રણ સ રખા ભાગ કીધા હતા—હરિભજન (પરમેશ્વરની ભક્તિ) ક રવા સારૂ, સાર્વજનીક કામો સારૂ અને વિશ્રાંતિ સારૂ. લડાઈ તેમજ સમાધાનીની વખતે આ રૈયતનો પિતાસમાન રાજા

એકસરખી રીતે પ્રતાપી હતો. શરીરે તે જબરો તથા કાન્તિવાન (રૂપાળો) હતો; તેનો સ્વભાવ શાંત અને તેની ચાલચલગત ખુશકારક હતી.

Lesson VIII (the eighth) પાઠ ૮ મો.

ANCEDOTES. વાર્તાઓ.

અંક પેહેલો—ક્રીસસ તથા સોલન.

ઈરાન દેશનો શાહા સાઈરસ અથવા ખોશરૂના વખતમાં એશિઆ માઈનર માંહેલા લિડિયાનો રાજા ક્રીસસ ઘણોજ શ્રીમંત (ધનવાન) અને ઐશ્વર્યવાળો (સમર્થ) રાજા હતો. આથન્સ શેહેરનો એક ડાહ્યો કાયદાબાંધનાર સોલન તેની દરબારમાં મુલાકાત લેવાને આવ્યો. ક્રીસસે સત્કારથી (આદરમાનથી) તેની આગતાસ્વાગતા કરી (મેહેમાનદારી કીધી), અને પોતાના ખજાનાનું સઘળું ધન તેને દેખાડીને તે મુનિને પૂછ્યું કે આસંસારમાં સૌથી સુખી માણસ કોણછે? સોલને જવાબમાં બે અપ્રસિદ્ધ ચુનાની લોકોના નામો કહ્યાં. પોતાનું નામ દીધામાં નહિં આવ્યાથી અચંબો પામીને ક્રીસસે પૂછ્યું કે, "ત્યારે શું તમો મને સુખી ગણતા નથી?" "સોલને જવાબ આપ્યો "હે રાજા" મરણ પામે તેની અગાઊ કોઇ પણ માંણસ સુખી ગણાતો નથી, કારણકે (પાછળથી) તેનાપર શું આવી પડશે તે તેને ખબર નથી." આ જવાબથી ક્રીસસ બહુજ આશ્ચર્ય પામ્યો.

હવે એ વાત (બીના) થઈ રહ્યા પછી, ઇ. સ. ની પૂર્વે. ૫૪૬ ના વર્ષમાં ઈરાનના રાજા, સાઈરસે લિડિયાના રાજ્યપર ચઢાઇ કરી. તેણે ક્રીસસની ઘોડેસ્વારની ફોજનો પરાજય કરીને તેની રાજધાની સારડીસ લુટીને લઇ લીધી. ક્રીસસને લઢાઇમાં

પકડાયલો કેદી કરવામાં આવ્યો, અને બાંધીને લાકડાંની ચેહે પર મૂકયો, જે (ચેહે) તે વખતના ઘાટકી રીવાજ પ્રમાણે તેને જીવતો બાળી નાંખવાને સળગાવવામાં આવી હતી. તે વખતે તેને આથન્સ શેહેરના મુનિના (ડાહ્યા માણસના) વચનો સાંભરી આવ્યાં, અને તેની અત્યંત પીડામાં મોટેથી બૂમ પાડી ઉઠયો, "સોલન! રેસોલન!" સાઇરસે વિસ્મય પામીને ક્રીસસને છોડી મૂકવાનો હુકમ કીધો, અને તેને પૂછયું કે તેં સોલનને શામાટે બોલાવ્યો. સોલને તેને સુખી માણસ કહેવાની કેવી રીતે ના કહી હતી તે ક્રીસસે જવાબમાં નિવેદન કર્યું (કહી સંભળાવ્યું.) મનુષ્યની જીંદગીમાં જે ફેરફાર (થઇ જાયછે) તેનો વિચાર કરવાથી સાઈરસને દયા ઉપજી. તેણે ક્રીસસનો જીવ ઉગાર્યો (તેણે ક્રીસસને જીવતદાન આપ્યું), અને પોતાના મુખ્ય દોસ્તદારો તથા સલાહકારીઓમાંના એક તરીકે પોતાની દરબારમાં ત્યાર પછી સામેલ કીધો (ગણ્યો).

અંક બીજો Leonidas લિયોનિદાસ.

ઈ. સ. પૂર્વે. ૪૮૦ માં, જ્યારે ઇરાનના પાદશાહ ઝર્ક્ષિઝે જબરી ફોજ લઈને ગ્રીસદેશ ઉપર ચઢાઈ કરી ત્યારે ઉત્તરમાં થેસલિમાં થઇને તેનો રસ્તો હતો, અને પાહાડો તથા દરિયા વચ્ચે, થર્મોપિલિ નામના સાંકડા ઘાટમાંથી તેને કુચ કરવાની હતી. કેટલાક ગુલામો તથા એકસંપી રાજ્યોના લશ્કર સાહિત, લિયોનિદાસની સરદારી નીચે ૩૦૦ ત્રણસેં સ્પાર્ટાનં વતનીઓથી આ ઘાટ નું (સાંકડો અને વિકટ રસ્તાનું) રખવાળુ કરવામાં આવ્યું હતું. રસ્તો બંધ પડેલો જોઈ, ઝર્ક્ષિઝે ગ્રીસદે

થ (યૂનાનદેશ) ની ફોજના શસ્ત્રો માંગવાનું કેહેણ મોકલ્યું. લિયોનિદાસે પાછો સંદેશો વાળ્યો, "તમે આવીને તેમને (શસ્ત્રો) લઈ જાઓ." ઇરાની લોકોએ જોરજુલમથી પોતે ઘુસવાનો પ્રયત્ન કર્યો, તોપણ ભારે હાર ખાઈને ઘણીવાર પાછા હઠી આવ્યા હતા. પહાડો ઓળંગીને જવાનો માર્ગ છેલ્લીવારે એક દેશદ્રોહીએ (દગલબાજે) તેમને દેખાડયો, જેથી ઇરાની લોકના લશ્કરની પસંદ કીધેલી ખાસ ટુકડી યુનાની લોકની હરોલપર ચઢી આવી. લિયોનિદાસે સઘળું ધૂળ મળેલું જોઈને પોતાના મિત્રોને વિદાય કર્યા, ને સ્પાર્ટાના વતનીઓને માત્ર રહેવા દીધા, અને દરેક માણસ કપાઇ મુવું ત્યાં સુધી તે લડયો. તે પુરાતન કાળથી જે સઘળી પ્રજાઓમાં એને વિશે જેઓએ સાંભળ્યું છે તેઓમાં આ જવાંમર્દી લડાઈનાં વખાણ ગવાયાંછે. મુએલાં માણસોના હાડકાં ઉપર (જ્યાં હાડકાં દાટયાં હતાં તે જગા ઉપર) એક શિલાલેખ કરીને એક પુસ્તો (કીર્તિસ્થંભ) બાંધવામાં આવ્યો હતો જેનો અર્થ આ પ્રમાણે થઇ શકેછેઃ—

"હે પરદેશી! સ્પાર્ટાને કહે કે તારા પુત્રો (રેહેવાસીઓ) અહિંયાં પડેલાછે; તારો એવોજ કાયદો હતો—અને અમે તે કાયદાને શરણ થયા છીએ (તાબે થયા છૈયે)."

અંક ત્રીજો. Pericles પેરિકિલઝ.

પેરિકલીઝ પોતાના વખતમાં આથન્સ શેહેરમાં સૌથી મોહોટો રાજદરબારી પુરૂષ હતો. રાજકારભાર ચલાવવામાં તે ચાલીશ વરસ સુધી ઉપરી હતો. તેના વખતના સઘળા માણસો કરતાં સુભાષિત ભાષણ કરવામાં તે સૌથી ચઢિયાતો હતો. એક યુ

નાની કવિ એને વિશે એવું કહી ગયો છે કે, તેના ભાષણો (મેહેનત લઈને રચેલાં વાક્યચાતુર્યવાળાં ભાષણો) કરતી વખતે "તેના મ્હોં ઉપર જાણે વિજળી ઝબકી રેહેતી અને જાણે વરસાદ ગાજતો હોય તેવા કડાકા ભડાકા થઇ રેહેતા, અને તેથી આખું ગ્રીસ થથરી જતું." વિદ્યા તથા ઊંચા પ્રકારની કળાને તેણે ઘણું ઉત્તેજન આપ્યું. ઈ. સ. પૂર્વે. ૪૨૯ માં આથંન્સ શેહેરમાં જ્યારે ભારે મરકી ચાલી હતી તેવામાં તે મરણ પામ્યો, ત્યારે તે પોતાને વિશે એમ બોલ્યો હતો કે "મારે વાસ્તે કોઈ પણ આથંન્સના માણસે શોક પાળવો નહિ (કોઈ પણ આથંન્સ શેહેરના વતનીએ શોકનાં કપડાં પેહેરવાં નહિ.)" એ એની સર્વથી મોટી કીર્તિ હતી, એવું લોકો કહેછે.

અંક ચોથો. Socrates સૉક્રેટીઝ.

પેરિક્લિઝના વખતમાં સૉક્રેટીઝ એક ડાહ્યો આથંન્સ.નો વતની થઈ ગયો છે, જેણે જુવાન માણસોની સાથે સંભાષણ કરવામાં અને સદ્દાચરણ તથા સાચવટ વિષે ભક્તિ હોવી (એમ) તેમને ઉપદેશ આપવામાં પોતાનો જન્મારો ગાળ્યો. (જીંદગી ગુજારી.)

એક દિવસે ઍથંન્સ શેહેરમાં એક માણસ આવી પોંહેચ્યો, જેણે ઉઘાડે છોક પડીને કહ્યું કે હું કોઈ પણ માણસનો તેનો ચેહેરો જોઇને તેની ચાલચલણ વિશે કહેવાને સમર્થ (શક્તિવાન) છું. તેની ચતુરાઈ અજમાવી જોવાને (તેનું પારખું જોવાને,) જે જુવાન માણસો સૉક્રેટીઝના ચેલા હતા (સૉક્રેટીઝના કહ્યા પ્રમાણે ચાલતા) અને જેઓ તેનો ઉપદેશ કાને ધ

રેતા હતા તેઓએ તે માણસને બોલાવ્યો, અને સાક્રેટીઝ તરફ આંગળી દેખાડીને, કહ્યું કે, " આ ઘરડા માણસની ચાલચલણ કેવી છે તે અમને કહો. "

આ વખતે સૉક્રેટીઝ કદરૂપો (દેખાતો) હતો, અને તે માણસે તેની સામું જોઇને, જવાબ દીધો કે, " આ ડોસો (ઘરડો માણસ) દુરાચારી અને નરસા સ્વભાવનોછે." આથી (આ સાંભળીને) જુવાનીઆઓ હસ્યા; કારણકે તેઓને પોતાના ગુરૂની પરોપકારબુદ્ધિ તથા સદાચરણ વિષે માહિતી હતી. પણ સૉક્રેટીઝે મ્હોં મલકાવીને (હસીને) કહ્યું કે "આ માણસ ભૂલ કરતો નથી (ખોટું કેહેતો નથી); " "જન્મથી મારા મનનું વળણ દુરાચરણ તરફ હતું; પરંતુ લાંબા વખતના મ્હાવરાથી (લાંબી મુદતની ટેવથી) મેં મારા નઠારા મનોવિકારને વશ કર્યાછે."

ત્યાર પછી ધર્મનિંદાના તોહોમતને માટે સૉક્રેટીઝની તપાસ ચલાવીને તેને મારી નાંખ્યો. કારણકે તેના ચેલા (વિદ્યાર્થીઓ) ને ઉપદેશ આપતી વખતે તેણે સાધારણ લોકોના નકામા વેહેમોને હશી કાહાડયા હતા. પોતાના મિત્રો, જેમને, જીવ અમરછે, તથા સારા માણસો મરણ પછી સુખીછે એવું શિખવીને દિલાસો આપતો હતો, તેઓ વચ્ચે વિષ (ઝેર) પીને ઘણા ઠંડા મિજાજથી તે મરણ પામ્યો.

અંક પાંચમો—PHOCION ફોશિઅન.

મહાન સિકંદર બાદશાહના વખતમાં ફોશિયન એક શૂરો ઍથંન્સ શેહેરનો સેનાપતિ થઇ ગયો. ઍથંન્સ શેહેરના સઘળા લોકો તેના મહાત્મપણાને તથા પ્રમાણિકપણાને

માટે એટલું બધું સન્માન આપતા હતા કે તેને તેઓએ ધ ગુડ (સદાચારી) નું ઊપનામ આપ્યું. ઍથંન્સના લોકોને જીતીને શર કરી લેવાના ઈરાદાથી, સિકંદર બાદશાહે તેને પોતાની પક્ષમાં ખેંચી લેવાની ઈચ્છા કીધી, અને તે મતલબથી, તેણે દ્રવ્ય (દોલત) તથા એશિઆખંડના ચાર શેહેરમાંથી જે પસંદ પડે તે તેને આપવા માંડયાં. પણ ફોશિઅનની ઈમાનદારી ચળી નહીં. તેણે ઉત્તર દીધો કે, " જોસિકંદર બાદશાહ ખરેખરજ મારાં વખાણ કરતો હોયતો તેને મારૂં પ્રમાણિકપણું રહેવા દેવું."

Lesson IX (the ninth) પાઠ નવમો.

Industry. ઉદ્યોગ વિશે.

(જૂઓ) નાની ઉદ્યોગી મધમાખ દરેક (ઉન્હાળાના) તડકાવાળા કલાકનો કેવો સારો ઊપયોગ કરેછે, તથા એકેક ખિલેલાં ફૂલમાંથી આખો દહાડો મધ કેવું એકઠું કરેછે? ૧

કેવી ચતુરાઈથી-તે પોતાના મધપુડાના ષટ્ કોણાકૃતિ ઝીણાં ખાનાં બાંધેછે, કેવી સફાઇથી તે મીણ પાથરેછે; અને જે મીઠો ખોરાક (મધ) તે બનાવેછે તેને તેમાં સારી રીતે ભરી મૂકવાને સારૂ તે કેવી સખ્ત મેહેનત કરે છે? ૨

મેહેનતના અથવા ચતુરાઇના કામમાં ઉદ્યોગી થવાને હું પણ ચાહુંછું; કારણકે આળસુ માણસોને વારંવાર કંઇ પણ નુકશાન કરવાને હમેશાં મળી આવશે. ૩

Lesson X (the tenth) પાઠ ૧૦ મો

GALILEO.—ગૅલિલીયો.

ગૅલિલીયો ઇટાલી દેશનો એક ગ્રહસ્થ ઈ. સ. ૧૫૬૪માં જનમ્યો હતો. તેણે એવી સફળતા (ફતેહમંદી) થી ગણિતશાસ્ત્રનો અભ્યાસ કીધો કે ૨૪ વર્ષની ઊમ્મરે તે પિસાની પાઠશાળાનો શિક્ષાગુરૂ નિમાયો. તે વખતે યૂરોપના વિદ્વાન પુરૂષો હિંદુસ્તાનના શાસ્ત્રીઓ જેવા હતા. તેઓની નિશાળોમાં જે શિખવાતું હતું તે શિવાય (બીજા) કોઈ જ્ઞાનની તેઓ દરકાર રાખતા નહોતા; અને જો કે તેઓ હમેશાં પુસ્તકો વાંચતા હતા તોપણ તેઓ લક્ષપૂર્વક અવલોકન અને પ્રયોગથી સૃષ્ટિ નિયમો શોધી કાહાડવાની કદી મેહેનત કરતા નહીં. એથી ઉલટું (બીજા હાથપર) ગૅલિલીયો પોતે સિદ્ધ પદાર્થ વિજ્ઞાન (કુદરતીશાસ્ત્ર) નો તેમાં મુખ્યત્વે કરીને ખગોળ વિદ્યાનો અભ્યાસ કરવા મંડયો. પોતાને વાસ્તે તેણે એક દુર્બીન બનાવી, જેથી તેણે ચંદ્રમા અને ગ્રહો લક્ષ દઇને જોયાં, અને અગત્યની ઘણી શોધો કીધી. વિદ્વાન પુરૂષોએ પોતાના પવિત્ર પુસ્તકોના આધાર ઊપરથી કહ્યું કે પૃથ્વિ સ્થિરછે, પણ ગૅલિલીયોએ તેઓને કહ્યું કે તે સૂર્યની આસપાસ ફરેછે. આથી તેઓ ઘણા કોપાયમાન થયા, અને ગૅલિલીયો ધર્મના પુસ્તકોમાં જે કંઈ લખેલુંછે તેથી ઉલટું બોલેછે તેથી એ પાપીષ્ટ, નાસ્તિક માણસછે એવું તેઓએ પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું.

બેવાર જુલમથી તેઓએ તેનું મન ફેરવ્યું (તેઓ તેનાપર બેવાર ફાવ્યા) અને તેના નવા વિચારો શિખવવાનું છોડી દેવાની તેને ફરજ પાડી. કહેછે કે લોકો સામા ઘૂટણીએ

પડીને વચન આપવાની તેને ફરજ પડી કે હું મુંગો રહીશ. તો પણ ઊઠતી વખતે તેણે પોતાનો પગ અફાળ્યો (પછાડયો), અને અધિરાઇથી બોલ્યો કે "પણ આ સઘળું છતાં પૃથ્વિ તો ફરેછે જ." પણ માણસની મૂર્ખાઇ ઇશ્વરના સત્ય સાંમે અમથી માથા કુટ કરેછે. ૧૬૪૨માં જે વર્ષમાં ગૅલિલીયો મરણ પામ્યો તેજ વર્ષમાં સર ઐસાક ન્યૂટન જનમ્યો હતો, જેણે આખા સૃષ્ટિમંડળનો પૂર્ણ રીતે અર્થ સમજાવ્યો.

હવે યૂરોપનો એકેક (દરેક) નિશાળીઓ જાણે છે કે ગૅલિલીયોનું (કહેવું) ખરૂં હતું અને તેના શત્રુઓનું ખોટું હતું. જેમ એક કવિ કહેછે કેઃ—

"પરમેશ્વરે કહ્યું કે, ન્યૂટનને જન્મ પામવાદો, અને સઘળે જ્ઞાનરૂપી પ્રકાશ થશે."

Lesson XI (the eleventh) પાઠ ૧૧ મો.

THE STORY OF THE FLIES AND THE ANTS.

માખીઓ અને કીડીઓની વાત.

એક ખેડુતની વાડીના ખુણામાં, એક વેળા કીડીઓનું દર હતું, જેઓ, આખા ઉન્હાળામાં પોતાના દરમાં અનાજના કણ તથા બીયાં ઘસડી લઈ જવામાં કામમાં ગુંથાઇ હતી. તેમની કને પુષ્પો (ફુલો) નો એક કયારો હતો, જેનાપર સંખ્યાબંધ માખીઓ હમેશાં મઝા મારતી હતી, ધૂંજતી હતી અને તેઓનું મનરંજન કરતી હતી. તે ગણોતિયા (ખેડુત) નો દીકરો ઘણી ખરી વાર આ જીવજંતુઓ જોતો; અને તે છેક નાદાન અને અજ્ઞાન હોવાને લીધે એક દિવસ તે આ પ્રમાણે પોતે બોલ્યોઃ—'શું

કોઈ પણ પ્રાણી આ કીડીઓના જેવું આવું મૂર્ખ હશે ? આ માખીઓ જેઓ દુનિયામાં સૌથી સુખી પ્રાણીઓ છે તેઓની પેઠે પોતાનું મન રંજન કરવા તથા રમણિય દહાડા ભોગવવાને બદલે તેઓ આખો દિવસ ઉદ્યમ અને મેહેનત કર્યા કરેછે. તેણે આ લક્ષપૂર્વક તપાસ કીધા પછી થોડે વખતે, કડકડતી ટાઢ પડવા લાગી (હવા અતિશય ઠંડી થઈ) સૂર્યનો પ્રકાશ ભાગ્યેજ દેખાતો (સૂર્ય વાદળથી ઢંકાઇ ગયેલો રહેતો) તથા રાત્રે ટાઢ અને ઝાકળ પડતી. પોતાના બાપની સાથે બગીચા (વાડી) માં ફરતાં તેજ નાના છોકરાની નજરે એકે કીડી પડી નહીં, પણ સઘળી માખીઓ જમીન ઉપર કાંતો મરી ગયેલી કે મરી જતી પડેલીઓ હતી. તે ઘણો સારા સ્વભાવનો હતો તેથી, તેને દયા ઉપજ્યા વગર રહીજ નહીં, અને આ જગામાં જે કીડીઓને જોવાની તેને ટેવ હતી તે કીડીઓનું શું થયું તે તેણે તેજ ઘડિએ પૂછ્યું. તેના બાપે કહ્યું કે, માખીઓ સઘળી મરી ગઇ છે, કારણકે તેઓ પ્રમાદી (કાળજી વગરનાં) જીવજંતુઓ હતાં, જેઓએ ખોરાક ભરી રાખવામાં જરાએ પોતાનું હાડકું મોડયું નથી (જેણે કંઇએ મેહેનત કીધી નથી) તથા કામ કરવાને ઘણીજ આળસુ હતી; પણ જે કીડીઓ શિયાળો ન નડે એવી સામગ્રી પૂરી પાડવામાં આખો ઉન્હાળો ઉદ્યોગી રહી હતી, તે કીડીઓ તમામ જીવતી અને સારી પેઠે છે; અને ઉન્હાળો બેસતાં વારને જ તું તેમને ફરીથી જોશે.

ટી. ડે.

Lesson XII (the twelveth) પાઠ ૧૨ મો.

(FABLE) THE BELLY AND THE MEMBERS.

પેટ અને અવયવો. (જોડી કાઢેલી વાર્ત્તા).

રોમ (શેહેર) ના લોકો ઉમરાવોના જૂલમથી ક્રોધાયમાન (ખૂસ્સે) થઈને, રોમ શેહેરથી આસરે બે માઈલપર (દોઢ ગાઉ ઉપર) એક નવું શેહેર વસાવવાને તથા જુનું શેહેર અમીરો તથા તેમના આશ્રિતોને છોડી જવાને મનમાં નક્કી કીધું. પણ પોતાના ઉત્તમ ખેતી કરનારા તથા શૂરા સિપાઈઓથી જૂદા પડવાને અમીરો રાજી નહોતા, અને સંસર્ગ છોડી જનારાને પાછા આવવાને સમજાવવા સારૂ ઉપરાઉપરી એલચીના પ્રતિનિધિઓ (સંધેસા) મોકલ્યા. એમ છતાં, તેઓએ સઘળા વચનો (સઘળી કબુલાતો) કાને ધર્યા નહી, કારણકે તેઓ ઘણીવાર ઠગાયા હતા. છેવટે લોકપ્રિય ચાલનો (મેનેનિયસ ઍગ્રીપા નામનો) એક ઘરડો અમીર આગળ પડીને પેટ અને અવયવોની પ્રસિદ્ધ જોડી કાઢેલી વાર્તા લોકોને કહી સંભળાવીઃ—

"તેણે કહ્યું કે," બાકીના સઘળા (અવયવો)ની પાસે મેહેનત કરાવીને, અને જે તેઓ સઘળું પુરૂં પાડવાને મદદ કરેછે તેના બદલામાં પાછું કાંઈ પણ આપ્યા વગર, સઘળું ખાઇ જવાને વાસ્તે શરીરના બીજા સઘળા અવયવો એક સમય પેટની સાંમે બડબડ કરવા લાગ્યા, તેથી તેઓ સઘળાઓએ કામ કરતા બંધ થવા સારૂ સમ્મતિ આપી (એકમત થયા) તથા હવે પછી આળસુ પેટની ચાકરી કરવાની ના પાડી. પગે તેને અહીં તહીં લઈ જવાની ના પાડી; તેને માટે મોંહોમાં કાંઈ પણ ખોરાક નહિં મૂકવાને હાથે નિશ્ચય કીધો (મનસાથે નક્કી કીધું);

તેને માટે નાકે સુંઘવાની ના પાડી; અને આંખે તેની ચાકરી સારૂ કાંઇ પણ તપાસ રાખવાની ના પાડી; અને કાનોએ ખુલ્લી રીતે કહ્યું કે અમો ભોજન સમયસૂચક ઘંટ સાંભળીશું નહીં; અને બાકીનાઓએ પણ તેમજ કીધું. પણ થોડોક વખત પેટ ખાલી રેહેવા પછી, સઘળા અવયવો દુઃખ ભોગવવા લાગ્યા. પગ તથા હાથ નબળા પડી ગયા, આંખે ઝાંપ વળવા લાગી (આંખોનું તેજ ઘટયું), અને આખું અંગ લબડી ગયેલું તથા લોથપોથ થઇ ગયેલું થયું.

'પેટ કહ્યું', "'અરે, મુરખ અવયવો, હવે તમે જૂઓ કે જે કાંઇ તમે મને પુરૂં પાડતા હતા તે ખરેખર (જોતાં) તમનેજ પુરૂં પાડવામાં આવતું હતું. જે ખોરાક મારામાં મુકવામાં આવતો તે હું મારે માટે ખાઇ જતું નહીં, પણ તેને પચાવીને રૂધીર (લોહી) બનાવવાને વાસ્તે તૈયાર કરતું, જે લોહી જૂદી જૂદી જાતની ધમનીઓ (નસો) મારફતે તમારા દરેકના પોષણ તરીકે મોકલવામાં આવતું હતું. જો મને અન્ન પૂરૂં પાડવામાં (ખવડાવવાને) તમે ગુંથાઓછો તો, તેના બદલામાં મારાથીજ જે લોહીની નસો તમને પુષ્ટિ આપેછે તે (નસો)નું પોષણ થાયછે.

આ જોડી કાઢેલી વાતનો સાર ખુલ્લોછે. લોકોએ તેને તરતજ અમીરો અને પોતાનાપર લાગુ પાડી; અને તેઓના આગેવાનોએ ઉમરાવોના કાસદોને સલાહના કોલકરારો કર્યાં.

Lesson XIII (the thirteenth) પાઠ ૧૩મો.

LEGISLATORS.—કાયદા બાંધનારાઓ.

જંગલી માણસો શિવાય, સઘળા માણસો ઉપર કાયદાથી રાજ્ય ચલાવવામાં આવે છે. દરેક પ્રજાને પોતાના કાયદા હોય

છે, જેથી તેઓના ઉપર રાજ્ય ચલાવાય છે. જો (કોઇ પણ) દેશના કાયદા વાજબી તથા ડહાપણ ભરેલા હોય તો લોકો સુખી થાય, અને જો કાયદા ગેરવાજબી હોય તો તેઓ (લોકો) દુઃખી થાય (અસંતોષી થશે). આ કારણને માટે સારા કાયદા બાંધનારાઓ માણસોમાં માન પામે છે, અને તેઓની કીર્તિ તેઓના મરણ પછી રહી જાય છે. કેમકે હરકોઈ પ્રજાને વાસ્તે જે સારા કાયદા બાંધે છે તે જેઓ તે વેળા જીવતા હોય છે તેઓનેજ (માત્ર ફાયદો કરેછે એટલુંજ નહિં) પણ પાછળથી થનારી પ્રજાને પણ (ફાયદો) કરેછે.

હિંદુલોકો માનેછે કે તેઓના અસલી કાયદા મનુ નામના એક રૂષિએ (જ્ઞાનીપુરૂષે) બાંધ્યા હતા. પારસી લોકો (પેગંબર) જરતોસ્તના કાયદાને માનેછે. સઘળા કાયદા બાંધનારાઓના કરતાં ચીના લોકો કનફ્યુશિયસને અધિક માન આપેછે. હિબ્રુ લોકો (જ્યુ અથવા યાહુધી લોકો) મોઝિઝ (મુસા પેગંબર) ના કાયદા પ્રમાણે ચાલેછે જેને ખ્રિસ્તિ લોકો પણ માન આપેછે. આ સઘળા કાયદા બાંધનારાઓ હજારો વર્ષો પેહેલાં થઇ ગયા, પણ તેઓના સંવતો (સનો) ચોક્સ જાણવામાં આવ્યા નથી.

ઈશુ ખ્રિસ્તની પૂર્વે આશરે ૪૫૦-વર્ષો ઉપર આપેલા બાર મેજપર કોતરેલા કાયદાને અનુસરીને પુરાતન રોમન લોકો ચાલતા હતા. સોવસા (ઘણું કરીને) એક હજાર વર્ષ પછી જસ્તિનિયન શેહેનશાહે પોતાનું પ્રખ્યાત કાયદાનું પુસ્તક પ્રસિદ્ધ કીધું, જે સઘળી સુધરેલી પ્રજાઓમાં હજુ સુધી માન પામેછે.

સ્પાર્ટાનો મોટો કાયદા બાંધનાર લાઇકરગસ હતો,

અને તેના નિષ્ઠુર (સખ્ત) કાયદા ઘણા સેંકડા સુધી માનવામાં આવ્યા હતા. તેની ઇચ્છા પોતાના લોકોને બહાદુર યોદ્ધાઓ બનાવવાની હતી, અને તેણે વિદ્યા અથવા ઉંચા પ્રકારની કળાઓની કાંઈ પણ દરકાર રાખી નહીં.

સોલંન, જેણે ઍથન્સ શેહેરના લોકો સારૂ મુખ્ય કાયદા બાંધ્યા, તે પોતાના ડાહાપણને માટે પંકાયો હતો. યુનાન દેશના (ગ્રીસ દેશના) સાત ડાહ્યા માણસો (જ્ઞાની પુરૂષો) કે હેવાતા તેમાં એ પણ એક ડાહ્યો માણસ હતો.

મુસલમાન લોકોના કાયદા બાંધનાર અને ધર્મનો બોધ કરનાર મહમદ, એક આરબ મક્કાંમાં જનમ્યો હતો. ઇ. સ. ૬૩૨ માં તે મરણ પામ્યો, અને જે ચોપડીમાં તેની આજ્ઞાઓ (ફરમાનો) છે તેને કોરાન કહેછે.

ઈસવી સનના નવમા સૈકામાં, ફ્રૅન્ક લોકાનો રાજા, તથા પશ્ચિમના શેહેનશાહ શાર્લમેને પશ્ચિમ યૂરોપને માટે ડહાપણભરેલા કાયદા બાંધ્યા, અને પશ્ચિમ સેક્ષનોના રાજા ઍાલફ્રેડે ઈંગ્લાંડને માટે તેમજ કીધું.

અર્વાચીન કાળમાં ફ્રાન્સના શેહેનશાહ પેહેલા નેપોલિયને કાયદાનું પુસ્તક પ્રસિદ્ધ કીધું, જે કાયદાને ફ્રેંન્ચ લોકો ઘણી ભારે કિમ્મતના ગણેછે. દુનિયામાં સહુથી મોટી કાયદાબાંધનારી મંડળી વિલાયતની કાયદા બાંધનારી સભા છે “(ઈંગ્લિશ પારલિયામેંન્ટછે). ”

Lesson XIV (the fourteenth) પાઠ ૧૪ મો.

THE FORCE OF HABIT. (A STORY).

આદતનું પ્રાબલ્ય. (એક વાત).

ચીન દેશની ગાદી (તખ્ત) પર બેસતા પવિત્ર શિન્વંગે, હુકમ કીધો કે પાછળના ગયલા રાજ્યમાં જે સઘળાઓને ગેરવાજબી રીતે બંધિખાનામાં રાખવામાં આવ્યા હતા તેઓને છોડી મૂકવા જોઈએ. આ પ્રસંગે પોતાના છોડવનારનો આભાર માનવાને જે લોકોની સંખ્યા આવી હતી તેમાં એક પ્રતાપી (ગંભીર દેખાવનો) ઘરડો માણસ સામો ઉભો રહ્યો, અને તે શેહેનશાહને પગે પડીને નીચે પ્રમાણે બોલ્યોઃ—

"હે ચિનદેશના મહાપાળક (પિતા), એક કંગાળ કે જેને બાવીસ વર્ષની ઊમરમાં અંધારી કોટડીમાં (ભોંયમાં બનાવેલા ઘોર અંધારા કેદખાનામાં) ગોંધ્યો હતો (પૂરી મુકયો હતો) જે હમણા પંચાસી (૮૫) વર્ષની ઊમરનો થયોછે તે ભણી ધારી ધારીને જો. મારા તોહોમત મૂકનારાઓ આગળ રૂબરૂ કર્યા વગર અથવા નિરપરાધી છતાં મને કેદ કર્યો હતો. સાઠ વર્ષો કરતાં વધારે વર્ષ સુધી એકાંતવાસ અને અંધકારમાં હું હમણાં રહેલોછું, અને મને દુઃખનો સહવાસ પડયોછે (મને દુઃખ જણાતું નથી). જે સૂરજના ઝગઝગાટ તેજ આગળ તમે મને પાછો આણ્યોછે, તેના તેજથી અદ્યાપિ (હજુસુધી) ઝંખવાઇ જઇને, હું રસ્તાઓમાં (મોહોલ્લાઓમાં) કોઇ પણ મિત્ર મને જે મદદ કરે, અથવા મને દુઃખમાંથી છોડવે અથવા મને સંભારે તેને ખોળી કાઢવાને ભટકયા કરૂંછું; પણ મારા ભાઈબંધુઓ, મારો કબિલો, તથા મારા સગાંવહાલાં, સઘળા મરી ગયાછે, અ

ને મને વિસારી મૂકેલોછે. અરે શિન્વંગ, ત્યારે મને મારા આગલા બંધિખાનામાં ઝિંદગાનીના બાકી રહેલા દુઃખના દિવસો કાઢવાની (ગાળવાની) રજા આપ, સહુથી સુશોભિત મેહેલના કરતાં મને મારી ઘોર અંધારી કેદખાનાની ભીંતો અધિક આનંદકારીછે (ઘણી પસંદછે). મારે ઝાઝા દિવસ જીવવું નથી, જે બંધિખાનું કે જ્યાંથી તમે મને દુઃખમાંથી છોડવવાની મેહેરબાની કીધી હતી તે બંધિખાનામાં કે જ્યાં મારી ભરજુવાની ગાળી (ગુજારી) હતી ત્યાં મારા બાકીના દહાડા જો નહીં કાઢું તો હું દુઃખી થઈશ.

(ઑલિવર) ગોલ્ડસ્મિથ.

Lesson XV (the fifteenth) પાઠ ૧૫ મો.

THE PRODIGAL SON.

ઉડાઉ દીકરો.

કોઈએક માણસને બે દિકરા હતાઃ તેમાંથી (વધારે) નાના દિકરાએ પોતાના બાપને કહ્યું, "પિતાજી, મારે ભાગે માલ મીલકતનો જે હિસ્સો આવે તે મને આપો." અને તેણે પોતાની માલમિલક્ત (પુંજી) તેમને વેંહેંચી આપી. અને ઘણા દહાડા નહીં વિત્યા કેડે (પછી) નાનો દીકરો તમામ (પુંજી) સામટી ભેગી કરીને ઘણે દુર દેશ મુસાફરીએ ગયો, અને ત્યાં મોજશોખમાં દહાડા કાઢીને પોતાનો પૈસોટકો ઉડાવી દીધો. અને જ્યારે તે સઘળું ખોઇ બેઠો ત્યારે તે દેશમાં ભારે દુકાળ પડયો; અને તે ભૂખે મરવા લાગ્યો. અને તે જઇને તે દેશના શેહેરીની સાથે પોતે ભળી ગયો; અને તેણે તેને પોતાના ખેતરોમાં ડુક્કરો ચરાવવાને મોકલ્યો.

અને જે ભૂસું ડુક્કરો ખાતા હતા તે વતી તેણે પોતાનું પેટ (ઊદર) ખુશીથી ભર્યું હોત; પણ કોઇએ તેને આપ્યું નહીં.

અને જ્યારે તેને ભાન આવ્યું ત્યારે તેણે કહ્યું કે, "મારા બાપના ઘરના પગાર આપીને રાખેલા કેટલાં બધાં ચાકરોની પાસે જોઈએ તે કરતાં વધારે ખાવાને તથા બચાવવાને છે અને હું તો ભૂખે મરૂંછું (અથવા મારા તો ભૂખથી પ્રાણ સુકાયછે) !

હું ઉઠીશ અને બાપ કને જઇને તેને કહીશકે: 'પિતાજી, મેં તમારી સમક્ષ તથા પરમેશ્વરની સન્મુખ અપરાધ કીધોછે, અને તારો દીકરો કેહેવડાવવાને હું વધારે પાત્ર (લાયક) નથી: તેથી તારા પગાર આપીને રાખેલા નોકરોમાંનો એક નોકર તરીકે મને રાખ'."

અને તે ઊઠીને તેના બાપ કને આવ્યો. પણ હજુ તો તે ઘણો દૂર હતો એટલામાં, તેના બાપે તેને દીઠો, એટલે બાપને દયા ઉપજી, તેથી ઉતાવળો ચાલીને તેની કોટે બાઝી પડયો, અને તેને બચ્ચી કીધી (ચુંબન કીધું).

અને (એટલે) દીકરાએ તેને કહ્યું: "પિતાજી મેં પરમેશ્વની સાંમે તથા તારી સમક્ષ (આંખ આગળ) મેં અપરાધ કીધોછે, અને તારો દીકરો કેહેવરાવવાને હું વધારે પાત્ર નથી."

પણ બાપે તેના ખિજમતદારોને કહ્યું કે: "સહુથી સારો જભ્ભો (જામો) કાઢી લાવીને તેને પેહેરાવો; અને તેને હાથે વીંટી ને પગમાં જોડા (પગરખાં) પેહેરાવો (ઘાલો) અને પુષ્ટ (માતેલા) વાછરડાને અહીંઆં લાવીને તેને (જીવથી) મારી નાંખો; અને ચાલો આપણે ખાઈ પીને ચેનબાજી ઊડાવીએ (મોજમઝા મારીએ): કારણકે આને માટે મારો દીકરો મ

રી ગયો હતો, અને પાછો સજીવન થયોછે; તે ખોવાઇ ગયો હ
તો અને તે મળી આવ્યોછે.

અને તેઓ ચેનબાજી કરવા લાગ્યા.

ન્યૂટેસ્ટેમેંન્ટ. (ઇનજીલ)

Lesson XVI (the sixteenth) પાઠ ૧૬ મો.

NAPOLEON નેપોલિયન.

નેપોલિયન બોનાપાર્ટ ૧૭૬૯ માં કૉર્સિકાના ટાપુમાં જ ન્મ્યો હતો, અને ૧૭૮૫ માં ફ્રેંન્ચ લોકોની ચાકરીમાં તોપખાનાના અમલદાર તરીકે દાખલ થયો. ફ્રેંન્ચ લોકોનો રાજા સોળમો લુઈ હતો, જેને પછી થોડી મુદતમાં બળવાખોરોએ શિરચ્છેદ કર્યો હતો (માથું ઉડાવી દીધું હતું). આખા દેશમાં તે વખતે જોરજૂલમ અને ત્રાસ ચાલી રહ્યો હતો.

૧૭૯૫ માં નેપોલિયન પારિસમાં તોપખાનાની ફોજની સરદારી ઊપર હતો. સહુથી નીચા લોકો શિવાય, દરેક જણ ગેરબંદોબસ્તથી કંટાળી જઇને સ્થાયી (સમાધાનીવાળા) રાજ્યને (આતુરતાથી) ઈચ્છતું હતું (અથવા દરેક જણ સ્થાઈ રાજ્યને સારૂ મ્હોં વકાસીને બેસી રહ્યું હતું). નેપોલિયને રાજ્યની મોટી મંડળીનો બચાવ કીધો, અને ફીતુરીલોકો જેઓ આ વખતે શેહેર ઉપર રાજ ચલાવતા હતા તેઓ ઊપર પોતાની તોપોનો મારો ચલાવ્યો. ત્યાર પછી ફ્રાન્સમાં બંદોબસ્ત અને સુખ પાછાં થવા માંડયાં, પણ ઘણું કરીને યૂરોપના બિજાં સઘળાં રાજયો, તેના (ફ્રાન્સના) વેરી હતા.

જે લશ્કર ઈટાલી દેશમાં ઑસ્ટ્રિઆના લોકોની સાંમે મોક

લવામાં આવ્યું હતું તેનો સરદાર નેપોલિયનને બનાવ્યો. તેની ચતુરાઈભરેલી સરદારી નીચે ફ્રેન્ચ લોકોએ સઘળે ઠેકાણે પોતાના શત્રુઓને માર માર્યો, તેથી બોનાપાર્ટ સેનાપતિની કીર્તિ યુરોપમાં ફેલાઈ ગઈ.

૧૭૯૮ માં ઈજીપ્ત (મિસરદેશ) જીતવાને એક અરમાર (વહાણનો કાફલો) તથા ચાલીસ હજાર (૪૦૦૦૦) માણસો સહિત તે નિકળ્યો, પણ અહિયાં અંગ્રેજો તેની સાંમે થયા જેઓને તે જીતી શક્યો નહીં. તેણે દરિઆ તથા જમીન એ બેઉ ઉપર માર ખાધો અને તેનું બહાદૂર લશ્કર ઘણું ખરૂં નાશ પામ્યુ. એકાએક તે પારીસ પાછો આવ્યો, અને ૧૭૯૯ માં ' ફર્સ્ટ કૉન્સલ ' (સર્વોપરી અધિકારી) નો ખેતાબ ધારણ કરી પોતે રાજ્યનો મુખ્ય અધિકારી થઇને રાજ્યમાં ફેરફાર કીધો. બિજે વર્ષે ફરીથી ઇટાલીમાં લશ્કર લઇ ગયો અને ઑસ્ટ્રિઆના લોકોને હાંકી કાહાડયા. ૧૮૦૪ માં નેપોલિયનને શેહેનશાહનો રાજ્યઅભિષેક થયો અને તેણે યુરોપ જીતવાની ગોઠવણ કરવા માંડી. ઈંગ્લાંડ ઉપર સ્વારી (ચઢાઈ) કરવા સરૂ ફ્રાન્સના કિનારા ઉપર બુલૉબંદર આગળ તેણે એક મોટું લશ્કર એકઠું કીધું. તેઓના તંબુઓ ખાડીને પેલે પારથી દેખાઇ શકાતા હતા. પણ અંગ્રેજો દરિઆના પાવરધા હતા. મહા (પુરૂષ) નેલસને ટ્રફાલગર આગળ ફ્રેન્ચ લોકોની અરમારનો નાશ કીધો. એ શેહેનશહની સાંમે રશિયા તથા ઑસ્ટ્રિયાએ કયારનો (પેહેલાંથી) એકસંપ કીધો હતો, અને તેમની સાંમે પોતાનું લશ્કર મોકલવાની તેને ફરજ પડી. તેની જીતો (ફતેહઓ) ભારે હતી. તેણે પોતાના સઘળા શત્રુઓને નરમઘેંસ કીધા (નરમ પાડયા અથવા અભિમાન ભાગ્યું). તેણે પોતાના એક ભાઈને નેપલ્સનો, બિ

જાને હૉલાંડનો, અને ત્રિજાને ઉવેસ્ટફેલિયાનો રાજાકર્યો. આ ફતેહુઓથી સંતોષ નહીં પામીને તેણે સ્પેનદેશના રાજાને રાજગાદી (તખ્ત) ત્યાગ કરવાની ફરજ પાડી અને સ્પેનદેશને ફ્રાન્સના શેહેનશાહી રાજ્ય સાથે જોડી દીધું. નામીચા ડયુક–ઑવં ઉવેલિંગટનની સરદારી હેઠળ અહિંથી ફરીથી અંગ્રેજો તેની સાંમે થયા અને આખરે ૧૮૧૩ માં એ દ્રીપકલ્પમાંથી ફ્રેન્ચ લોકોને હાંકી કાહાડયા. ૧૮૧૧માં નેપોલિયન જેનો રાજ્યલોભ કદી માતો નહીં હતો તેણે એક મોટું લશ્કર લઇને રશિયા ઉપર સ્વારીકીધી. શિયાળો બેસવા માંડતાંજ આખરે તે મોસ્કો (શેહેર) માં આવી પોંહોંચ્યો. લોકોએ એ શેહેર બાળી નાંખ્યું અને ફ્રેન્ચ લોકો આશ્રયસ્થાન વગરના હોવાથી પાછું હઠવું પડયું. તેઓનું દુઃખ કમકમાટભરેલું હતું. (તેઓનાં દુઃખો ભયાનક હતાં). કડકડતી ટાઢથી હજારોબંધ મરી ગયાં, અને જેવા તેઓ કુચ કરતા હતા તેવામાં રશિયાનકૉસેકસ (ઘોડેસ્વાર સિપાઇઓ) તેમની પૂઠે પડયા અને જેઓ ઓળ (હાર) છોડી (પાછળ)રહ્યા હતા તેઓ સઘળાઓને મારી નાંખ્યા. આ વખતથી નેપોલિયનની દશા ફરતી જણાઇ (બદલાતી માલમ પડી). તેણે ૩૫૦,૦૦૦ ત્રણ લાખ અને પચાસ હજાર માણસોનું નવુ લશ્કર ઉભું કીધું, પણ ૧૮૧૩ના અક્ટોબર માસની ૨૩મી તારીખે ઑસ્ટ્રિઆ, રૂશિયા, અને પ્રશિયાની સાંમે તેનો કેવળ પરાજય થયો (તેણે તદ્દન હાર ખાધી) અને તેના અરધા સિપાઈઓ માર્યા ગયા.

આવા ઐશ્વર્યવાળા શત્રુઓની સાંમે લડવાને અશક્ત હોવાથી રાજગાદી છોડીને એલ્બાના ટાપુમાં (જઈ) રહ્યો. ત્યાંથી ૧૮૧૫માં છાનોમાનો તે પાછો આવીને નવા રાજા અઢા

રમાં લુઈને ફ્રાન્સમાંથી કાહાડી મેલ્યો, અને ફરીથી સહાય કારીઓ (એકસંપી રાજ્યવાળાઓ) ની સાંમે લશ્કર લઈ ગયો. ૧૮મી જ્યુને બેલ્જીયમ માંહેલા વૉટરલુ આગલ તેને અંગ્રેજી લશ્કર મળ્યું. ડ્યુક-ઑવ-વેલિંગટનની સરાદારી-નિચે જે અંગ્રેજો હતા તેઓને (અંગ્રેજોને).રૂશિયાના લોકો મદદ કરવાને આવી પોંહોંચ્યા. ત્યાંસુધી તેઓએ દારૂણયુદ્ધ કીધું (ભારે લડાઈ લડયા). ત્યાર પછી ફ્રેન્ચ લોકોએ માર ખાધો અને પ્રસ્યાના લોકો રણ ભૂમિમાંથી બાકી રહેલા લશ્કર પછવાડે લાગ્યા. એક મહિના પછી નેપોલિયન પંડે અંગ્રેજોને શરણ થયો જેઓ વિષે તે એમ બોલતો હતો કે એઓ મારા સહુથી ઉદાર દીલના અને સહુથી નિરંતરના શત્રુઓછે. એને સેન્ટ હેલિનાના ટાપુમાં કેદ કીધો હતો જ્યાં તે ૧૮૨૧માં મરણ પામ્યો.

એ વિલક્ષણ બુદ્ધિનો માણસ હતો. પણ રાજ્ય લોભથીં ખોટે માર્ગે ભોળવાઈને તેણે મોટા ગુન્હા કીધા, તેમ તેની શિક્ષા પણ ભારે હતી.

Lesson XVII પાઠ ૧૭ મો.

THE GIANT AND THE DWARF. (A STORY).

દૈત્ય (રાક્ષસ) ને વામનજી. (એક વાત)

એક વખતને સમે એક દૈત્ય અને વામનજી દોસ્તદારો હતા; અને બંને એકઠા રેહેતા હતા. તેઓએ કોલકરાર કીધા કે આપણે એક બીજાને કદી છોડી દેવા નહીં, પણ સાહાસકામો શોધવા જવું. પેહેલી લડાઇ જે તેઓ લડયા તે બે આરબી મુસલમાનોની સાથે હતી; અને વામનજી જે ઘણો

છાતીવાળો હતો તેણે મલ્લમાંના એક મલ્લને સૌથી જબરો ઘા લગાડ્યો. તેથી તે આરબી મુસલમાનને તો માત્ર ઘણી થોડી ઈજા થઈ, જેણે પોતાની તલવાર ઉગામીને (ઉંચી કરીને) બિચારા વામનજીનો હાથ તદ્દન કાપીને જૂદો કીધો. હમણાં તે ભારે હેરાનગતીમાં હતો; પણ તે દૈત્ય તેની મદદે આવીને, બંન્ને આરબોને થોડા વખતમાં મેદાનમાં મારી નાંખ્યા (મુએલા છોડયા), અને તે વામનજીએ વેરના બદલામાં તે મુએલા માણસનું માથું કાપી નાંખ્યું. ત્યાર પછી તેઓએ બીજા સાહાસકામને માટે પ્રવાસ કીધો (મુસાફરી કરી).

આ (સાહસકામ) ત્રણ ક્રુર મનના કલ્પિત વનદેવતાઓ જેઓ દુઃખમાં આવી પડેલી કુંવારી જુવાન છોકરીને લઈ જતા હતા તેઓની સાંમે હતું. વામનજી અગાઉની પેઠે એટલો છેક ઝનુની (વિક્રાળ) નહોતો; એમ છતાં પણ પેહેલો ઘા તેણે લગાડ્યો તેના બદલામાં બીજાએ પાછો લગાડ્યો કે જેથી તેની આંખો ફુટી ગઈ; પણ તે દૈત્ય તરત તેઓની પાસે આવી પોંહોંચ્યો, અને જો તેઓ નાશી નહિં ગયા હોત તો નક્કી તેમના એકેક જણને ઝબે કર્યા હોત (મારી નાંખ્યા હોત).

આ વિજયને માટે તેઓ સંધા ઘણાજ ખુશી થયા, અને તે કુંવારી જુવાન છોકરી જે દુઃખમાંથી છુટી હતી તે પેલા દૈત્ય ઉપર મોહિત પડીને તેની સાથે પરણી. હવે તેઓએ છેક આઘો પ્રવાસ લીધો, એટલે દૂર કે મારાથી કહી શકાય નહિ કે આખરે તેઓને ચોરોની ટોળી મળી. દૈત્ય આ વખતે પેહેલવેહેલાં, સૌથી આગળ હતો; પણ તે વામનજી છેક પછવાડે નહોતો. તે લડાઈ જબરી તથા ઘણીવાર પોંહોંચે એવી હતી. જયાં જયાં દૈત્ય આવતો, ત્યાં ત્યાં સઘળા એની આગળ કપાઈ

મરતા; પણ તે વામનજીનો તો સોવસા એમાં મરો હતો. (અ થવા તે વામનજી ઘણુંકરીને એકવાર કરતાં વધારે વાર મરી જ ગયો હોત). આખરે તે બે સાહસકામ કરનારાઓની જીત થઈ (જણાઈ આવી); તોપણ વામનજી પોતાનો પગ ખોઈ બેઠો. વામનજીનો હમણાં એક હાથ, એક પગ, અને એક આંખ જતી રહી, અને દૈત્યનેતો કશુંએ વાગ્યું નહોતું (એક પણ ધા લાગ્યો નહોતો). આ ઉપરથી તેણે પોતાના નાનાં સોબતીને કહ્યું કે: " મારા નાના જવાંમર્દ (શૂરવિર) આ વખાણવાજોગ ખેલછે; ચાલો આપણે એક વિજય (ફ તેહ) વધારે મેળવીએ, અને પછી આપણું અનંતકાળ લ ગી નામ રેહેશે. " વામનજી, જે આ વખતથી વધારે ડાહ્યો થયો હતો તે બોલ્યો " ના, " " ના, " મારે કાંઈ સામેલ થ વું નથી (મારા કોલકરાર તોડુંછું; હું એમાં પડવાનો નથી). હું વધારે વાર લઢીશ નહિ. કારણકે દરેક લડાઈમાં મને માલ મ પડેછે કે સઘળું માન તથા ઇનામો તો તમને મળે છે, પણ સઘળા ઘા તો મારા ઉપર પડેછે.

Lesson XV111 પાઠ ૧૮ મો.

LOVE BETWEEN BROTHERS AND SISTERS.

ભાઈ બેહેન વચ્ચે હેત. (ભાંડુંઓ માંહે પ્રીતિ).

૧. મોહોલ્લામાં (શેરીમાં) ગમે તેવા કજીયા ખલલ પોંહોંચા ડે તોપણ ઘર કુટુંબમાં તો સલાહ શાંતિ રેહેવી જોઇએ; જે ઠેકાણે બેહેનો રેહેછે ને ભાઈઓ મળેછે, ત્યાં કજીયા કંકા સ હરગીજ (કદી) થવા ન જોઈએ.

૨. પક્ષીઓ પોતાના નાના માળામાં હળીમળીને (સંપસંપીને) રેહેછે; અને જ્યારે એક કુટુંબના બાળકો કજીયો કરે (બાળકો વચ્ચે અણબનાવ વિરોધ થાય), ધુસ્સે થઈને ઝગડે, અને મારા મારી કરે, એ શરમભરેલો દેખાવછે.

૩. હે પ્રભુ! અમારો છોકરવાદી ક્રોધાવેશ (છર-ઘણો ધૂસો) ક્ષમાકર; (અને) અમારા હલકા કજીયા (ટંટા) દૂર કર. (કલેશ કાપ-કાઢી નાંખ)! કે, જેમ જેમ અમે વધારે પુખ્ત ઉમ્મરના થતા જઈએ, તેમ તેમ અમારાં અંતઃકરણો (મનોવૃત્તિ) એક બીજા ઉપર તદ્દન પ્રીતિપાત્ર (વ્હાલાલાયક) થાય.

Lesson XIX. પાઠ ૧૯ મો.

JULIUS CÆSAR. જૂલ્યસ સીઝર.

જૂલ્યસ સીઝર નેપોલીયનની પેઠે વિજયી (જીતનાર) હતો, અને તેની માફકજ રાજ્ય લોભથી તેને મોહોટા ગુન્હા કરવાની બુદ્ધિ થઈ. ઇસવીસનની પેહેલાં ૧૦૦ ના વર્ષમાં તે જનમ્યો હતો. એનું કુટુંબ ઊંચા કુળનું હતું, અને તે રોમ શેહેરમાંના સહુથી નામાંકિત ઘરની દીકરી જોડે પરણ્યો હતો. છટાદાર ભાષણ કરનાર તરીકે તે જલદીથી પ્રખ્યાત થયો, અને રાજમાં મોટા ઓહ્દાઓ મેળવ્યા. તેણે પૈસાની મોટી રકમો ખરચી તથા લોકોને તમાશા દેખાડવામાં ભારે મોટાં કરજો કીધાં અને આ પ્રમાણે પોતે લોકોની પ્રીતિ મેળવી (એથી તે પોતે લોકપ્રિય થયો). પછી તે સ્પેનદેશનો હાકેમ થયો, જ્યાં ટુંકી મુદતમાં તેણે ઘણીજ દોલત એકઠી કીધી. ત્યાર પછી તે પાછો રોમશેહર આવ્યો, અને પોતાને તથા પૉમ્પીઅસ અને ક્રૅસસ નામના બિજા બે જણને રાજના મુખ્ય આધકારીઓ કરવાને લોકોને સમજાવ્યા.

ગૉલ જેને હાલ ફ્રાન્સ કેહેછે ત્યાંનો સિઝર હાકેમ થયો. કેટલાક ગૉલદેશના લોકોએ બળવો કીધો, જે તેણે ઘણીએક ખૂનરેજીની લડાઇ કીધા પછી સમાવ્યો (મટાડ્યો). વળી જંગલી લોકો જેઓ તે વખતે આલપ્સ પર્વતમાં તથા રાહીન નદીને કિનારે રેહેતા હતા તેઓને તેણે જીતી લીધા. બ્રિટનના લોકોએ બહાદુર અટકાવ કર્યો તે છતાં તેણે ડોવરની સામુદ્રધુની ઓળંગીને બ્રિટન ઊપર ચઢાઇ કરી. સીઝર "કૉમેનટરીઝ-ઑન ધ-ગૅલિક ઉવૉર" (એટલે ફ્રાન્સ દેશના યુદ્ધ વિષેની ટીકા) નામના પોતાના પુસ્તકમાં આ સઘળી લડાઈઓનું વર્ણન કરેછે.

સીઝરની કીર્તિની અદેખાઈ આવ્યાથી પૉમ્પીઅસે સીઝરને રોમ પાછો બોલાવી લેવાને રાજસભાને સમજાવ્યું. પણ જે સિપાઇઓ તેને ચાહતા હતા તેઓ સહિત તે ઇટાલીમાં પાછો આવ્યો, અને પોમ્પીઅસ બ્હીકથી ગ્રીસ દેશમાં જતો રહ્યો. સીઝરે રોમમાં આવીને રાજનો ખજાનો લીધો અને કુલઅખતીયારથી અપ્રતિબંધાધિકારી (સ્વતંત્ર માજીસ્ત્રેટ) નિમાયો. તે પૉમ્પીઅસની પછવાડે ગ્રીસદેશમાં ગયો, અને તેને ફાર્સેલિઆ આગળ હરાવ્યો. પૉમ્પીઅસ ઇજીપ્તમાં (મિસરદેશમાં) નાશી ગયો, જ્યાં તેને (ત્યાંના) રાજાના હુકમથી મારી નાંખ્યો. પોતાના હરીફનું કપાયલું મસ્તક (કપાઇને જુદું પડેલું માથું) જોઈને સીઝર રડયો.

આ જય (મેળવ્યા) પછી સીઝરને જાથુનો મુખ્ય રાજ્યાધિકારી કરવામાં આવ્યો. તેને સાધારણ લોકો માન આપતા હતા, એથી એના સઘળા શત્રુઓ મુંગા રહ્યા. પણ અમીરોની એક ટોળીએ પોતાની સત્તા જતી રહેલી જોઇને ગુસ્સે થવાથી એકઠા થઈ જેવો તે રાજ્યસભાસ્થાનમાં પેઠો એટલે તેને

અચાનક મારી નાંખ્યો. સીઝર પોતાની ૫૬ વર્ષની ઊમ્મરે ઈસ્વી સનની પેહેલાં ૪૪ના વર્ષમાં મરણ પામ્યો.

તે એક મોટો સેનાપતિ, એક સુભાષિત ભાષણકરનાર, અને વખાણ કરવાલાયક ચોપડી લખનાર (ગ્રંથકર્ત્તા) હતો. રોમન લોકોના કાયદાનો સંગ્રહ કરવાને તથા વિચારયુક્ત ગોઠવણ કરવાને તેણે ધાર્યું હતું, જે એક સારૂં અને ઉપયોગી પુસ્તક થઈ પડત. તે નિર્દય નહતો, પણ કહેછે કે એની લડાઇઓથી લાખો માણસોના જીવ ગયા.

સીઝર અને બોનાપાર્ટ જેવા જય મેળવનારા માણસજાતના શત્રુછે; અને ગમે એવા તેઓના પરાક્રમ મોટાં માલમ પડે, તોપણ આપણે યાદ રાખવું જોઇએ કે સહુથી મોટી કીર્તિ માણસનું કલ્યાણ (ભલું) કરવામાંછે અને કંઇ બુરૂં કરવામાં નથી.

Lesson XX (the twentyeth) પાઠ ૨૦મો.

A STORY OF SULTAN MAHOMED.

સુલતાન મહમૂદની વાર્તા.

આપણને કહેવામાં આવેલું છે કે (ખબર મળીછે કે) સૂલતાન મહમૂદે, પરદેશમાં પોતાની હમેશની લડાઈઓથી તથા સ્વદેશમાં પોતાના (રૈયત ઉપરના) જુલમથી તેના તાબા તલેના મુલકોને ખંડિયેર તથા ઊજડ કરી નાંખ્યા તથા ઈરાનના ચક્રવર્ત્તિ રાજ્ય (શેહેનશાહી રાજ્ય) ને વસ્તી વિનાનું કીધું હતું. આ મ્હોટા સુલતાનના વજીરે એકાદ અમુક ફકીર પાસે પક્ષીઓની બોલી સમજવાને શિખ્યો હોય એવી ડફ્ફર હાંકી (એવું ડોળ ઘાલતો હતો), એટલે કે એવું કોઇ પક્ષી નથી કે જે તે બોલે તે વજીર સમજે નહિ "એટલે પક્ષી જે જે બોલે કે કહે તે પેલો વજીર સમજતો". એક સાંજના શિકાર રમીને પા

છાં આવતા તે શેહેનશાહની સાથે હતો તેવામાં એક ઝાડ કે જે છારૂં કચરાના ઢગલામાંથી ઉગ્યું હતું તે ઝાડ ઉપર તેઓએ ઘૂવડોનું એક જોડું દીઠું. સુલતાને કહ્યું, "પેલા બે ઘૂવડો એક બીજાને શું કહેછે તે મારી જાણવાની મરજીછે; તેઓની વાત સાંભળો, અને મને તેની હકીકત કહો". તે ઘૂવડોની વાત પર ઘણું ધ્યાન આપતો હોય એવું ડોળ ઘાલીને તે વજીર ઝાડ પાસે ગયો. સુલતાનની કને તે પાછો આવ્યો ત્યારે, તે બોલ્યો, "મહારાજ (ખુદાવંત)" "તેઓની કંઈક (થોડી) વાત મેં સાંભળીછે, પણ તે શુંછે તે કેહેવાની મારી છાતી ચાલતી નથી". તેવા જવાબથી સુલતાનની ખાતરજમા થઈ નહિ, પણ બોલેબોલ અને જરાકેજરાક વાત જે ઘૂવડોએ કહી હતી તે તેને ફરીથી કહેવાને સારૂ આગ્રહ કીધો. વજીરે કહ્યું, "ત્યારે, આપ સાંભળો", "કે આ ઘૂવડોમાંના એકને દીકરોછે, તથા બીજાને દીકરીછે, જેઓ માંહોમાંહે હમણાં લગનના સહીસાટાં તેઓ કરેછે. મારા સાંભળતાં દીકરીના બાપને દીકરાના બાપે કહ્યું કે, 'હે મિત્ર બંધવ, જો તમે તમારી દીકરીને તેના સાસરવાસા (સ્રીધન) ને માટે ખંડિયેર થઈ ગયલાં પચાસ ગામો કરી આપશો તો મારે આ લગ્ન કબૂલછે'. જેને માટે દીકરીના બાપે પ્રત્યુત્તર વાળ્યો: 'જો તમારી (એમ) મરજી હોયતો, પચાસને બદલે હું તેના સ્રીધન માટે ૫૦૦) પાંનસો (ગામો) આપીશ. પરમેશ્વર સુલતાન મહમૂદને દીર્ઘઆયુષ્ય આપો (ખુદા સુ૦ મ૦ ને લાંબી જીંદગાની બક્ષે)! કે જ્યાંસુધી તે આપણા ઉપર રાજ્ય અમલ કરેછે ત્યાં સુધી આપણને ખંડિયેર થઈ ગયેલા ગામોની કદી ખોટ પડશે નહિ.

આ વાતનો સાર એછે કે, આ જોડી કાઢેલી વાત ઉપર

થી તે સુલતાન એટલોતો ગદ્‌ગદ્દિત થઇ ગયો હતો કે જે નગરો તથા ગામો જમીનદોસ્ત થઇ ગયાં હતાં તેમને તેણે પાછાં બંધાવ્યાં, અને તે વખતથી લાગલુંજ પોતાની પ્રજાના હિત (કલ્યાણ) ઉપર નજર રાખવા લાગ્યો.

ઍડિસન.

Lesson XXI (the twenty first). પાઠ ૨૧ મો.

THE LOST CAMEL ખોવાયલું ઊંટ.

એક ફકીર એકલો વગડામાં ચાલ્યો ચાલ્યો જતો હતો (મુસાફરી કરતો હતો) એટલામાં તેને બે વેપારીઓ ઓચિંતા મળ્યા. વેપારીઓને તેણે કહ્યું, " તમારૂં એકાદ ઊંટ ખોવાયું છે." તેઓએ જવાબ દીધો, " ખરેખર અમે ખોયું છે." ફકીરે કહ્યું, " તેની જમણી આંખ ફુટેલી, ને તે ડાબે પગે ખોડું (લંગડું) નહોતું શું "? વેપારીઓએ જવાબ દીધો, " તે (ખોડું) હતું." ફકીરે કહ્યું, " તેનો આગલો એક દાંત પડી ગયો છે શું "? વેપારીઓએ ઉત્તર વાળ્યો, " તેનો (આગલો દાંત) પડી ગયોછે." " ને શું તેની એકમેર (બાજુએ) મધ ને બીજી મેર ઘઉં લાધેલા નથી?" તેઓએ જવાબ દીધો, " બેશક ખરી વાત, તેને (લાધ્યા) હતા." " ને જ્યારે એ પ્રમાણે થોડા દહાડા ઉપર તમે તેને જોયલુંછે અને વિશેષ કરીને એટલું બધું ધારી ધારીને પારખી રાખ્યુંછે ત્યારે અમને પૂરો ભરોસોછે કે, તમે અમને તેની પાસે લઇ જશો. સાંઇએ (ફકીરે) કહ્યું, " ભાઇ સાહેબો " " મેં તમારૂં ઊંટ કદી જોયુંએ નથી, અને તમે જે હાલ વાત કહી તે શિવાય, (બીજા કોઈને મોંઢે) એની વાત સાંભળી પણ નથી. " વેપારીઓએ કહ્યું, ખાશી વાત!

એ બધું ડાહાપણ તોજાણ્યું; "પણ લાધેલા સામાનમાં જવાહિરો હતાં તે કયાંછે" ? " તે સાંઇએ ફરીથી કહ્યું, કે મેં તમારૂં ઊંટ કદી ભાળ્યું (જોયું) નથી અને તમારા જવાહિરો પણ નથી જોયાં. આ ઉપરથી તેઓએ એકદમ ધસીને તેના શરીર ઉપર હાથ નાંખ્યો (તેને પકડયો), અને ઉતાવળથી લાગલોજ તેને કાજી સાહેબ આગળ લઈ ગયા, જ્યાં, તેની ઘણીજ પાકી • ત પાસ કરી (તેનો ઝાડો જોયો) પણ તેની કનેથી કશુંએ નિક. ળ્યું નહિં; અને તેને અપરાધી ઠરાવવાને જે કંઈ ખોટાપણા નો કે ચોરીનો બેમાંનો એક કોઈ પણ પુરાવો રજુ કરી શકાયો નહિં (એણે ચોર્યું કે એ જૂઠું બોલ્યો એના સાક્ષી મળ્યા ન હીં). પછી તેઓ જાદુગર દાખલ તેના ઉપર મુકરદમો (કા મ) ચલાવવા જતા હતા, તેવારે ફકીરે, ઘણા ઠંડા પેટે (ઘ ણા સ્વસ્થપણાથી), આ પ્રમાણે દરબારને કહ્યું:—"તમારા અ ચંબાથી મારૂં મન ઘણું રંજન થાયછે (મને ઘણી રમુજ પડે છે) અને કબૂલ કરૂં છઉં કે તમારા વેહેમોને માટે કંઇ એક કા રણછે; પણ હું ઘણા વર્ષ સુધી એકલો રહેલો છું, અને લક્ષપૂ ર્વક તપાસને માટે વગડામાં પણ મને પુષ્કળ અવકાશ મળી શ કેછે. જે ઉંટ તેના ધણી કનેથી નાઠેલું હતું તે ઉંટનું પગલું મેં ઓળંગ્યું હતું તેથી મેં જાણ્યું; કારણકે તેજ રસ્તા ઉપર કોઈ પણ મનુષ્યના પગલાંની કંઈ પણ નિશાણી મેં દીઠી નહિં; મેં જાણ્યું કે તે પ્રાણી (ઉંટની) ની એક આંખ ફુટેલી હતી, કાર ણકે તેણે એના માર્ગના એકજ ગમનાં ઝાડનાં પાંદડાં (લીલી ચાર કરડી હતી) કરડેલાં હતાં; અને જે અમુક પગનું આછું પગલું રેતી ઉપર પાડયું હતું તે ઉપરથી મને માલમ પડયું હ તું કે તે એક પગે ખોડું હશે.

મેં અનુમાન કીધું (ધાર્યુ) કે તે પ્રાણીનો એકાદ દાંત પાડી ગયો હશે,-કારણકે જે જે જગાએ તે પ્રાણીએ લીલી ચારનો નાનો ઝુમખો કરડયો હતો (ખાધો હતો) તે તે જગાએ તેન કરડવાનો વચલો ભાગ કરડયા વગરનો રહ્યો હતો. તે પશુપર જે બોજો (માલ) બાંધેલો હતો તે વિશે પૂછતા હો તો, ઉદ્યોગી કીડીઓએ મને જણાવ્યું કે તેની એક બાજુએ દાણા (લાધેલા) હતા, અને ટોળાંબંધ માખીઓએ મને જણાવ્યું કે તેની બીજીમેર મધ (લાધેલું) હતું.

Lesson XXII (the twentysecond) પાઠ ૨૨મો.

LORD BACON. લૉર્ડ બેકન વિશે.

ફ્રાન્સિસ બેકન નામાંકિત માબાપને પેટ ૧૫૬૧ ના વર્ષમાં અવતર્યો (જનમ્યો) હતો. એનો બાપ સર નિકોલસ બેકન રાણી એલિઝાબેથનો મોટો મોહોર (સિક્કો) રાખનાર હતો. એની મા ઍન બેકન એક ભણેલી સ્ત્રી હતી, જે પ્રાચીન અને અર્વાચીન ભાષાઓમાં નિપુણ હતી, અને લાટિન ભાષામાંથી કેટલાંએક ધર્મપુસ્તકોનો તરજુમો કીધો હતો. આગળ કીર્તિવાન થશે એવાં ચિન્હ ફ્રાન્સિસ બેકનમાં બાળપણથીજ દેખાતાં હતાં. જ્યારે એ બાળક હતો ત્યારે એના હાજરજવાબથી રાણી એલિઝાબેથ દીંગ થઈ (આશ્ચર્ય પામી) ને તેને મશ્કરીમાં મારો નાનો મોહોર રાખનાર એવું તેનું નામ પાડયું. તે કેમબ્રિજની પાઠશાળામાં તે કાળની સઘળી જાતની વિદ્યામાં કેળવણી પામ્યો હતો ને ત્યાર પછી તેણે કાયદાનો અભ્યાસ કીધો. તેને વળી આમની સભાનો સભાસદ પસંદ કરવામાં આ

ળ્યો હતો, જ્યાં તે પોતાના ડહાપણ તથા છટાદાર ભાષણથી જલદીથી પ્રખ્યાત થાયો. પેહેલા જેમ્સે બેકનને નાઇટનો*ખે તાબ આપ્યો, અને પછી તેને લૉર્ડ–હાઈ–ચૅનસેલર (વિલાયત માં સર્વોપરી ન્યાયની કોરટનો મુખ્ય ન્યાયાધિશ તથા રાજાનો મોટો મોહોર સિક્કો રાખનાર; સદરદિવાન), બૅરન–વેર્યૂલમ, તથા વાઇકૌન્ટ સેંટ–ઍલ્બન્સ કીધો. ન્યાયાધિશ તરીકે લૉર્ડ બેકન ઉપર ફરીયાદી કરનારાઓ પાસેથી પૈસા (લાંચ) લેવાનું તોહોમત મુકવામાં આવ્યું હતું, અને આ પ્રમાણે તેની અપકીર્તિ થઈ. રાજકાર્ય ધુરંધર પુરૂષ (રાજદરબારી માણસ) તરીકે તે ડાહ્યો અને રાજભક્ત (વફાદાર) હતો, પણ તેની કીર્તિ તો તેના તત્વશાસ્ત્ર (ફિલસુફી) ના ગ્રંથોમાં રહેલીછે.

ગૅલિલીયોના જન્મવૃત્તાંતમાં એવું કહેવામાં આવ્યુંછે કે. સોળમાં સૈકામાં યૂરોપના વિદ્વાન પુરૂષો સિદ્ધપદાર્થ વિજ્ઞાન વિષે કંઇ જાણતા નહોતા. વળી તેઓ તેવી વિદ્યા વિષે નરસા વિચાર રાખતા હતા અને જેઓ તે મેળવવાને પ્રયત્ન કરતા તેઓ ઉપર કોઈ વખત જુલમ ગુજારતા. લૉર્ડ બેકનને વિદ્વાન પુરૂષોની ભૂલ સારૂ માલમ પડી તેથી સિદ્ધપદાર્થ વિજ્ઞાનનો વધારો કરવા સારૂ તેણે ગ્રંથો રચ્યા. આ પુસ્તકો હજી સુધી વંચાયછે, અને તે ઉંચા પ્રકારની ઇશ્વરદત્ત બુદ્ધિના ગ્રંથો ગ ગણાય છે. લૉર્ડ બેકનને અર્વાચીન શાસ્ત્રનો પીતા (સ્થાપનાર) કહેછે, કારણકે નવી સાચી બાબતો કેવી રીતે શોધી કાહાડવી તે તેણે મનુષ્યને શિખવ્યું. તે કહે છે કે—" તમારા

---

* જ્યારે કોઇ માણસને 'નાઇટ' નો ખેતાબ આપવામાં આવે છે ત્યારે તે પોતાના નામની પેહેલાં, 'સર' લખેછે; એજ રીતે ફ્રાન્સિસ બેકનનું 'સર ફ્રાન્સિસ' એમ થાયછે.

અસલના ગ્રંથો વારેવારે વાંચવાથી કાંઈ ફાયદો નથી, તેમાંથી તમે કંઇ નવું જાણનાર નથી. તમારે તપાસ કરી જોવું જોઈએ, અને કાળજી રાખીને (સંભાળપૂર્વક) પ્રયોગો કરવાં જોઇએ, એથીજ ખરેખરૂં શું છે તે તમને માલમ પડશે; અને એથીજ મનુષ્ય માત્રનું જ્ઞાન દિનપર દિન (નિરંતર) વધતું જશે." સરજાવેલા સૃષ્ટિ માંહેલા પદાર્થોની ગોઠવણ જે ઇશ્વરનું પુસ્તકછે તેનો અભ્યાસ ધીરજથી કરવાને બદલે ગ્રંથોપર આધાર રાખનાર માણસો એકમેક જોડે વાદ કરવાને અને નામીચા ગ્રંથકર્ત્તાઓ ઉપરથી વાકયો ઉતારી લઈને પોતાની વિદ્વતા દેખાડવાને વધારે ચાહાતા; પણ લૉર્ડ બેકનનાજ વચનો ધીમે ધીમે આગળ પડતાં ગયાં (જય પામતાં ગયાં). યૂરોપના સઘળા ભાગોમાં લોકો સાચી વાતોનું અવલોકન તથા શાસ્ત્રોનું મંડાણ કરવા લાગ્યા. કેટલાક ગૅલિલીયોની પેઠે ખગોળવેત્તા થયા, કેટલાએક રસાયણશાસ્ત્ર ને લોહચુંબકશાસ્ત્ર પસંદ કીધું, કેટલાએક શરીરછેદન વિદ્યા (મુડદાં ચીરવાનો હુન્નર) અથવા સ્થાવર જંગમ વિદ્યા પસંદ કીધી, અને કેટલાએકો યંત્રશાસ્ત્ર લઈ બેઠા (અધ્યયન કરવા માંડયું). એથી કરીને ચમત્કારિક શોધો તથા નવી કલ્પનાઓ (યોજનાઓ) થઇ. સૂર્યમંડળ વિષેનું, વિજળીના તારના સંચા વિષેનું, વરાળયંત્ર વિષેનું, સુધરેલું આપણું વૈદકશાસ્ત્ર વિષેનું આપણું જ્ઞાન એ સઘળું લૉર્ડ બેકને આપેલી સૂચના (સલાહ) ને લીધે થયલું છે.

હિંદુસ્તાન કે જ્યાં હજી સુધી વિદ્વાન પુરૂષો પોતાના પુરાણા (અસલી) પુસ્તકોપર વિશ્વાસ રાખેછે (આધાર રાખીને બેસી રહેછે), ત્યાં હજારો વર્ષ થયાં એક પણ ઉપયોગી વસ્તુ શોધી કાહાડયામાં આવી નથી.

Lesson XXIII. પાઠ ૨૩ મો.

AN ANECDOTE OF A PAINTER

એક ચિતારાની વાત.

એક ચિત્ર જે આખી દુનિયાના લોકોનું મન રંજન કરે એવું ચિત્ર પુરૂં કરવાને એક નામાંકિત ચિતારાએ નિશ્ચય કીધો. તેટલા માટે, જ્યારે, તેણે એક તશવિર જેમાં પોતાનો અતિશય કસબ વાપર્યો હતો તેવી તસબીર જ્યારે તેને ચિતરી ત્યારે તેને દરેક શરીરનો ભાગ ને ચેહેરાની આકૃતિ જે ખામીભરેલી માલમ પડે એવી એક પીંછી જે પાસે મૂકવામાં આવી હતી તે પીંછીથી નિશાણી કરવાને દરેક જોનારને વાસ્તે નીચે સૂચના સહિત જાહેર (ચૌટા) બજારમાં ખુલ્લી મુકી હતી. જોનારાઓ આવ્યા, અને ઘણું કરીને બધાએ વખાણ કીધાં; પણ અકેકે એ ડખાપણ કાઢવા સારૂ પોતાની હોંશિયારી (અક્કલ) દેખાડવાને તે ઠેકાણે તેને વાજબી લાગ્યું તે તે ઠેકાણે નિશાણી કરી. સંધ્યાકાળની વખતે, જ્યારે તે ચિતારો આવ્યો, ત્યારે આખી છબીમાં સઘળે ઠેકાણે છેકા મારેલા જોઇને તે અત્યંત ખેદ પામ્યો (દલગીર થયો); નાપસંદતાની નિશાણીઓ વગર એક પણ લીટી છેકા મારેલી બાકી રહી નહોતી. આ અજમાયશથી સંતોષ ન પામ્યાથી બીજે દિવસે જૂદીજ રીતે તેમનું પારખું જોવાને તેણે મનમાં નક્કી કીધું, અને અગાઉની પેઠે પોતાની છબી ખુલ્લી મૂકીને, વિનંતી કરી કે દરેક જોનારને જે ખૂબસુરતી (સુંદરતા) પસંદ પડે અથવા વખાણ કરે તેનાપર નિશાણી કરશે. લોકોએ તે કબૂલ કીધું; અને તે કારીગર ચિતારો ફરી પાછો આવ્યો ત્યારે, ખૂબસુરતીની નિશાણીઓથી ભરપૂર પોતા

નું ચિત્ર જોયું; એકેક લીટી જે ગઈ કાલે નાપસંદ કરવામાં આવી હતી તે હમણાં વખાણની નિશાણીવાળી જોઈ (નિશાણીથી મળી). તે ચિતારો બોલ્યો, "વારૂ," "હવે મને માલમ પડેછે કે દુનિયાના અર્ધા લોકોનું મન રંજન કરવાનો ઉત્તમ ઉપાય એછે કે બીજી અર્ધી દુનિયાના લોકો જે કહે તેને ગણકારવું નહિ; કારણકે આ લોકોની નજરમાં જે ખામીઓ હોયછે તે બીજાની નજરમાં ખૂબસુરતી તરીકે ગણવામાં આવશે (લેખાશે).

ગોલ્ડસ્મિથ.

Lesson XXIV પાઠ ૨૪ મો.

THE LOVE OF BIRDS FOR THEIR YOUNG.

પક્ષિઓનું પોતાનાં બચ્ચાં તરફ હેત.

એક મરઘી મા થઇ કે તરતજ, તે જેવું શાંત પક્ષી હોયછે તેવું શાંત વધારે વાર હોતું નથી; પણ છેડેથી ઉભાં કરેલાં પીછાં સહિત, પાંખો ફફડાવતી, અને સેવણ બેઠેલી મરઘીના જેવો અવાજ કરતી, ને કોઈને ભૂત ભરાયું હોય એની પેઠે આમતેમ દોડેછે. પોતાના બચ્ચાં પરથી તે ભય ટાળવાને (દુર કરવાને) માટે માદાઓ સૌથી મોટા જોખમના રસ્તામાં પોતે પડશે. આ પ્રમાણે એક તિત્તર પક્ષી તેના નિરાધાર બચ્ચાં પાસેથી કુત્રાઓને હાંકી મૂકવાને માટે એક પારધી સામી ધસીને જશે. માળો બાંધવાની ને સેવણ કરવાની વખતે ઘણાંજ નબળાં પક્ષીઓ પણ સૌથી હિંસક (ફાડીખાનારા) પક્ષી ઉપર તુટી પડશે. બાજ પક્ષીને જોઈને ગામના સબળાં ચલિયાં સામા થવાને તૈયાર થાયછે, અને તે જ્યાંસુધી તે લત્તો છોડી

કેછે ત્યાંસુધી તેને હેરાન કરેછે. એક ઘણુંજ બારીક અવલોક ન કરનારે વારંવાર ટીકા કરેલીછે કે (લખેલુંછે કે) જીબ્રાલટર ના કિલ્લાના ખડક ઉપર માળો બાંધતા એક જંગલી કાગડાનું જોડું, કોઈપણ ગીધપક્ષીને કે ગરૂડપક્ષીને પોતાના રેહેઠાણ પાસે રેહેવા દેશે નહિ; પણ ટેકરી ઉપરથી આશ્ચર્ય ઉપજાવે એવા જુસ્સાથી તેમને હાંકી કાઢશે; જન્મ આપતી વખતે ની હુંમદન સારિકાપક્ષી પણ કેસ્ટ્રેલ નામના સકરાને કે ચલિયા બાજને નસાડવાને ખડકોની ફાટોમાંથી જુસ્સાભેર નિકળેછે. જે પક્ષીને બચ્ચું હોયછે તે પક્ષીના માળા પાસે જો તમો ઉભા રહોતો, અસાવધ મમતાથી તેમને ફસાવવાને તે (પક્ષીમાદા) લલચાતી નથી, પણ કલાકોના કલાકો સુધી પોતાના મોંમાં માંસ (ભક્ષ) લઈને દૂરથી રાહા જોશે.

ગિલબર્ટ ઉવ્હાઇટ

Lesson XXV પાઠ ૨૫ મો.

CHARLEMAGNE શાર્લેમેન.

હિંદુસ્તાનના મુગલરાજની પેઠે રોમનલોકોનું મોહું (લો હેનશાહી) રાજ પડી ભાગ્યું કારણકે રાજાઓ અને લોકો બગડેલા હતા. શ્રીમંત લોકો મોજશોખમાં રેહેતા, અને ગરીબ આળસુ અને કંગાળ હતા. યોદ્ધાઓ (બહાદુર સિપાઇઓ) તેમના સરદારોનું માનતા નહિ, અને શત્રુ સામા લડવાની હામ બીડતા નહિ. ભણવું ગણવું વિસારી મુકયું હતું, અને થોડા જણ જેઓ વિદ્યાનો ફાંકો રાખતા, તેઓ પોતાનો વખત નકામાં વાદવિવાદમાં અને શબ્દો સંબંધી પ્રશ્નો (મુઝવા) માં કાહાડ

તા. તેઓ જુના પુસ્તકો વાંચતા પણ નવાં (પુસ્તકો) લખવાને શક્તિવાન નહોતા એવીજ રીતે ચિતારાઓ, નકશીકોતરનારાઓ, અને શિલ્પીઓ (ઘર વગેરે બાંધવાની વિદ્યા જાણનારા) પેહેલાંના કારિગરોના કામોની બરોબરી કરવાને અશક્ત હોવાથી, તેઓ ઉપરથી નરસી નકલો બનાવવામાં તેઓ કામે લાગતા. શાસ્ત્ર પણ પડી ભાંગ્યું, અને કંઈ પણ ઉપયોગી શોધો કરવામાં આવી નહિ. આ પ્રમાણે યૂરોપ શરમભરેલી મંદબુદ્ધિની સ્થિતિમાં ડુબતું હતું, એટલામાં જંગલી જરમનીના લોકોનાં ટોળાં ઉત્તર બાજુના જંગલોમાંથી નિકળી આવ્યાં અને શાંતિવાળા રોમશેહેર ના પ્રાંતો ઉપર બધે ફરી વળ્યા. કેટલાએક ઇટલીમાં, કેટલાએક સ્પેનમાં, કેટલાએક ગાલમાં (ફ્રાન્સમાં) વસ્યા અને તે દેશોના ધણી થઈ પડ્યા. રોમના શેહેનશાહી રાજ્યની નબળી રૈયત જીતનારાઓના દાસ થયા. સર્વ ઠેકાણે જૂલમ અને લુટફાટ થવા લાગી, અને અજ્ઞાનતાના આ વખતને ઈતિહાસીકો અંધકારનો કાળ કહે છે.

ત્યારપછી અંધારી જગામાં દીવાઓની માફક કેટલાએક મહાન પુરૂષો નિકળી આવ્યા. બાકીની રહીસહી વિદ્યાનું તેઓએ સંરક્ષણ કીધું, અને પોતાના લોકોને ઇશ્વરના અને રાજ્યના કાયદા માનવાને શિખવ્યું. છઠ્ઠા સૈકામાં પૂજ્ય (પવિત્ર) કોલંબાએ જંગલી આયર્લેન્ડના રેહેનારા તથા સ્કૉટલાન્ડના વતનીઓને ધર્મનો ઉપદેશ કીધો, અને એક નામીચું મઠ સ્થાપ્યું. એજ વખતમાં પોપ ગ્રેગરીએ ઈંગ્લાંડના સૅક્ષનોને શિખવવા સારૂ ઈટલીમાંથી ઑગસ્ટાઈનને મોકલ્યો હતો. આઠમા સૈંકડામાં બાનિફેસ જેને જર્મનીનો ખ્રિસ્તી ધર્મોપદેશક ' એપાસલ ' કહેતા, તેણે ઉત્તરના જંગલી લોકોને માણસાઇમાં લાવવાની કોશિશ કરતાં પોતાનો જાન ખોયો. ફ્રેન્ક લોકોનો રાજા

પેપિનનો દીકરો ચાર્લ્સ ૭૪૨ માં જનમ્યો હતો. એનો ભાઈ મરણ પામવાથી ૭૭૧ માં એ રાજા થયો. એ મોટો યોદ્ધો (લડવૈયો) હતો, અને પોતાના આસપાસના રાજ્યોને પોતાની સત્તાને તાબે રહેવાની ફરજ પાડી. રાહીન પ્રશિયા મધ્યેનું એઈ શેહેર તેની રાજધાની હતી, અને તેની સત્તા આલપ્સની પેલીમેર અને પિરીનીઝની પેલીમેર સુધી ચાલી હતી. તેણે પોતાની રૈયતનું જંગલીપણું જોયું તેથી ઈટલી જ્યાં કંઈ રહેલી વિદ્યા હજુ માલમ પડતી ત્યાંથી શિક્ષકો બોલાવ્યા. તેણે પાઠશાળાઓ સ્થાપી, અને ડાહ્યા કાયદા બાંધ્યા. તેણે ખેતીવાડી અને હુન્નરોને ઉત્તેજન આપ્યું, અને હંમેશા કરકસરથી રેહેતો, જેથી તેની દરબારનો ખરચ તેની રૈયત ઉપર બોજો થઈ ન પડે. ૮૦૦ ના વર્ષમાં પોપે એને પશ્ચિમના શેહેનશાહનું રાજપદ આપ્યું, જે પછી તે ૧૪ વર્ષ સુધી જીવ્યો. આ ભલા શેહેનશાહના સદ્ગુણ તથા ડહાપણને લીધે તે પોતાની પ્રજામાં માન પામતો હતો, અને એને હંમેશા શાર્લમેઈન કહેછે, જેનો અર્થ ફ્રેન્ચ બોલીમાં (ફ્રાન્સ દેશની ભાષામાં) કેરોલસમેગનસ એટલે પ્રતાપી ચાર્લ્સ થાયછે.

એના મરણ પછી નબળા રાજાઓ ગાદીએ આવ્યા (પછીથી થયા) તેથી યૂરોપમાં પાછું અંધેર ચાલવા લાગ્યું. એક હજારમું વર્ષ કદાચ દુનિયાના વાર્ષિક ઈતિહાસમાં સહુથી ઘણુંજ અભાગ્યું હતું. પણ શાર્લમેઈને રોપેલું બી નાશ પામ્યું નહોતું, તેથી યૂરોપ પોતાની હમણાની મોટાઈની બીચમાં તેને પણ પોતાનું ભલું કરનાર તરીકે માનેછે. તે મોટા કદનો માણસ હતો, તેનો ચેહેરો ઘણોજ સારો (અમીરી) અને દબદબા ભરેલા દેખાવનો હતો, તોપણ દયાળુ, અને જેઓ તેની

સાથે વાતચીત કરતા તેઓની પ્રીતિ સંપાદન કરવાને શકિત વાન હતો. એક અંગ્રેજ પાદ્રી આલકવીન એનો શિક્ષક હતો.

Lesson XXVI પાઠ ૨૬ મો.

THE CONJURER AND THE TAILOR (A STORY).

જાદુગર તથા દરજીની એક વાર્તા.

એકવાર એવું બન્યું કે એક જાદુગર તથા એક દરજી સાથે બેસીને વાતચિત કરતા હતા. દરજીએ કહ્યું કે, "અફસોસ" "હું કેવો દુઃખી નિર્ધન પ્રાણીછું; લોકોના મગજમાં કદાચ એવુંજ ભરાઇ આવે કે (અમારે) કપડાં વિના રેહેવું તો હું તો પાયામાલ થઈ જાઉં; મારૂં ગુજરાન ચલાવવાને સારૂ મારી પાસે એકાદો બીજો ધંધો નથી." તે જાદુગરે જવાબ દીધો "ખરેખર, મિત્ર, મને અંતઃકરણથી તારી દયા આવેછે." "પરંતુ, હું પરમેશ્વરનો પાડ માનુંછું (પણ ઈનસાલાતાલા) કે મારે કંઈ તારા જેવું છેક ખરાબ નથી (મારી સ્થિતિ તદન એવી નરસી નથી); કારણકે જો એકાદો ખેલ નિષ્ફળ જાય, તો તેમને માટે અદ્યાપિ મારી પાસે બીજા સેંકડો ખેલોછે. એમ છતાં જો તું કોઇ વેળા ભિખારી હાલતમાં આવે, તો તારે મને અરજ કરવી, અને હું તારૂં દુઃખ નિવારણ કરીશ." તે દેશમાં બધે દુકાળ પડયો; તે દરજીએ ગુજરાન ચલાવવાનો ઉપાય કીધો, કારણકે તેના ઘરાકોને લૂગડાં વગર ચાલી શકે તેવું નહોતું; પણ તે બિચારા જાદુગરને પોતાના સઘળા સેંકડો ખેલો કર્યા છતાં, કોઇ એવો માલમ ન પડયો કે જે તેને પૈસા ફેંકે;

દેવતા ગળી જવાનું કે પેટમાંથી ટાંચણીઓ કાઢવાનું જે તેણે ક બૂલાત આપી તે બધું ફોકટ ગયું; કોઈ પણ શખ્સે તેને દુઃખ માંથી છોડવ્યો નહિ, તેથી તેને આખરે તેજ દરજી કે જેનો ધં ધો અગાઉ તેણે હલકો ગણ્યો હતો તેજ દરજી પાસે ભિખ મા ગવાની તેને ફરજ પડી.

ગોલ્ડસ્મિથ.

Lesson XXVII 27th પાઠ ૨૭મો.

THE LITTLE ANT. નાહાની કીડી.

૧. એક નાની કાળી કીડીને એક ઘઊંનો મોટો દાણો જડયો; જે ઊંચકી લઈ જવાને અથવા ગબડાવી લઈ જવાને ઘણો જ ભારે હતો; તેથી તેણે, એક પડોશી અકસ્માત તેને મ ળ્યો તેની પાસે તે તેના દરમાં ખેંચી લઇ જવામાં મદદ કરવાને વિનંતિ કીધી.

૨. તેણે ઉત્તર દીધો (કહ્યું) કે, "મારે મારાં પોતાના કામકા જો સંભાળવાનાંછે", "જો તમારી મરજી હોયતો, તમારૂં લા ગ્યું તમે પંડે કુટીલો". એમ કહી જેટલું આપસ્વાર્થીપણું તથા બીજાજીપણું તેની માંહે હતું તેટલું દેખાડીને તે લા ગલોજ ચાલતો થયો, અને નિદ્રા (ઊંઘ) લેવાને માટે (ની જદરમાં) જઇને નિરાંતે સુતો.

૩. તેવામાં, એક કાળો મંકોડો તે રસ્તે થઈને જતો હતો, તે પોતાના પડોશીને અડચણમાં જોઈને તેની કને આવ્યો; અને તેના બોજા સહિત દરની અંદર લઈ જવાની મદદ કીધી; કારણકે તે જાતે સુશિલ (સારાસ્વભાવનો) મંકોડો હતો.

૪. જેઓના સાંભળવામાં આ વાત કદાચિત આવે, તે સઘળા ઓએ એમાંથી લાભ (સાર) લઈલેવાનો પ્રયત્ન કરવો; કે મકે બાળકો તેઓની દરેક ચાલમાં પેલા મંકોડાના જેવા ત મામ રજેરજ આડા હોયછે. એવું વારંવાર જોવામાં આવેછે.

૫. જે સારા સ્વભાવના મંકોડાએ પોતાના ભાઈબંધને મદદ કીધી, તે, જેઓને શિખામણ લેવી ગમેછે, તેમને શિખા મણ આપેછે કે, જો ઝીણા જીવજંતુઓ માંહોમાંહે મા થાળુ રહેછે, તો, તે પ્રમાણે સઘળા બાળકોએ ઘણું ખરૂં અચૂક (માયાળુ) થવું જોઈએ.

Lesson XXVIII પાઠ ૨૮ મો.

AKBAR. અકબર.

જંગલી તૈમુરલંગ જેને યુરોપિઅન લોકો (અંગ્રેજલોકો) ટેમ રલેઇન કહેછે તેના વંશમાંના છઠ્ઠા પુરૂષ બાબરે પંજાબને રસ્તેથી હિંદુસ્તાન ઉપર સ્વારી કીધી; ૧૫૨૬ ના વર્ષમાં પાનિપત ની લડાઈમાં દિલ્હીના રાજા ઉપર જય મેળવ્યો, અને મુગ લરાજ સ્થાપ્યું. એનો દીકરો હુમાયું હતો, જેને કંઈ દિવ સ સુધી શીરશાહે હિંદુસ્તાનમાંથી કાહાડી મૂકયો હતો. હુમા યુંનો દીકરો અકબર ૧૫૫૬ ના વર્ષમાં શેહેનશાહ થયો. તે વખતે એ ૧૩ વર્ષનો છોકરો હતો. ૫ વર્ષ પછી તેણે રાજ્ય ના પ્રધાન બેહેરામને બરતરફ કીધો, અને પોતે પોતાની રૈયત ઉપર રાજ કરવાનો નિશ્ચય કીધો (મન સાથે નક્કી કીધું). એશિઆખંડના રાજાઓના જન્મવૃત્તાંતો ભાગ્યેજ સારાં હો યછે. તેઓ ઘણાખરા આળસુ, વિષયી, અને વારંવાર નિર્દ

ય હોયછે. હિંદુસ્તાનના મુસલમાન રાજાઓ રૈયતને સુખી કર વાને ભાયેગેજ દરકાર રાખતા, પણ અકબરતો ઑલફ્રેડ કિં વા શાર્લમેઇન જેવો એક મહાપ્રતાપી રાજા હતો. તે દુઃખમાં ઉછર્યો હતો, તેથી બહાદુર, દૂરંદેશી, અને મેહેનતુ થવાને શિખ્યો હતો. તે યોદ્ધો (લડવૈયો) હતો તોપણ સલાહ શાં તિ ઉપર તેની પ્રીતિ હતી. તેણે હિંદુ લોકોને મુસલમાન, સ માન ગણ્યા, અને તેઓને મોહોટા ઓદ્ધા ઉપર રાખ્યા. એણે ગેરવાજબી કરો કાઢી નાખ્યા, અને સારા કાયદાઓ બાં ધ્યા. એણે ઇનસાફની દરબારો અને મેહેસૂલ ઉઘરાવવા ની રીત સુધારી.

આ પ્રમાણે લોકો એકદિલ, સુખી, અને આબાદ થયા. અકબરનું રાજ ઉત્તરમાં કાશમીર સુધી, દક્ષિણમાં સિંધ અને ગુજરાત સુધી. અને પૂર્વમાં બંગાલા સુધી વધ્યું હતું.

કેટલીક ચોક્કસ બાબતોમાં બ્રિટિશ (અંગ્રેજી) સરકારે અકબરનો દાખલો પકડયોછે. તે હિંદુ લોકોના રિવાજો વચ્ચે થોડુંજ પડતો, પણ સતી (ધણીની લાસ સાથે સ્ત્રીએ જીવતાં બળી મરવું તે) થવાનો (ચાલ) કાઢી નાંખવાને તેણે યત્ન કીધો હતો. સ્વસ્થપણે (વગર ધાસ્તીએ) સઘળા માણસોને પોતાના ધર્મ પ્રમાણે તે ચાલવા દેતો. તે પોતાના સિપાઇઓને બરોબર પગાર આપતો, અને લૂટાફાટ કરવાને તેઓને મના કરતો. લડાઈમાં પકડાએલા બંદીવાનોને ગુલામો કરવાની રસમ તેણે કાહાડી નાંખી. સરકારને ગણોત (ભોંયભાડું) ની યોગ્ય રકમ આપવાની મુકરર થઇ શકે એટલા માટે આ ખા દેશની તેણે સંભાળ ભરેલી તપાસ કીધી. ત્યારથી બ્રિટિશ (અંગ્રેજી) સરકારે પણ આ સઘળાં પ્રમાણો સ્વિકારેલાછે.

અકબર જોરાવર તથા કાન્તિવાન હતો, અને તે શિકાર તથા વિદ્યાભ્યાસમાં મચ્યો રહેતો, તે છતાં કામમાં ઘણો કાબેલ હતો. પોતાની જુવાનીના વખતમાં તેને વાઈન (દ્રાક્ષનો દારૂ) પીવો ઘણોજ ગમતો, પણ પોતાની પુખ્ત ઉમરે તે નિયમસર પીનાર થયો. એનું રાજ ૫૦ વર્ષ સુધી ચાલ્યું. એ ૧૬૦૫ માં મરણ પામ્યો, અને તે વખતથી મુગલરાજ પડતી દશાને પામવા લાગ્યું.

Lesson XXIX 29 th. પાઠ ૨૯ મો.

THE DERVIS AND THE KING.

મુસાફર ફકીર અને રાજા.

એક દર્વેશ (ફકીર) સ્વતંત્રતાતારમાં થઈને મુસાફરી કરતો કરતો બલ્ખ શેહેરમાં આવી પોંહોંચ્યો, અને અજાણતાં (ભૂલથી) એક જાહેર ધર્મશાળા અથવા મુસાફરખાનું હશે એમ સમજીને રાજાના મેહેલમાં ગયો. થોડા વખત સુધી પોતાની ચોગમ જોયાં કરીને તે એક લાંબી ચાલમાં ગયો, જ્યાં તેણે પોતાની ઝોળી નીચે મૂકી, અને પૂર્વદેશની પ્રજા (એશિઆના લોકો) ની રીત પ્રમાણે પોતાને આરામ લેવાને સારૂ તેનાપર પોતાની શેત્રંજી બીછાવી. આ અંગસ્થિતિમાં તે ઘણીવાર રહ્યો નહિ એટલામાં આગમચથી તે કેટલાએક પોહોરેગીરના દીઠામાં આવ્યો, જેઓએ તેને પૂછ્યું કે આ મકાનમાં તું કેમ આવ્યોછે? તે ફકીરે તેમને કહ્યું કે આ મુસાફરખાનામાં રાતની રાત પડી રેહેવાનો મારો ઈરાદો છે. તે ચોકીદારોએ તેને ઘણી ધુસ્સાભરેલી રીતે તેને જણાવ્યું કે (ખૂબ ધમકાવીને તેને કહ્યું કે) જે ઘરમાં તુંછે તે કંઈ મુસાફરખાનું

નથી પણ રાજાનો મેહેલછે. એવું બન્યું કે આ રગઝક થતી વખતે રાજા પંડે તે લાંબી અને સાંકડી ચાલમાં થઈને ચાલ્યો જતો હતો, અને ફકીરની ભૂલ ઉપર હસીને, રાજાએ તેને પૂછ્યું કે એવો કેવો તું ઢોર જેવો છે કે મેહેલ અને મુસાફરખાનાને તું ઓળખી શકતો નથી. ફકીરે કહ્યું, "જહાં પન્હા" "એકાદ અથવા બે પ્રશ્ન ખુદાવંત (મહારાજાધિરાજ)ને મને પૂછવાની રજા આપશો. આ ઘર જયારે પ્રથમ બંધાવવામાં આવ્યું ત્યારે તેમાં જે શખ્સો રેહેતા હતા તે કોણ હતા? રાજાએ જવાબ દીધો, કે મારા વંડવાઓ (પૂર્વજો). ફકીરે કહ્યું, અને છેલ્લો શખ્સ જે અહીંઆં રેહેતો હતો તે કોણ હતો? રાજાએ ઉત્તર દીધો કે મારો બાપ (રેહેતો હતો). ફકીરે કહ્યું, અને હાલમાં જે શખ્સ રેહેછે તે કોણછે?" રાજાએ કહ્યું કે હું પોતે રહુંછું. તે ફકીરે કહ્યું કે હવે પછી તમારી પાછળ કોણ રેહેશે? રાજાએ પ્રત્યુત્તર વાળ્યો કે મારો દીકરો નાનો રાજકુમાર. ફકીરે કહ્યું, "વાહવા સાહેબ," "જે ઘર તેના વસનારાઓને વારે ઘડીએ અદલબદલ કરેછે, અને પરોણાનું એક પછી એક જાથુનું આવવું થાયછે (દાખલ કરેછે) તે ઘર કંઈ મેહેલ નથી પણ ધર્મશાળાછે. ઍડિસન.

Lesson XXX. 30th. પાઠ ૩૦ મો.

Dr. PRIMROSE DESCRIBES HIS HOME.

ડાકટર પ્રીમરોઝ પોતાના ઘરનું આવી રીતે બયાન કરેછે.

જ્યારે અમે રસ્તા પાસે રેહેતા હતા, ત્યારે જે ગુઝબેરી નામના ફળના દારૂ વાસ્તે અમારૂં મોઢું નામ હતું તે દારૂ

ચાખવાને પ્રવાસી અથવા પરદેશી અમને વારેવાર મળવાને આવતા; અને ઇતિહાસીકની સચ્ચાઈથી ઊઘાડેછોક હું કહું છું કે મને તેમાંનો એક પણ એવો નહિ માલમ પડયો કે જેણે કદી તેને (દારૂને) વખોડયો હોય. ચાળીસમી પેહેડીના પિત્રાઇઓ પણ અમને મળવાને ઘડીએ ઘડીએ આવતા. કેટલાએક તો આવા સગપણના દાવાને લીધે અમને કંઇ વધારે માન આપતાં નહિ; કેમકે તે લોકોની સંખ્યામાં આંધળા, ખોડા, લંગડા માણસો હતાં. એમ છતાં મારી બૈરી નિત્ય આગ્રહ કરતી કે તેઓ એકજ શરીરના ને લોહીના હોવાને લીધે તેઓ એકજ મેજપર આપણી સાથે બેસીને ખાય. તેથી, જો કે અમે ઘણા પૈસાદાર નહોતા, તોપણ ઘણું કરીને અમારી પાસે ઘણા સુખી મિત્રો આવતા; કારણકે આ વાત (ટીકા) આખી જીંદગીમાં વજનદાર રેહેશે, કે જેમ પરોણો વધારે નિર્ધન (ગરીબ) હોય તેમ તેની સારી બરદાશ કર્યાથી તે વધારે ખુશી થાયઃ અને જેમ કેટલાએક મનુષ્યો ટયુલિપ જાતના ફુલને કે પતંગીયાની પાંખોના રંગોને સાનંદાશ્ચર્યતાથી ટકટક જોઈ રેહેછે - તેમ જન્મથી હું સુખી મનુષ્યના ચેહેરાનો ચાહનાર (આશક) હતો. તોપણ જયારે અમારાં સગાંવહાલાંમાંનો કોઈ પણ શખ્સ ઘણો નઠારી ચાલનો અથવા કંટાળો આપે એવો (ઉપાધીખોર) પરોણો કે એકાદની લપબળાથી છૂટવાને અમે ખુશી હોઈએ તેવો (કોઇ) માલમ પડે તો હું તેને મારૂં ઘર છોડતી વખતે એક સ્વારીનો ડગલો અથવા બૂટની એક જોડ અથવા કોઈ કોઈ વેળા હલકી કિંમતનો એક ઘોડો આપવાને કદી પણ ચૂકતો નહિ, અને તે ચીજો પાછી આપવાને જો કદી તે પાછો નહોતો આવતો તો તે જોઈને હંમેશા હું સંતોષ માની

લેતો. આથી જે માણસો અમને પસંદ નહોતા પડતા એવા મા ણસથી અમારૂં ઘર ખાલી થતું. પણ ઊવેકફીલ્ડના કુટુંબે મુ સાફર અથવાતો ગરીબ આશ્રિતને બારણેથી પાછો વાળ્યો હોય એવું કદી જાણ્યામાં આવ્યું નહોતું.

ગોલ્ડસ્મિથ.

Lesson XXXI. પાઠ ૩૧ મો.

POETS. કવિઓ.

કોઇ પણ મહાનકવિ (જોકે) લોકોની સંપત્તિ વધાર તો નથી અથવા તેઓને બળવાન કરતો નથી, તોપણ તે ઉપ કાર અને માનને યોગ્યછે. ઉત્કૃષ્ટ કવિતા દોલતના જેવીજ સારીછે, બલકે વધારે સારીછે. પૈસાથી મનુષ્યો ઘણીવાર બગડે છે, કોઈ કૃપણ થાયછે, કોઈ વિષયી (થાયછે); વધારે શાહા ણો કે વધારે સદ્‌ગુણી કોઈ થતો નથી. પણ જ્યારે આપણે રસિક કાવ્ય સાંભળિએ છૈએ ત્યારે આપણે આ સંસારની જં જાળથી (જાણે) છૂટા થઈએ છઈએ. કદાચ આપણે ગરીબ કે આજારી હોઈએ તો તે ભુલી જઇએ છઈએ, આપણે એક જા તના નિર્મળ સુખનો અનુભવ લઈએ છઇએ, અને આપણું મ ન ચોખું અને શાંત થાયછે. એથી કરીનેજ સઘળી પ્રજાઓ પોત પોતાના કવિઓ વિષે અભિમાની હોયછે. અને તેમની કવિતા ગાવાની ઉલટ રાખેછે. હિંદુઓ કહેછે કે, કાલિદાસ જે વો કોઇ કવિ થયોજ નથી, પણ જેઓ સંસ્કૃત જાણતા હોય તેઓજ માત્ર એના ગ્રંથો સમજી શકેછે. કાલિદાસે નાટક લ ખ્યાંછે, તેમાં સર્વથી વખણાયલું 'શકુંતલા' અથવા 'પ્રાણલેના

રી વીટિ' છે. એથો ઉતરતાં માનના સંસ્કૃત કવિ બિજા ઘણા છે. સર વિલિયમ જોન્સ, મિ૦ વિલ્સન અને બિજા વિદ્વત્તા વાળા પુરૂષોએ કેટલાક સંસ્કૃત કાવ્યોનો અંગ્રેજીમાં ભાષાંતર કીધોછે.

પ્રાચીન ગ્રીક લોકોમાં ઘણા મહાન કવિઓ હતા, તેમાં હોમર મુખ્ય હતો. હોમરે 'ઈલિયડ' અને 'આડિસિ' નામનાં બે વિરરસ કાવ્ય બનાવ્યાંછે તે જ્યારે છોકરાઓ ગ્રીકભાષાનો અભ્યાસ કરેછે ત્યારે નિશાળોમાં વાંચેછે. આ રસિક ગ્રંથોના (પુસ્તકો) અંગ્રેજીમાં કવિતારૂપ ભાષાંતર અલેકઝાન્ડર પોપ નામના કવિએ કીધાંછે, એસ્કિલસ, સોફોકલીસ અને યૂરિપિડિસ એઓએ કાલિદાસની પેઠે નાટકો રચ્યાંછે; એઓન. પણ અંગ્રેજીમાં ભાષાંતર થયલાંછે.

ગ્રીક લોકોની માફક અસલ રોમનોને કવિતા ઉપર ઉલટ નહતી. (અસલના રોમનલોકો કવિતાના શોખ રાખનારા ન હોતા) તેમનો મુખ્ય વીરરસ કાવ્યકર્ત્તા (કવિ) વરજીલ હતો, જેણે હોમરની નકલ કીધીછે. તેનો મોટો ગ્રંથ, જે 'ઈન્યડ' એનું ભાષાંતર જોન ડ્રાઈડને કીધું છે. લાટિન ભાષાની નિશાળની ચોપડી દાખલ 'ઈન્યડ' પણ યૂરોપમાં વંચાયછે. વરજીલ ઑાગસ્ટસ સીઝરના વખતમાં થઇ ગયો.

છેક આર્વાચીન કાળમાં ઇટાલીમાં ઘણા કવિઓ થયાછે. આ સઘળાઓમાં સર્વથી પેહેલો 'ડાંટી' છે, જે ફ્લૉરન્સમાં ઇ. સ. ૧૨૬૫માં જનમ્યો હતો. 'ડિવાઇન ડ્રામા' '(સર્વોત્કૃષ્ટ અથવા દિવ્ય નાટક)' નામના મોટાં તેના વિરરસ કાવ્યમાં, નિર્દય માણસને મુઆ પછી જે શિક્ષા ખમવી પડેછે તેનું તે વર્ણન કરેછે, તથા સ્વર્ગનો મહીમા ગાયછે. પેહેલા, (ક્રુઝેઈડ)

ધર્મયુદ્ધમાં જેરૂસલમ મુસલમાનોના હાથમાંથી કેમ છુટયું તે વિષે એક વીરરસ કાવ્ય 'ટસો' નામે બિજા એક ઇટલિ દેશના કવિએ રચ્યું છે. ડાંટી અને ટસો એ બેઉના ગ્રંથોના અંગ્રેજી તરજુમા થય લાછે.

ચૉસર જે ત્રિજા એડવર્ડ (ઇંગ્લાંડના રાજા) ની નોકરી કરતો હતો તેનાથી તે વિકટોરીયા રાણીના રાજકવિ * મિ૦ ટેનિસન સુધીમાં ઈંગ્લાંડ કવિતાથી ભરપૂર થયું છે. આપણા મુખ્ય અંગ્રેજી કવિઓ શેકસપિયર અને મિલ્ટનછે. એમાં પેહેલાએ (શેકસપિયરે) કરૂણારસના તથા હાસ્યરસનાં નાટકો અને બીજાએ (મિલ્ટને) વીરરસ કાવ્યો રચ્યાંછે. શેકસપિયરની સ્વાભાવિક બુદ્ધિ વિલક્ષણ હતી. તે એક દુકાનદારનો દીકરો હતો, અને તે થોડી કેળવણી પામ્યો હતો. તે એલીઝાબેથરાણીના વખતમાં થઇ ગયો. જૉન મિલ્ટન એક (મહા) વિદ્વાન પુરૂષ હતો, અને એક વેલા ઑલિવર–ક્રૉમવેલનો લાટિન ભાષાનો મંત્રી (સેક્રેટરી)હતો. 'પૅરેડાઇઝ લૉસ્ટ' (પૅરેડાઈઝ=ઈડનબાગ; બેહેશત, સ્વર્ગ; લૉસ્ટ=પાસેથી ખોવાયલોઃ—પાસેથી ખોવાયલો ઈડનબાગ.) નામનાં તેનાં મોટાં કાવ્યમાં, ઇશ્વરની આજ્ઞા લોપવાથી 'આદમ' અને 'ઇવ (હવા) ને "ઇડન"ના બાગમાંથી કેવી રીતે કાહાડી મૂકયાં તેનું વર્ણનછે. હિંદુસ્તાનની પાઠશાળાઓમાં ઘણીવાર તે વાંચવામાં આવેછે.

---

* રાણીના કવિનો એવો ખેતાબ છે "લૉરિએટ" નો અર્થ "લૉરલ્ડ" એટલે 'લીરલ'નું તાજ પામેલો એવો થયોછે. કવિતાની હરીફાઇમાં (જે ચઢે તેને) અગાઉ 'લૉરલ'નું તાજ બક્ષીસ આપવામાં આવતું.

બીજા નામીચા અંગ્રેજી કવિઓ, કાઊલી, ડ્રાઈડન, અને પોપછે, જેઓ ૧૭ મા સેંકડામાં થઈ ગયા; ગ્રે, બર્નસ, અને કાઉપર ૧૮ માં સેંકડામાં, અને ઊવર્ડઝ્રઉવર્થ તથા બાઈરન ૧૯ માં સેંકડામાં થઇ ગયા.

Lesson XXXII. પાઠ ૩૨ મો.

A FAITHFUL MINISTER AND A TYRANT.

એક નિમકહલાલ પ્રધાન અને એક જુલમગાર રાજા.

દુરાચારી શેહેનશાહ ટીશિઆંગની ગેરશિરસ્તાની ચાલ જણાવવાને જે સધળા ચીનના બાર અમલદારોએ નિશ્ચય કીધો હતો તેઓના જેવો એક પણ દાખલો શું યુરોપખંડના ઇતિહાસમાંથી મળી આવશે? જે અમલદારે પ્રથમ આ જોખમ ભરેલું કામ માથે લીધું તેને શેહેનશાહના હુકમથી કાપીને બે કડકા કરવામાં આવ્યા હતા; બીજાને રીબાવવાનો ને ત્યાર પછી તેને ધાતકી રીતે મારી નાંખવાનો હુકમ કર્યામાં આવ્યો હતો; ત્રીજાએ હિમ્મતથી તે કામ માથે લીધું તેને જુલમગાર શેહેનશાહે તત્કાળ કટાર ભોંકીને મારી નાંખ્યો; માત્ર એક શિવાય, આ પ્રમાણે સધળાઓને વીતી. પણ પોતાનું ધારેલું કામ ન છોડતાં, તે બહાદુર પછવાડે રહેલો જીવનાર પોતાના હાથમાં અતિ વેદનાના ઓજારો સાથે લઇને મેહેલની અંદર ગયો ને રાજગાદીકને પ્રતે બોલીને તેણે કહ્યું, અરે ટિશિયાંગ, "આમ જો" "તારી નિમકહલાલી રૈયતને પોતાની વફાદારીને માટે જે બદલો મળેછે તે આ રહ્યો; હું તો જુલમગાર રાજાની નોકરી કરી કંટાળી ગયોછું, અને ઇનામ લેવા સારૂ અહીંઆં આવ્યોછું." તેની હીમ્મતથી શેહેનશાહ અજબ થઈને

તત્કાળ તેની હિમ્મતવાળી વર્ત્તણુકની માફી બક્ષી, અને પોતા ની ચાલ સુધારી. એક જુલમગાર રાજાએ આ પ્રમાણે સુધરી ને નરમાશ પકડી તે વિશે યૂરોપખંડનો કયો વાર્ષિક ઈતિહાસ ગર્વ કરી શકશે.

ગોલ્ડસ્મીથ.

Lesson XXXIII. પાઠ ૩૩ મો.

THE SNAIL. ગોકળગાય.

૧. ગોકળગાય, ઘાસને, પાંદડાંને, ફળને કે ભીંતને, મજબૂત વળગી રેહેછે, અને (ત્યાંથી) પડવાની પણ ધાસ્તી રાખતી નથી, જાણે તે, ને તેનું ઘરબાર સામટાં ત્યાં ઊગ્યાં હોયની.

૨. જ્યારે તોફાનનું છેક પાસે આવેલું સંકટ, અથવા તે શિવાય હવાથી ઉત્પન્ન થતા બીજા કાંઈ ઉપદ્રવ (દુઃખ) આવી પડેછે, તે વખતે તે પોતાના ઘરની અંદર નિર્ભયપણાથી ભરાઇ બેસેછે.

૩. તેની પોતાની મેળે સંકોચાઇ જવાની શક્તિ એવીતો છે કે, તેના શિંગડાંને કિંચિત્ માત્ર સ્પર્શ કર્યો (અડકયા) તો (લાગલીજ) ઘણી નાખુશ થઇને તે પોતાના ઘરમાં પાછી પેસી જાયછે.

૪. જે જે ઠેકાણે તે રહેછે તે તે ઠેકાણે તે એકલીજ રહેછે; અને પોતાની જાત–પિંડ શિવાય, તેની પાસે બીજો કંઈ સરસામાન હોતો નથી; જાણે પોતાની સઘળી દોલતમાં હું પોતેજ છું, એમ રૂડી રીતે મન વાળ્યું હોય.

૫. આ પ્રમાણે સાધુની માફક તે પોતાનો ભવ કાઢેછે (જીંદગી ગુજારેછે), પોતાની માફક ખાઇપીને મઝા કરવાને મા

ટે તેને કોઈ ભાગીદાર (સોબતી) ની જરૂર પડતી નથી, અને એમ કરતાં કોઈ મળ્યો તો (પોતે) વેહેલી વેહેલી ખાયછે.

૬. તે અને તેનું ઘર, એવાંતો એકઠાં મળી ગયલાં હોયછે (બંધાયલાંછે), કે જો કોઈ તેને શોધવા લાગેછે, તેને જો તેનું ઘર હાથ લાગ્યું ને તેમાંથી તેનો માલિક (ધણી) ન જડેતો, તે જોનારો આંધળા કરતાં પણ અધિક આંધળો હોવો જોઇએ (એટલે તેને આંધળા કરતાં પણ નપાટ સમજવો.)

Lesson XXXIV. પાઠ ૩૪ મો.

INVENTORS. નવીન શોધ કરનારાઓ.

જેઓ નવિન કળા શિખવેછે તેઓ મનુષ્યજાતનું ભલુ કરનારા છે. માણસને ખેતીનું કામ આવડયું તેની અગાઉ તેઓએ રાની (જંગલી) ફળ, વનસ્પતી અને શિકારમાં મારેલાં પશુઓ ઊપર ગુજરાન ચલાવ્યું હશે. કેમ વણવું તે જાણ્યું તેના પેહેલાં તેઓ નાગા ફર્યા હશે અથવા ફક્ત ચામડાંજ ઓઢયાંજ હશે. હળ તથા સાળના શોધી કાહાડનારાઓ જાણવામાં આવ્યા નથી. સહુથી પેહેલું વહાણ બાંધનારના નામથી આપણે અજાણ્યા છૈયે. માણસોને અક્ષરોનો ઊપયોગ કરતાં પેહેલું કોણે શિખવ્યું તે કોણ કહી શકશે? જે નહી માલમ પડેલાં શખસોએ માણસોને આવી ઊમદા બક્ષીસો આપીછે તેમને પ્રાચીન લોકો જેવા કે હિંદુ, ચીના, ઈજીપ્શિઅન (મિસરદેશનો રહીશ) અને યુનાની, તેઓ ઇશ્વરી માન આપેછે. તેઓ તેમને પેગંબર અથવા દેવ અથવા દેવના દીકરા કેહેછે.

હમણાના વખતમાં અસલ અજાણ્યા એવા ઘણા હુન્નર આપણે શિખ્યા છિયે. છાપવાની કળા ૧૫મા સેંકડામાં શોધી કાઢવામાં આવી. ફૉસ્ટ, શેફ્ર અને ગટનબર્ગ એઓએ રાહીન નદીપર આવેલાં મેન્તેઝ શેહેરમાં પેહેલ વેહેલી ચોપડીઓ છાપી. ફૉસ્ટ, કે જેનો ધંધો સોનીનો હતો, તેના ઉપર જાદુ ચલાવવાનું તોહોમત મુકવામાં આવ્યું હતું, અને ગૅલિલીયોની, પેઠે ધર્મને મિષે (બહાને) જુલમ ગુજારવામાં આવ્યો હતો. તે ચોપડીઓ આટલી સસ્તી કેમ વેચતો તે લોકો સમજી શકયા નહિં. હાથે લખેલાં બાઈબલની કિંમત ૬૦૦ ક્રાઉન પડતી, પણ ફૉસ્ટનાં બાઇબલની કિંમત માત્ર ૬૦ ક્રાઊનજ પડતી. એના વખત પછી છાપવાની કળા એટલીતો સુધરી ગઈછે કે એક બાઈબલ ૨ કે ૩ ક્રાઉને વેચી શકાય. ડાકટર જેનર નામે એક અંગ્રેજી વૈદ્યે આસરે ૧૭૭૬માં શીતળાના ઉપાય તરીકે ગૌશીતળા કાહડવાનું શોધી કાહાડયું. એથી યૂરોપમાં લાખો માણસોના જાનનો બચાવ થયોછે.

હિંદુસ્તાનમાં સરકાર છોકરાંને ગૌશીતળા કાઢવા સારૂ વૈદક જાણનારા માણસોને મોકલેછે, તોપણ શીતળા એ માતાની કૃતીછે એમ સમજીને દેશી માબાપો ઘણીવાર તે કાહાડવા દેતા નથી. એમ છતાં પણ ઘણો ફાયદો થયો છે તથા શીતળાથી જેટલાં મરતાં તેટલાં હવે મારતાં નથી. વિલાતની રાજસભાએ, ડાકટર જેનરને તેની શોધને માટે ૨૦,૦૦૦ પાઉંડ ઈનામ આપ્યા. આસ્તે આસ્તે એવી આશા રાખવામાં આવેછે કે, ગૌશીતળાનો ફેલાવો થવાથી, શીતળાનો રોગ જડમૂળમાંથી નિકળી જશે.

જેમ્સ વૉટ (જે ૧૭૩૬ માં જનમ્યો હતો તે) ની પેહેલાં બાફનો ઉપયોગ બિલકુલ અજાણ્યો હતો એમ નહિ, પણ ખરેખરાં ઉપયોગી યંત્રો સહુથી પેહેલાં એણે બનાવ્યાં અને એને વરાળયંત્રનો શોધી કાઢનાર કહેછે. ઘણાખરા સર્વ જાતનાં કામ જે અગાઉ માણસો કરતાં તે હાલ આ આશ્ચર્યકારક સંચા વડે થાયછે. એથી કરીને માણસ જાતની શક્તિ અને દોલતમાં ઘણોજ વધારો થયોછે. આગગાડીનાં યંત્રનો શોધી કાહાડનાર જ્યૉર્જસ્ટીવનસન (જે ૧૭૮૧ માં જનમ્યો હતો તે) બલકે વૉટ કરતાં પણ વધારે મહાનપુરૂષ હતો, કેમકે તે એક સાધારણ કારીગરનો દીકરો હતો અને પ્રથમ રોજની બે પેન્સ (ચાર દીઆં) ના પગારે મજુર તરીકે તે ચાકરી રહ્યો હતો. તેણે વરાળયંત્રનો અભ્યાસ કીધો અને તે ગાડીઓ ચલાવવામાં તેનો ઉપયોગ કેમ થાય તે વિષે તેણે બિચાર કીધો. ઘણી હાંસી થઈ તે છતાં પણ તેણે પોતાની શોધ પુરી કીધી અને માન્ચેસ્ટર અને લીવરપુલ વચ્ચે એક લોઢાની સડક બાંધી. આ સડકની ફતેહથી બીજીઓ પણ બંધાઈ. ઇંગ્લાંડ લોઢાની સડકોથી ઢંકાઇ ગયું અને મી૦ સ્ટીવનસન પૈસાવાલો થઈ ૧૮૪૮ માં મરણ પામ્યો. લોઢાની સડકો બંધાઈ છે અને હાલ હિંદુસ્તાનમાં બંધાતી જાયછે, અને થોડાં વરસમાં કલકત્તાનો કોઈ બાબુ ૩૦ કે ૪૦ કલાકમાં મુંબઇ આવી શકશે.

દુનિયાનું ભલું કરનારાઓમાં, સર રોચર્ડ આર્કરાઈટ એક હજામનો દીકરો જે ૧૭૩૨ માં જનમ્યો હતો તેને પણ આપણે ગણીએ છીએ.

તેણે રૂ કાતવાનો સંચો શોધી કાઢયો જે ઘણું કરીને કંઇ પણ ફેરફાર થયા શિવાય હજી પણ વપરાય છે. તેના રૂના કા

રખાનાંઓના નફાથી ઈંગ્લાંડ તાજું અને બળવાન થયું છે. તેની સાથે વળી દુનિયામાંની દરેક પ્રજાને એથી સસ્તાં કપડાં મળવા લાગ્યાંછે. ૮૦ વરસ પર સૌથી સરસ એક રતલ ગોડીયા સુતરની કિંમત ૨૦ ગીની (૨૧૦ રૂપીઆ) પડતી, તેવુંજ હાલ ૧૫ સિલીંગે (૭ાા રૂપીયે) પડેછે.

હમણાના વખતની સહુથી સરસ શોધ શિક્ષાગુરૂ વ્હીટ્સ્ટને શોધી કાઢેલા વિજળીના તારના સંચાનીછે.

Lesson XXXV પાઠ ૩૫ મો.

PRESENCE OF MIND સમયસૂચકતા.

માસ્તર મરટનને હૅરી સાથે નીચે પ્રમાણે ઓળખાણ થયું:—એક રમણિય સવારમાં જ્યારે તે અને ચાકરડી ખેતરોમાં ફરતાં હતાં, અને રાની ફૂલો વીણતાં (એકઠાં કરતાં) અને પતંગીઆં પાછળ દોડતાં તેવામાં થોડાક લાંબા ઘાસમાંથી એકાએક ભુજંગ (મોટો સાપ) બહાર નિકળી આવ્યો, અને નાના ટૉમીના પગની આસપાસ ચુડ ભેરવી (વિંટલાઇ ગયો). તેઓ બંન્ને જે દેહેશતમાં હતા તે દેહેશતની તમો કલ્પના કરી શકોઃ તે દાસી મદદની અપેક્ષાને માટે ચીસ પાડતી દોડી ગઈ, અને ત્રાસની પ્રાણાંત વેદનામાં તે બાળક જે જગાએ તે ઉભો હતો તે જગા પરથી તેની ખસવાની હિમ્મત ચાલી નહિ. હૅરી, જે ભોગજોગે તે પાસેથી જતો હતો તે દોડી આવ્યો, અને શું થયું તે વિશે પૂછ્યું. ટૉમી, જે દયા ઉપજે એવી રીતે ડુસકાં ભરી રડતો હતો, તેને કેહેવાને તેનાથી બોલાયું નહિ (તેને કેહેવાને ને શબ્દ પણ યાદ ન આવ્યા) પણ પોતાના પગને આંગળી કરી દેખાડયો, અને જે બન્યું હ

તું તે વિશે હૅરીને જણાવ્યું. હૅરી, જે ઘણો ધૈર્યવાળી પ્રકૃતિનો છોકરો હતો, તેણે કહ્યું કે તું બીહી ના, અને સર્પને જેટલી ચપળતા તેટલીજ દૃઢતાથી ગરદનથી પકડીને ટામીના પગ ઊપરથી તેને વછુટો કીધો (ખેંચી કાહાડયો), અને તેને ઘણે દૂર ફેંકી દીધો.

આ પળે તરતજ, જે વખતે ટામીને શુદ્ધી આવી (ટામીનો આત્મા ઠેકાણે બેઠો; તેને પાછું ભાન આવ્યું) અને પોતાના નાના હિમ્મતવાન સંકટમાંથી છોડાવનારનો આ પળે લાગલોજ આભાર માન્યો. તે વખતે મરટનની ધણિયાણી તથા કુટુંબકબીલો એકશ્વાસે (દમ ચડી ગયો હોય તેવી રીતે શ્વાસ લીધા વગર) તે જગાએ દોડી આવ્યાં. તે વખતનો તેણીનો પ્રથમ આવેશ તેના અત્યંત પ્યારા બાળકને પોતાના હાથમાં લેવાનો હતો, ને ત્યારપછી કદાચ તેને કંઈ ઈજા થઈ હતી કે નહિ તે પૂછીને તેને હજારો બોકીઓ કીધી.

તેણે કહ્યું, 'ના,' ખરેખર મા, મને ઈજા થઈ નથી; નાના છોકરાએ આવીને તેને ફેંકી દીધો ન હોત અથવા તેને ખેંચી કાહાડયો ન હોતે તો મને લાગેછે કે (હું ધારૂંછું કે) તે બિહામણું જનાવર મને કરડત.

તે બોલી મારા વહાલા, તું કોણછે કે જેના અમે સઘળા આટલા બધા આભારી છૈયે ? બાઇ સાહેબ, મારૂં નામ હૅરી સૅન્ફર્ડછે; 'વારૂ, મારા બચ્ચા, તું એક પ્યારો, ધૈર્યવાળો છોકરોછે, અને તું અમારી સાથે ઘેર ચાલીને અમારી જોડે જમ.'

બાઈ સાહેબ, તમારો આભાર માનું છું, હું નહિ જમું: કેમકે મારા બાપ મારી રાહા જોતા હશે. મારા વહાલા બેટા, 'તારો બાપ કોણછે, બાઈ સાહેબ, તેનું નામ ફારમર

સેન્ડફર્ડછે, જે ટેકરીનો તલેટી આગળ રેહે છે.' ઠીક, મારા વહાલા, તને હવે પછી મારા દીકરા બરોબર ગણીશ; તું મા રો દીકરો થશે કે? બાઇ સાહેબ, જો તમારી મરજી હોયતો, મારે પણ મારાં પોતાનાં માબાપછે?

T. Day. ટી. ડે.

Lessne XXXVI. પાઠ ૩૬ મો.

THE ANT OR EMMET. કીડી.

૧. આ કીડીઓ આપણી નજરે કેટલી ઝીણીઓછે (કેવી ઝીણી દેખાય છે)! આપણે તેમને (પગ તળે) ધૂળમાં ચ ગદી નાંખીએ છૈયે અને તેમનાં (કીડીઓના) સાથરે સાથરા (ટો ળે ટોળાં) મરી જાય છે ને તેની આપણે કનવારો કે દરકાર કર તા નથી; આપણે ડાહ્યા છૈયે એમ છતાં) જો આપણે તેના ઉપર થી શિખામણ લઇએતો; (આપણામાં) ઊંઘણસી અને મૂર્ખ (અણસમજુ) એવા પુષ્કળ છે, તેઓ ડહાપણની કટલીએક વાતો શિખે.

૨. તેઓ પોતાનો વખત ઉંઘમાં, કે રમતમાં ગાળી નાંખતા નથી; પણ ઉઘાડ થયલા (ઉષ્ણકાળના તડકાવાળા) દિવસો માં ધાન્ય એકઠું કરેછે) અને શિયાળાને માટે તેઓ પોતા નો ખોરાકીનો સંઘરો–ભંડારનો સંચય કરેછે (ભરી–સંઘરી રાખેછે). તેઓ પોતાનાં કામ એવાંતો કાયદાસર ધોરણો (રી તીઓ) પ્રમાણે ચલાવેછે કે, કોક (કોઇ એકાદ માણસ) એમ ધારે જે, આગળ શિયાળામાં બધી ઝાકળ (હિમ) પડશે તથા તોફાન થશે, એમ તેઓને આગમજથી ખબર પડી ગઈ

હોયની; અને એવી રીતે તેઓ પોતાનો ખોરાક ઘરમાં (૬૨ માં) લાવેછે.

૩. જે વસ્તુઓ મારે જોઇશે તેને માટે જો હું ઘટતી સંભાળ ન રાખુંતો, અથવા ધાસ્તી જોખમ ન નડે એવો ઈલાજ વખતસર ન કરી રાખુંતો, એક બિચારી પેટે ચાલનારી કીડી કરતાં પણ માહારામાં ઓછી સમજછે એમ સમજવું. જો ભરજુવાનીના ઉત્તમ દિવસો હું નકામા (વ્યર્થ) જવા દઉંતો, (અંતકાળને સમયે અથવા આખર દહાડે) જે વેળા મોત અથવા ઘડપણ મારી સાંમે ટગરટગર આંખો કાઢી જોશે તે વેળા આખર દહાડે મારી કેવી માઠી ગતી થવાની (હું કેવો કંગાળ થઈ પડીશ)?

૪. હમણાં; હજીપણ, જ્યારે મારૂં કૌવત (બળ) અને મારી જુવાની ખીલતીછે (સારી સ્થિતિમાંછે,) તેટલામાં મંદવાડ આવી (ઉભો રહેશે) તે વખતે મને શું શું કામ લાગશે તેનો હું વિચાર કરી લઉં; અને હરિનું સ્તવન કરી લઉં, કે, મારાં પાપોની માફી મળે; ધર્મ—નીતિ સંબંધી પુસ્તકો હું વાંચી લઉં, અને તેમાં જે લખેલુંછે તેને માનું અને તે પ્રમાણે ચાલું, કે, જ્યારે મોત આ માટીના (હાડ માંસના) ખોળીયામાંથી (ઝુંપડામાંથી) મને કાહાડી મૂકે, ત્યારે હું વૈકુંઠને વિશે રાજમંદીરમાં જઈ રહું.

Lesson XXXVII. પાઠ ૩૭ મો.

THE MARQUIS WELESLEY.

મારક્વિસ—ઊવેલેસ્લી.

આ મોટો રાજ્યનીતિ કુશળ પુરૂષ અર્લ—ઑફ—મૉર્નિંગટ

ન." (હિંદુસ્તાનનો ચોથો ગવર્નર–જનરલ, ઇ. સ. ૧૭૯૮–૧૮૦૫) " નો દીકરો હતો, જે ૧૭૬૦ના જુન મહિનામાં જનમ્યો હતો. તે ઈટનસ્કુલ તથા ઑાકસફર્ડની પાઠશાળામાં ભણ્યો હતો. બાળપણથીજ એની બુદ્ધિ જણાઈ આવે એવી હતી. તે લાટિનભાષામાં સારો વિદ્વાન હતો, તથા લાટિનમાં વખાણવા લાયક કવિતા બનાવતો (લખતો.) એનો નામાંકિત ભાઈ કર્નલ આરથર વેલેસ્લિ જે પાછળથી ડયૂક-ઑફ-ઉવેલિંગ્ટન થયો તેની પાછળ તે ૧૭૯૮ માં હિંદુસ્તાનમાં ગવર્નર–જનરલ (સુબો) થઈને આવ્યો.

૧૭૯૮ ના મે મહિનાની ૨૨ મી તારીખે લૉર્ડ ઉવેલેસ્લી મદ્રાસ આવી પોંહોંચ્યો. એ વખતે હિંદુસ્થાન મધ્યેનું બ્રિટિશ (અંગ્રેજી) શેહેનશાહી રાજ્ય ભારે જોખમમાં હતું. સર–જૉન–શોર " (હિંદુસ્તાનનો ત્રીજો ગવર્નર–જનરલ ઇ. સ. ૧૭૯૩–૧૭૯૮) " ની શાંત (નરમ) રાજનીતિ તમામ નિષ્ફળ ગઇ હતી. તેથી ઇંગ્લાંડના મલતિયાં રાજ્યો (સહાયકારીઓ) ને કંટાળો ઉપજાવ્યો હતો, તથા તેથી દુશમનોના ટાંટિયા જોરમાં આવ્યા હતા (ઉત્તેજન મળ્યું હતું). માઇસૂરનો સુલતાન ટીપુ સાહેબ ઇંગ્લાંડની વિરૂદ્ધ છુપાં કાવત્રાં કરતો હતો. મૉરિશ્યસમાંના ફ્રેન્ચ લોકો તેને જોદ્ધાઓની મદદ આપવાની તૈયારી કરતા હતા. બોનાપાર્ટ ફ્રેન્ચ લોકોના એક લશ્કર સહિત ઈજીપ્તમાં હતો, તેણે ટીપુ ઉપર એક છુપો કાગળ મોકલ્યો હતો, જેમાં અંગ્રેજોને હિંદુસ્થાનમાંથી હાંકી કાહાડવા સારૂ મદદ આપવાનું તેણે લખ્યું હતું. (આ કાગળ પકડાયો હતો) અટકાવવામાં આવ્યો હતો અને તે ગવર્નર–જનરલને મોકલ્યો હતો.) નિઝામે પણ બનાવ રાખ્યો ન હતો, તથા

પોતાના સિપાઈઓને કવાયત આપવા સારૂ ઘણા ફ્રેન્ચ અમલદારોને રાખ્યા હતા. મરાઠા પણ, હંમેશ ચોગરદમથી અંગ્રેજી સજ્ય ધાસ્તીમાં આવી પડયું હતું.

લૉર્ડ ઉવેલેસ્લી એ પ્રસંગને યોગ્યજ હતો. ઈજીપ્ત (મિસ રદેશ) તરફ ફ્રેન્ચ લોકોની સામે થવાને સારૂ પેરિમ જે લાલ સમુદ્રના મથક પર આવેલોછે તેને તેણે કોટબંદી કીધું, અને એના સમજાવ્યાથીજ એણે નિજામને પાછો અંગ્રેજનો મિત્ર કીધો. પછી તેણે ટીપુ પાસેથી ખુલાસો માંગ્યો, જે અંગ્રેજની વિરૂદ્ધનાં (ઈંગ્લાંડની સાંમેના) કાવત્રાં વિષે નિર્લજ્જપણાથી નામુકર ગયો. એનાં જુઠાણાથી ગવર્નર જનરલ છેતરાયો નહિ પણ જનરલ હારિસ જે પાછળથી લાર્ડ થયો તેની સરદારી હેઠે એક સારૂ લશ્કર મોકલ્યું જેને કર્નલ ઉવેલેસ્લિના હાથ નીચેનું નિઝામનું લશ્કર જલદીથી જઈ મળ્યું. થોડા દિવસ લડાઇ ચાલ્યા પછી લોર્ડ હારિસે એકદમ છાપો મારીને શ્રિરંગપટ્ટણ લીધું (૧૭૯૯ ના મે મહિનાની ૩ જી તારીખે) જ્યાં ટીપુ* માર્યો ગયો, અને માઈસૂરનો સઘળો ભય બંધ પડયો.

---

* ટીપુ જે માઈસૂરનો વાઘ કેહવાતો તેની નિષ્ઠુર (ઘાતકી) તથા વિશ્વાસઘાતી ચાલ સારી પેઠે જાણીતી છે. તેણે ઘણા યુરોપિયન કેદીઓને જાણી જોઈને મારી નાંખ્યા, અને ખ્રિસ્તી લોકો તથા હિંદુ લોકો ઊપર તેમનો ધર્મ બદલાવવા સારૂ ઘણું નિર્દયપણું કીધું. તેના મહેલમાંથી જાણે એક વાઘ કોઈ યુરોપિયનને (અંગ્રેજને) મારી નાંખતો હોય એવું એક પુતળું હાથ લાગ્યું હતું. આ એની ગમતને માટે બનાવેલું રમકડું હતું. હાલ એ (પુતલું) લંડનમાં છે. અને ટીપુ કેવી કમકમાટ ભરેલી રીતે લોહીનો તરસ્યો હતો તથા અંગ્રેજ લોકોને કેટલો ધિક્કારતો હતો, તેનો આ સારો એક નમુનો દાખલ રહેલું છે.

પછી લૉર્ડ વેલેસ્લી હિંદુસ્તાનમાં સમાધાની કરવામાં તથા દેશી રાજાઓ જોડે અંગ્રેજ લોકોની મિત્રાચારીઓ મજબૂત કરવામાં ગુંથાયો. એ પછી તરતજ મરાઠા લોકોનું યુદ્ધ ચાલ્યું. ગવર્નર જનરલના હુકમ પ્રમાણે તેનો ભાઇ, જે હાલ જનરલ વેલેસ્લી હતો, તેણે દક્ષિણમાં અસે આગળ સિંધિયાના એક મોટા લશ્કરનો નાશ કીધો. (૧૮૦૩ ના સપટેમ્બરની ૨૩ મી તારીખે). તેમ ઉત્તરમાં લૉર્ડ લેક પણ દિલ્હી, આગ્રા, અને લાસવારી આગળ ફતેહ મેળવી. ૧૮૦૩ ના ડિસેમ્બર મહિનામાં નરમઘેંસ કીધેલા સિંધિયા સાથે તથા તેનો સહાયકારી બિરારના રાજા સાથે સલાહના કોલકરાર થયા. તો પણ મરાઠાઓને બંધનમાં રાખવાને કોઇ પણ શરતોથી લાભ થયો નહીં તથા તેઓ અગાઊની પેઠે તરતજ લૂટફાટ કરવા લાગ્યા, અને આ પ્રમાણે (તેથી કરીને) બીજી લડાઇ કરવાની જરૂર પડી. પણ ગવર્નર જનરલને હવે ઘણીવાર સુધી ખિહવાનું કારણ રહ્યું નહોતું. ૧૮૦૫ ના વર્ષની શરૂઆતમાંજ તેણે હિંદુસ્તાન છોડયું અને તેને સરકાર તથા ઈસ્ટ ઈંડિયા કંપનીની તરફથી ઘણી શાબાશી મળી.

યુદ્ધમાં લાર્ડ વેલેસ્લીના બળના ઘણાજ વખાણ થયાં. તેણે આવી રીતે ઇંગ્લાંડની સત્તાનું રક્ષણ કરીને વધારી. પણ તેનાં સુલેહ ભરેલાં કામો થોડા વખાણવાં જેવાં નહોતાં. રાજ્યકારભાર તથા દેશીઓની હાલત સુધારવામાં તેણે મેહેનત લીધી. વિશેષ કરીને તેણે વેપારનો વધારો કીધો, તથા કંઈ પણ ગેરઇનસાફ કે જુલમ કીધા વગર અંગ્રેજી રાજ્યનું મેહેસૂલ ૭,૦૦૦,૦૦૦ પાઉંડથી ૧૫,૦૦૦,૦૦૦ પાઉંડ સુધી વધાર્યું.

જ્યારે તે હિંદુસ્તાનમાં આવ્યો ત્યારે તે ગરીબ હતો, પણ જ્યારે અત્રેથી ગયો ત્યારે જો તે પૈસાદાર થયો હતો તો તે થોડો થયો હતો. શ્રીરંગપટ્ટણ સર થયાથી લૂટમાં મળેલા પૈસા જે મળ્યા તેમાં તેને ભાગે ૧૦૦,૦૦૦ પાઉંડ આવ્યા હતા, પણ તેની મરજી લશ્કરને ઉત્તેજન આપવાની હતી, તેથી દોકડે દોકડો પાયદળ લશ્કરને આપી દીધો (સઘળો પૈસો વેહેંચી દીધો). હિંદુસ્તાનના રાજકારભાર વિષે તેની સઘળી યુક્તિઓ ઉત્કૃષ્ટ હતી પણ કેટલીકવાર તેઓથી ઘણો ખરચ લાગે-થાય એવી (યુક્તિઓ) માલમ પડતી.

ઈંગ્લાંડ (વિલાયત) ગયાપછી, લાર્ડ વેલેસ્લીએ રાજના કેટલાક મોટા યોદ્ધા બજાવ્યા; અને ૮૩ વર્ષની પાકી અવસ્થાએ (ઉમરે) ઇ. સ. ૧૮૪૨ માં મરણ પામ્યો. જેઓએ હિંસ્તાનમાં અંગ્રેજી શેહેનશાહી રાજ્ય સ્થાપ્યું તે સઘળામાં એણે આપણે મુખ્ય જગ્યા આપવી અસાધારણ હતું. તેને યુદ્ધ કરવું ગમતું નહીં; પણ તેણે જોયું કે મરાઠાઓ પોતાના મોટાં લશ્કરો રાખી રહ્યાછે, ત્યાં લગી, હમેશ નીભે એવી સુલેહ મેળવવાને સારૂ લડાઈ કરવી જરૂરછે એ વાત તેના ઊત્તરાધિકારીઓ સર જીયાર્જ બારલો તથા લાર્ડ મિંટોના વખતમાં સાબિત થઇ.

Lesson XXXVIII. પાઠ ૩૮ મો.

THE OLD MAN AND HIS ASS.

ઘરડો માણસ અને તેનો ગધેડો.

એક ઘરડો માણસ અને એક નાનો છોકરો પાસેના બજારમાં ગધેડો વેચવા હાંકી લઇ જતા હતા. રસ્તાપરના માણસે

કહ્યું, "આ માણસ કેવો મૂર્ખ છે, "કે પોતાનું ગધેડું સેહેલથી ચાલ્યું જાય તે સારૂ તેના દીકરાને લઇને પગે ધીમે ચાલતો જાયછે!" આ સાંભળીને તે ઘરડા માણસે, પોતાના છોકરાને ગધેડા ઉપર બેસાડયો ને તેનીમેર રહીને પોઈસ પોઈસ કરતો (સીસોડી વગાડતો) ચાલ્યો. "કાં અરે ઓ માણસના જણ્યા" તે છોકરાને બીજા માણસે કહ્યું, "તું સવાર થઇને ચાલ્યો જાયછે અને તારો બિચારો ઘરડો બાપ પગે ચાલેછે એ તને લાજમ છે?" આ ઠપકાપર, બાપે ગધેડાપરથી પોતાના છોકરાને નીચે ઉતાર્યો ને પોતે ચડયો. ત્રીજો બોલ્યો, "તમે સમજો છો" "આળસુ પાડો ઘરડો લુચ્ચો તેના પશુપર સ્વારી કરતો જાયછે, અને પોતાનો બિચારો નાનો છોકરો ચાલતાં ચાલતાં લથડીયાં ખાય છે (લંગડાયછે)?" તે ડોસાએ આ જેવું સાંભળ્યું કે તરતજ પોતાના દીકરાને તેની પાછળ બેસાડયો. ચોથો માણસ બોલ્યો, "પ્રમાણિક બાંધવ, વિનંતી કરૂંછું કે, "શુ આ ગધેડો તમારો છે?" "બીજાએ જવાબ દીધો, આવી કુરતાથી તમોએ તેનાપર બોજો મૂકયોછે તે પરથી કોઈ માણસ એમ નહિ ધારે કે એ ગધેડો એમનો છે. તું તેને લઈ જાયછે તેના કરતાં તું અને તારો દીકરો આ બિચારા પશુને લઈ જવાને વધારે શકિતવાન છો." "માલિક કહેછે, તમારી ખુશીમાં આવે તેમ (તમે કહો તેમ);" અને પોતાના દીકરાને ઉતારીને, તેઓએ ગધેડાના પગો બાંધ્યા, અને સોટાની સહાયતાથી જે પુલ પરથી શેહેરમાં જવાનો રસ્તો હતો તે પુલ પરથી પોતાના ખભાપર લઈ જવાનો યત્ન કીધો. આ એવો રમુજી દેખાવ (થઇ પડયો) હતો કે, તેને હાંસી કરવાને લોકોના ટોળે ટોળાં દોડતાં આવ્યાં; આખરે ગધેડાએ પોતાના ધણીનુ બેહદ સભ્ય

પણાં પર કંટાળો પામીને જે દોરડાં તેને બાંધેલા હતાં તેના તો ડીને જૂદે જૂદા કટકા કરી નાંખ્યા, અને લાકડીમાંથી સરી પ ડયોને નદીમાં ગબડી પડયો. તે ડોસો જેમ બને તેમ જલદી થી શરમાઇને તથા ચીડાઈને ઘેર જતો રહ્યો, કે દરેક જણને ખુ શી કરવાના પ્રયત્ન કરવામાં તેને કોઇનું મન રંજન કર્યું નહિ ને વળી મફતમાં પોતાનો ગધેડો ખોયો.

એચ વૉલપોલ.

Lesson XXXIX. પાઠ ૩૯ મો.

ASPIRATIONS OF YOUTH.

જુવાનીની તૃષ્ણા (આશાઓ-ઉમંગ.)

૧. જ્ઞાનરૂપી ખાણોમાં, આપણે વધારે ઊંડું ઊંડું ખોદતાજઈએ, અને વિદ્યાલય તથા પાઠશાળા (મદ્રેસા) માંથી સૃષ્ટિસંપત્તિ (સિદ્ધપદાર્થ વિજ્ઞાનનું કીંમતી જ્ઞાન) અને વિદ્યારૂપીલુટ (ગ્રંથમાંથી મેળવેલી ફાયદાકારી શિખામણ સંપાદન કરો): રાજાઓના મુગટમાં ઝળકતા ઝવેરાતો (રત્નો) કરતાં અધિક ઊંચામૂલ્યવાન ઝવેરાત (ભારે દાગીના) ને સારૂ આપણે ત્યાં ખોદો.

૨. (સુખ, કીર્તિ, તથા રાજ્યલોભ ઇત્યાદિ જે માણસનો દુનિયાપ્રતે ધર્મછે એવા) ધર્મના માર્ગમાં આપણે આગળ આગળ વધીએ; (કારણકે) સદાચરણમાં ચાલવું (સદ્‌ગુણમાં રેહેવું) એજ ખરૂં સુખછે, અને શ્રેષ્ટનીતિ એજ ખરીશોભા છે.

મનુષ્યોના આત્મા* પરમેશ્વરે પેદાકર્યાછે અથવા સ્વર્ગમાં અવતરેલાછે (સ્વર્ગ† એ આત્માઓનું ઉત્પત્તિ સ્થાનછે), તેટલા

---

* આત્મા એ ઈશ્વરનો અંશછે—(મન સ્વર્ગઅંશીછે).

માટે ચાલો આપણે આ પૃથ્વિનેજ વૈકુંઠ (સ્વર્ગ) ના સરખી બનાવી દઈએ. (એટલે જેમ સ્વર્ગના લોકો પવિત્રાઈથી ને સુખ થી રેહેછે તેજ પ્રમાણે આપણે આ મૃત્યુલોકમાં તેઓની માફક નિર્મળપણાથી ને સુખથી રહીએ).

Lesson XXXX. પાઠ ૪૦ મો.

THE DUKE OF WELLINGTON.

ડ્યુક-આવ-ઉવેલીંગટન.

આર્થર વેલેસલિ, લૉર્ડમૉર્નિંગટન, જે પાછળથી માર્ક્વિસ વેલેસલિ થયો, તેનો ન્હાનો ભાઈ હતો. તે ૧૭૬૯ જે વર્ષમાં નેપોલિયન બોનાપાર્ટ જનમ્યો હતો તેજ વર્ષમાં જનમ્યો હતો. ૧૬ વર્ષની ઊમ્મરે તે લશ્કરમાં ચાકરી રહ્યો, તથા પછી એ ને ૩૩ મી પલટણનો કર્નલ કરવામાં આવ્યો, જેની સાથે હિંદુસ્તાન જવાનો એને હુકમ થયો હતો. ૧૭૯૭ ના ફેબ્રુઆરી મહિનામાં તે કલકતે આવી પોંહોંચ્યો.

એ વખતે અંગ્રેજ સરકાર ટીપુ સાહેબ અને મરાઠાઓ ને લીધે ધાસ્તીમાં આવી પડી હતી. કર્નલવેલેસ્લિ શ્રીરંગપટ્ટણનો ઘેરો ઘાલવામાં સામેલ હતો, જેમાં નિર્દય ટીપુ માર્યો ગયો. પછી એક નાનું લશ્કર લઇ આસાઇ આગળ સિંધિયાના મોટા લશ્કરનો તેણે ઘાણ વાળ્યો. અંગ્રેજ લોકોએ આ મોટા પરાક્રમનો બદલો ઉપકારથી, માન તથા માતબર બક્ષિસો આપી વાળ્યો હતો. દેશીઓને પણ આભાર થવાનું કંઈ ઓછું કારણ નહતું. ટીપુ મરી ગયા પછી મ્હેસુરના દિવાની (મુલકી)

---

૧. જીવાત્મા, ચૈતન્ય. ૨. જીવ, પ્રાણ, મર્મસ્થાન. ૩. કર્ત્તાહરતા, ચેતન.

હાકેમ તરીકે તેણે પોતાના વ્યાજબી, અને ડહાપણ ભરેલા અમલથી લોકોનો પ્યાર મેળવ્યો હતો. એણે તેમને માટે રસ્તાઓ, તળાવો, તથા પૂલો બંધાવ્યા, અને સારૂં પોલિસ ખાતું સ્થાપ્યું. પૈસો તથા વ્યાપાર વધ્યો, તેથી આસપાસના તાલુકાઓમાંથી વસનારા ટોળેટોળાં આવ્યાં. અંગ્રેજી અમલનું સુખ ગરીબ લોકોએ ભોગવેલું નહીં તેથી તેઓએ તેને બે વખત જાહેર માનપત્રો આપ્યાં, જે ઘણાએક વર્ષ પછી વ્યાજબી અભિમાનથી તે પોતાના મિત્રોને બતાવતો. ૧૮૦૫માં જ્યારે તેણે હિંદુસ્તાન છોડયું ત્યારે શ્રીરંગપટ્ટણના લોકોએ સ્તુતિ કીધી કે "મ્હેસૂરમાં તેણે વ્યાજબી રીતે તથા અપક્ષપાતપણે અમલ ચલાવ્યો તેને માટે સઘળી જ્ઞાતિઓનો તથા સર્વ વર્ણનો જે પરમેશ્વર તે તેને સુખી રાખો અને તેનો બદલો આપો". જ્યારે તે ઈંગ્લાંડ ગયો, ત્યારે સર આરથર વેલેસ્લિી કે૦ સિ૦ બી૦,* પાર્લામેંટમાં દાખલ થયો, પણ ત્રણ વર્ષમાં, પછી સમશેર ખેંચવાનો (લડવાનો) તેને હુકમ થયો. ૧૮૦૮માં નેપોલિયન શેહેનશાહ આખા યૂરોપખંડનો ધણી થયો હતો, અને તે ઈંગ્લાંડના વ્યાપારને પાયામાલ કરવા તજવીજ કરતો હતો. એણે પોતાના ભાઈ જોસેફને સ્પેનની રાજગાદીપર બેસાડયો હતો અને ફ્રેન્ચ યોદ્ધા (સિપાઈઓ) એ આખો દ્વીપકલ્પ (સ્પેન અને પોર્ટુગલ) હસ્તગત કરી લીધો હતો. ફ્રેન્ચોની ધૂસરીમાંથી છૂટા થવાને સ્પેનદેશના લોકો ધુંધવાઇ રહ્યા હતા (બળી રહ્યા હતા). આ લોકોને તેમના પરદેશી જુલમગારોની સામા થવામાં મદદ કરવા સારૂ વેલેસ્લિને એક નાના અંગ્રેજી લશ્કર સહિત મોકલ્યો હતો. તેણે ઓપોર્ટો આ

* આ અક્ષરોને નાઇટ કમૅન્ડર-ઑવ-ધ-બૅથ એ પ્રમાણે વાંચવા; જે અંગ્રેજ લોકમાં માનનો ખિતાબછે.

ગળ છાવણી કીધી, બે મોટી ફતેહ મેળવી, અને ફ્રેન્ચ લોકોને પોર્ટુગાલમાંથી હાંકી કાહાડયા. બિજે વરસે તે પાછો આ દ્વીપકલ્પમાં આવ્યો અને 'ટાલાવીરા' આગળ ફ્રેન્ચલોકોના મોટા લશ્કરનો પરાજય કીધો. આ ચાકરીના બદલામાં પાર્લામેંટે તેનો ઉપકાર માન્યો તથા લૉર્ડ વેલિંગટનનો ખિતાબ આપીને ૨૦૦૦ પાઉંડનું વર્ષાસન કરી આપ્યું. સન ૧૮૧૦, ૧૮૧૧ અને ૧૮૧૨માં લૉર્ડ વેલિંગટને નેપોલિયનના સરદારો ઉપર મોટી ફતેહ મેળવીને માડ્રિડ લઈ લીધું. આ જયથી લોકો ઘણાજ ખુશી થયા. લૉર્ડ વેલિંગટનને 'માર્કિવસ' નો ખેતાબ, અને ૧૦૦,૦૦૦ પાઉંડની કિમ્મતની મિલકત બક્ષીસ મળી.

હજી એ દ્વીપકલ્પમાં લડાઇ ચાલુજ હતી. અંગ્રેજો આગળ ધસ્તા ગયા ને ફ્રેન્ચ લોકો પાછા હઠતા જઈને ફ્રાન્સ ભણી પાછા વળ્યા. એ દ્વીપકલ્પની સરહદ ઉપર આવેલા વિકટોરીયા શેહેર આગળ છેલ્લી મોટી લડાઈ થઇ. આ લડાઇ પછી ફ્રેંચ લોકો સામા થયા પણ કંઈ દમ રહ્યો નહોતો. (સામા થઈને ફકત સ્હેજ અટકાવ કર્યો હતો). નેપોલિયનના ચુંટી કાહાડેલા સિપાઈઓને તથા તેના સહુથી ચંચળ સરદારોને હરાવ્યા પછી ૧૮૧૪ ના વર્ષમાં માર્કિવસ જય મેળવેલા પોતાના લશ્કરના ઉપરીપણે પારીસમાં દાખલ થયો. નેપોલિયન શેહેનશાહ રાજ છોડી જતો રહ્યો, અને ફ્રાન્સની ગાદી ઉપર ૧૮ મા લુઈને બેસાડયો. વેલિંગટન ઉપર બિજાં માનોનો વરસાદ વરસ્યો. યૂરોપના મામલાનો બંદોબસ્ત કરવાને દરેક રાજના એલચીઓની એક સભા મળી અને બધે ઠેકાણે સમાધાન માલમ પડયું, એટલામાં એકાએક લડાઇનું પાછું મંડાણ થયું (લડાઇ પાછી જાગી).

નેપોલિયન છાનોમાનો પાછો ફ્રાન્સમાં ગયો અને તરત જ તેનું જુનું લશ્કર તેને સ્વાધીન થયું. જ્યારે તેનું લશ્કર તેને છોડીને જતું રહ્યું ત્યારે ફ્રાન્સનો રાજા નાશી ગયો. જે લશ્કર બેલજિઅમમાં મોકલવામાં આવ્યું હતું તેની સરદારી લેવાનો અંગ્રેજ સરકારે લૉર્ડ વેલિંગટનને બોલાવ્યો, અને એ કાળના સહુથી ગૌરવવાળા બે સેનાપતિઓ વૉટરલૂ આગળ સામસામા થયા. નેપોલિયનનું લશ્કર નાશ પામ્યું અને વેલિંગટનને ડયૂક*ની પદવી મળી.

જે વખતે તેણે લડાઈના વખતમાં પોતાના દેશની ચાકરી બજાવી હતી તેવી રીતે સમાધાનીના વખતમાં બજાવવાને તેણે આરંભ કીધો. એટલે કે બહાદુરીથી, પ્રમાણિકપણે, અને ડહાપણથી.

જુદે જુદે પ્રસંગે તે એલચી, રાજ્યનો મુખ્ય પ્રધાન, અને મુખ્ય સેનાપતિ થયો હતો. અમીરોની સભા મળતી તે વખતે એ જેવો હાજર રેહેતો તેવો કોઈ પણ બીજો અમીર રેહેતો નહીં. સરકાર એની જેટલીવાર સલાહ પૂછતી તેટલીવાર બિજા કોઈની પૂછવામાં આવતી નહીં. એ ૮૩ વર્ષની ઉમ્મરે ૧૮૫૨ ના સપ્ટેમ્બર મહિનામાં મરણ પામ્યો. પાર્લામેંટ સભામાં છેલ્લું વેહેલું ભાષણ તેણે ગયા જુન મહિનામાં કર્યું હતું.

મરતાં સુધી એના દેશી જનો એને માન આપતા હતા. જે જે ઠેકાણે અંગ્રેજો વસેલાછે તે તે ઠેકાણે એ "શુરા ડયુક" ની છબીઓ અને પૂતળાં જોવામાં આવેછે. એની ચાલચલણ વિશેષે કરીને અંગ્રેજીજ હતી. તે ઘણોજ પ્રમાણિક અને કામમાં

* અંગ્રેજી અમીરોની પદવીમાં આ સર્વથી ચહડીયાતી પદવીછે. એથી ઉતરતી પદવીઓ માર્ક્વિસ, અર્લ, વાઇકાઉંટ અને બૅરનછે.

દૃઢ નિશ્ચયવાળો હતો. વાતો કરવા કરતાં તે કામ કરવાને વિશેષ ચાહતો હતો. જેઓ વાજબી સત્તાની સામે થતા તેઓનો તે શત્રુ હતો. તે પોતાના પરાક્રમની કદી મગરૂબી કરતો નહીં. બડાઇ અને સ્વાર્થપણાને તે ધિક્કારતો, અને બીજી સઘળી વાતો કરતાં ઇંગ્લાંડ પ્રત્યે પોતાની ફરજનો વિચાર કરતો. જો કે એ પૈસાદાર હતો તોપણ લડવૈયાની પેઠે તે સાદાઇ રાખી રહ્યો હતો અને તેથી કરીનેજ તેની લાંબી જીંદગીના વખતમાં તેના મનનું અને શરીરનું બળ રહ્યું હતું.

લંડન મધે સેંટપૉલના કેથિડ્રલમાં (પાલ નામના સાધુના દેવલમાં) ધામધુમથી તેનો ભૂમિદાહ કરવામાં આવ્યો હતો. સમુદ્રના મોટા જવાં મર્દ નેલસનની જોડાજોડ એની લાસને અડદીઆ પથ્થરની કબર નીચે ડાટીછે.

Lesson XLI. પાઠ ૪૧ મો.

THE HEROISM OF A PEASANT.

એક ગામડીઆની જવાંમર્દી.

નીચેના ઊદાર કામે હમેશાં મને ઘણોજ અચંબો પમાડયોછે; તેની અંદર કંઇ એક ઉદારશીલતા પણછે.

આલપ્સ પર્વતના અતિશય બરફ પડવાથી ને પછાડી તરત બરફનું પીંગળવું થયું તેને લીધે ઇટાલીની ઉત્તરમાં એક મોટુ પૂર (રેલ) આવ્યું તેથી ઍડિજ નદીમાં જે મધ્ય ભાગ ઊપર દાણ ઉઘરાવનાર અથવા દરવાન જે કે મને યાદ નથી તેનું ઘર હતું તે મધ્ય ભાગ શિવાય વેરોનાની પાસેનો પૂલ ઘસડી ગયો. અને પોતાના આખા કબીલા સહિત (સઘળા કુટુંબ

સાથે), દરિયાની છોળોને લીધે તથા નાશના પલકવારના ભ યમાં આ પ્રમાણે ગોંધાયલો રહયો. તેઓ હાથ લાંબા કરતા, ચીસ પાડતા, અને મદદ માંગતા કીનારા પરથી માલમ પડયા, અને આ બાકી રહેલી કમાન (મેહેરાબના કકડા) ના ભાગો પાણીમાં વારંવાર તુટી પડતા હતા.

આ અતિશય જોખમની વખતે, જે એક અમીર હું ધારૂ છું કે, પલવેરીનો બેગ (કૌંન્ટ) હાજર હતો, તેણે જે કોઈ સાહસિક માણસ એક મછવો લઈ જઇને આ દુઃખી કુટુંબને બચાવે તેના ઈનામ દાખલ એકસો (૧૦૦) સીકિવન્સ એટલે રૂ૦ ૩૭૫ ની એક કોથળી હાથ લાંબો કરીને આપવાની કરી.

પરંતુ પાણીના પ્રવાહના વેગથી ઘસડાઈ જવાનું, તથા પૂલનં કકડાની સામું અથડાવવાનું કે પડતા પથરાથી છુંદાઈ જવાનુ એટલું મોટું જોખમ (ભય) હતું કે આટલા બધા જોનારામાંના કોઈએ પણ આવા મહાભારત કામનો યત્ન કરવાને જોઇએ તેવી હામભીડી નહીં.

એક ગામડીઓ ત્યાં થઈને જતો હતો તેને મુકરર કરેલા (કહેલા) ઈનામની ખબર મળી. તરતજ એક મછવામાં કુદીને, હલ્લેસાંના બળથી, તે નદીના મધ્ય ભાગ (અધવચમાં) જઈ પોંહોંચ્યો અને થાંભલા (ભૂંગળાં) તળે પોતાનો મછવો લાવ્યો, અને આખું કુટુંબ નિર્ભયપણે દોરડાંવતી નીચે ઉતર્યું. તેણે કહ્યું, "હિમ્મત રાખો, ફિકર કરશો નહિ !" "હવે તમને ભો નથી—તમે હમણાં સહીસલામત છો." તોએ વધારે પરાકાષ્ટાની આયાસ (મેહેનત) તથા ભારે બાહુબળથી, તે મછવા તથા કુટુંબને કિનારા આગળ લાવ્યો, "ધન્ય છે તારી છાતીને (શાબાશ છે તને)!" તે કોથળી તેને હાથે આપીને,

તે બેગ (કૌન્ટ) મોટેથી બોલ્યો "તારો ઠેરવેલો મેહેનતનો બદલો આ રહ્યો તે લે." તે ગામડીયાએ જવાબ દીધો, "પૈસાને માટે હું કદી મારો જાન જોખમમાં નાખું નહીં;" મારી મેહેનતથી મારૂં, મારી બાયડીનું અને મારાં છોકરાનું જોઈએ તેટલું (પૂરતું) ગુજરાન કરૂં છું. આ બીચારૂં કુટુંબ કે જે સઘળું ખોઇ બેઠું છે તેને આ કોથળી આપો.

H. WALPOLE. એચ-ઉવૉલપોલ.

Lesson XLII. પાઠ ૪૨ મો.

તિરસ્કાર (ધીક્કાર) અને દરિદ્રતામાં આળસાઇ માણસને કેવી રીતે લાવેછે એ નીચેની કવિતા બતાવેછે. જ્યારે બિજા કામ કરેછે ત્યારે જે કોઇ સુવેછે તે કંઇક માણસના કરતાં એક જંગુલી પશુ સરખોછે.

ઊંઘણસી.

તે ઊંઘણસીનું બોલવુંછે—મેં તેને ફરિયાદ કરતો સાંભળ્યો, " મને તમે ઘણો વેહેલો ઉઠાડયો (જગાડયો) છે, મારે પાછું સુઇ જવું (ઉંઘવું) જોઈએ." જે પ્રમાણે બારણું પોતાના મિજાગરાં ઉપર ફરેછે તેજ પ્રમાણે તે પોતાના પાસાં અને પોતાના ખભા તથા પોતાનું ભારે (સુસ્ત) માથું બિછાનાપર ફેરવેછે.

" થોડોકવાર સુવા દો (ઊંઘવા દો), અને થોડીક વધારે નિદ્રા આવવા દો," આ પ્રમાણે તે પોતાના દિવસોનો અર્ધો ભાગ અને અગણિત કલાકો ગુમાવેછે; અને જ્યારે તે ઉંઘમાંથી ઉઠેછે ત્યારે તે પોતાના હાથ જોડીને બેસેછે, અથવા વગર કામનો રસળતો ફરેછે અથવા નકામો ઉભો રેહેછે.

હું તેના બાગ પાસે થઈને ગયો અને રાની ગુલાબ, કંટકવૃક્ષ અને કાંટાવાલા છોડવા (ઉંટકંટો) વધારે પોહોલા અને વધારે ઉંચા ઉગતા જોયાં; જે કપડાં તેણે પેહેરેલાં છે તેના ચીથરે ચીથરાં થઇ ગયાં છે અને જયાં સુધી તે ભૂખે મરે છે અથવા તે ભીખ માગે છે ત્યાં સુધી તે પોતાના પૈસા હજુ ગુમાવે છે.

તેણે પોતાનું મન સુધારવાને કંઈક વધારે સંભાલ લીધી હશે એવી હજુ આશા રાખીને, હું તેને મળવા ગયો.

તેણે મને પોતાના સ્વપ્ના કથ્યાં અને ખાવા પિવાની વાત કરી; પણ તે કોઈ સારી ચોપડી વાંચતો નથી તથા કદી વીચાર કરવા ચાહતો નથી.

ત્યારે મેં મારા મનમાં વિચાર કીધો, "અહીંઆં મારે શિખામણ લેવાની છે કે, હું કેવો થાત તેનું માત્ર આ માણસ ચીત્ર છે; પણ મને કેલવણી આપવામાં જે મિત્રોએ મારી સંભાળ લીધી અને જેઓએ મને વાંચવા તથા કામ કરવા ઉપર પ્રેમ રાખવાને વખતસર શિખવ્યું તેઓનો હું ઉપકાર માનું છું.

Lesson XLIII. પાઠ ૪૩ મો.

LORD WILLIAM BENTINCK.

લોર્ડ વિલીયમ બેંટિક.

જે સહુથી નામાંકિત ગૃહસ્થોએ હિંદુસ્તાનના ગવરનર જનરલ (સુબા) નો ઓદ્ધો ચલાવ્યો છે (ધારણ કીધો છે) તેઓમાં લોર્ડ વિલિઅમ બેંટિક પણ હતો. કેટલાક વખત સુધી તે મદ્રાસનો ગવરનર (સરસુબો) હતો. તે લોર્ડ એમહર્સ્ટની પ

છી ગવર્નર જનરલ (સુબો) થયો. (૧૮૨૯ ના ફેબ્રુઆરી મહી નામાં) જયારે તે કલકતે આવ્યો, ત્યારે તેને સરકરી ઉપજ અવ્યવસ્થિત (ગેરબંદોબસ્તવાળી), ન્યાયની દરબારો અપૂર્ણ (થોડીક ઓછી), અને કેલવણી ખોટી રીતે અપાતી (કેલવણી ખાતામાં અંધેર) તેને નજર આવી. આ અડચણો દુર કરવા પાછલ તે મંડયો.

પ્રથમ તેણે કોર્ટ આવ ડૈરેકટરો (હિંદૂસતાનની સરકાર પર નજર રાખવા સારૂ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ એક સભા બનાવી હતી તે) ના હુકમથી સરકારી ખર્ચ તેમાં વિશેષે કરીને લશ્કરીખાતાનો ખર્ચ ઓછો કરી નાંખ્યો (ઘ ટાડો કીધો).

આ સુધારો લોકોને અણગમતો હતો (આ સુધારો લોકાને ગમ્યો નહીં). એ ગેરવાજબી થયું એવી (સોલજરોએ) સિપાઈ ઓએ ફરિયાદ ઉઠાવી; કેટલાએક નામાંકિત રાજ્યકારભારી ઓ ઉઘાડેછોક બોલ્યા કે ઘણું અવિચારી કામછે; પણ લૉર્ડ વિ લિઅમ દૃઢ રહ્યો. તેણે જરૂરના હુકમો બાહાર પાડયા (કહાડયા) અને મુંગે મોહોડે ઘણો ગેરવાજબી ઠપકો સહન કીધો. એ મા ટે પાર્લ્યમેંટમાં તેનાં ભારે વખાણ થયાં.

ત્યારપછી તેણે ન્યાયની દરબારોમાં સુધારો કરવાને આરંભ કીધો. દરબારોમાં ફેસલા થઈ શકે તે કરતાં વધારે મુ કરદમા (ફરિયાદીઓ) નોંધાયલા હતા, અને આખા બંગા લા ઇલાકામાં ફકત અપીલની એકજ કોર્ટ હતી. (કોર્ટ—ઑવ—અ પીલ=નીચલી દરબારના ફેસલા વિરૂદ્ધ અરજી કરવાની કોરટ; અપીલ કોરટ.) તેણે અલાહબાદમાં (પ્રયાગમાં) એક હાઇ ર્ટ સ્થાપી, અને કેટલાએક પ્રિન્સિપૉલ—સદર—અમીનોને ને

મ્યા. (દિવાનીખાતામાં મુનસફથી ચઢતી પાયરીના ઓહદેદા રો). આ પ્રમાણે એકેક મનુષ્યને પોતાની સ્વભૂમિમાં તુરત વ્યાજબી ઇનસાફ મળવા લાગ્યો.

૧૮૩૫માં એ ગવર્નર જનરલે કેળવણી વિષે પોતાની પ્રસિદ્ધ ટાંચણ લખી. તેના વિચારો આ પ્રમાણે હતા:—

"આપણે અંગ્રેજી શિવાય દેશીવિદ્યામાં આપણા પૈસા ખરચવા જોઈતા નથી. આપણી મુખ્ય મતલબ હિંદુસ્તાનના દેશીઓમાં યૂરોપની વિદ્યાનો પ્રસાર કરવાનીછે. ફક્ત એજ વિદ્યા ઉપયોગનીછે, અને અંગ્રેજી ભાષાની મારફતે એ વિદ્યા શિખવવી જોઇએ". વળી ગવર્નર જનરલે કેળવણી ખાતાની કમિટી (વિશેષ મંડળી) ને દેશી ભાષાની ચોપડીઓ* છપાવવામાં પૈસા ખરચવાની મના કીધી. કેળવણી વિષે લૉર્ડ વિલિઅમે જે રીત કાહાડી તે આજ પણ બંગાળામાં ચાલેછે.

બીજું કામ જે તેણે માથે લીધું તે સતી થવાનું બંધ કરવાનું હતું. અકબરે આ કામમાં પ્રયત્ન કીધો હતો પણ તે ફોગટ ગયો.

લૉર્ડ વિલિઅમ બેંટિક અધિક કૃતાર્થ થયો હતો (ફતેહમંદ) થયો હતો. સતી થવાનો રિવાજ, એટલે કોઇ વિધવા પોતાના ધણીની ચીતામાં બળી મરે તે હિંદુઓમાં ઘણા પ્રાચીન કાળથી ચાલતો આવેલો હતો. બ્રાહ્મણો કેહેતા કે (એ વાત અમારા શાસ્ત્રમાં કહેલીછે, એ વાત અમારા ધર્મપુસ્તકોમાં ફરમાવેલીછે), અને મૂર્ખ લોકો બ્રાહ્મણો કેહેતા તે માનતા. અંગ્રેજ સરકાર આ ઘાતકી રિવાજથી હંમેશ ઘણી ખિન્ન થતી (ખેદ પામ

* ઇતિહાસકર્તા મી. મેકાલે જે ત્યાર પછી લૉર્ડ થયો તે કમિટીનો પ્રમુખ હતો એણે લાર્ડ વિલિઅમના વિચારોને મજબુત ટેકો આપ્યો.

તી), તથા તે કયારનો બંધ પાડયો હોત, પણ બેદિલિ ઉત્પન્ન કરવાને બીહીતી. લૉર્ડ વિલિયમે વિચાર્યું કે આ શરમભરેલો રિવાજ દૂર કરવો એ મારો ધર્મ (ફરજ) છે. સતી થવું એ ગુન્હો છે એમ સમજી શિક્ષા કરવામાં આવશે, એવું જાહેર કરવામાં તેણે કંઈજ આંચકો ખાધો નહીં અને તેના વખતથી બ્રિટિશ (અંગ્રેજી) હિંદુસ્તાનમાંથી સતી થવાનો કમકમાટ ભરેલો ચાલ નિકળી ગયોછે.

વળી લૉર્ડ વિલિયમનો અમલ હિંદુસ્તાન અને ઈંગ્લાંડ (વિલાયત) વચ્ચે આગબોટો ચાલવી શરૂ થવાને માટે પ્રસિદ્ધ થયો હતો. તે ૧૮૩૬માં વિલાયત (ઇંગ્લાંડ) ગયો. વૉરન હેસ્ટિંગ્સ કે લૉર્ડ વેલેસ્લીના જેવી તેનામાં બુદ્ધિ નં હતી. તેના વિચારો કેટલીએકવાર સાફ વાંધા ભરેલા માલમ પડતા. કોઈ પણ અંગ્રેજ પરોપકારબુદ્ધિ, પ્રમાણિકપણું, અને હિમ્મતમાં એના કરતાં વધારે નામ કરી ગયો (મૂકી ગયો) નથી.

Lesson XLIV. પાઠ ૪૪ મો.

THE PET LAMB. લાડકવાયું ઘેંટાનું બચ્ચું.

ઓસ (ઝાકળ) ઘણો પડતો હતો, અને તારા પ્રકાશવા લાગ્યા. (એવામાં) મેં એક અવાજ સાંભળ્યો; " પી, સુંદર પ્રાણી, પી " એમ તે અવાજ બોલ્યો. અને ઝાડી ઉપરથી જોતાં બરફના જેવું સફેત પહાડી ઘેટાનું એક બચ્ચું ને તેની પાસે એક કુમારકા સુદ્ધાં મારી આંખે મેં દૂરથી દીઠાં.

પાસે ગાયો કે મેંઢાં પણ નહોતાં; તે ઘેટાનું બચ્ચું એકલુંજ હતું, અને તેને એક પથ્થરની સાથે એક પાતળી દોરી

એ બાંધ્યું હતું; ઘાસ ઉપર એક ઘુંટણથી તે નાની કુમારીકા ઘુંટણીએ બેઠી, અને તે નાની કુમારીકા તે પહાડી ઘેટાના બચ્ચાને તેનું સાંજનું ભોજન ખવાડતી હતી (આપતી). તે નાની પહાડી કુમારીકા કે જેનો જોડો ભાગ્યેજ મળે એવી ખુબસુરત હતી; મેં તેમને આનંદથી નિહાળીને જોયાં; તેઓ એક લલિત જોડું હતું; અને તે કુમારીકા હવે ખાલી વાસણ લઇને પાછી વળી, પણ તે દશ વાર ગઈ નહીં તેની અગાઉ તેને તેના પગલાંએ અટકાવી.

તે બોલી, "નાના બચ્ચા, તને શું દુઃખ થાયછે ?" "તારી દોરી આમ શા માટે ખેંચેછે ? તારા જીવને ઠીક નથી? (તને શું સારૂં નથી ?) તારૂં ખાવાનું તથા સુવાનું એ બંને તને ઠીક નથી પડતાં શું ? તારો ઘાસ ઉગેલી જમીનનો ભાગ મનોહરછે, તથા જેવું ઘાસ લીલું જોઇએ તેવું લીલુંછમછે; આરામ લે, નાના બચ્ચા, આરામ લે; તને જે દુઃખ થાયછે તે શું છે?"

Lesson XLV. પાઠ ૪૫ મો.

Dr. PRIMROSE'S HOUSE DESTROYED BY FIRE.

ડા. પ્રિમરોઝનું ઘર આગથી બળી ગયું.

લગભગ મધરાત હતી એટલે હું આવીને બારણા ઠોકવા લાગ્યો;–સઘળું શાંત અને ચુપ હતું;–કહેવાય નહિ એવા સુખથી મારૂં અંતઃકરણ ભરાઈ ગયું હતું; એટલામાં, મેં ઘરમાંથી એકદમ આગના ભડકા નિકળતા જોયા. અને એકેક ફાટ આગના બળતાથી લાલ મેં દીઠો, ને હું અચંબો પામ્યો કે આ શું! કંપારી છૂટે એવી મેં મોટી બૂમ પાડી, અને ફરસબંદી

ઉપર બેભાન પડયો. આથી મારો દીકરો જે કે અત્યાર સુધી ઊંઘતો હતો તે મ્હીંનો. અને તેણે ભડકા જેઈને, તરરેજ મારી વહુ તથા દીકરી ને જગાડી; અને સઘળા દેહેશતથી હાંફ્લા ફાંફ્લા (બ વરા) તથા નાગા બહાર દોડી આવ્યાં તેથી તેઓના અતિ દુઃખથી મને ભાન આવ્યું. તથાપિ નવી ધાસ્તી ઉત્પન્ન થાય તેવી વસ્તુ નજરે પડી; કારણકે આ વખતે ભડકાથી (બળતાંથી) અમારા રેહેવાનું ઘરનું છાપરૂં સળગ્યું હતું, અને (ઘરનો) એક પછી એક ભાગ તૂટી પડવા માંડયો, અને કુટુંબકબીલો (બાય ડી છોકરાં) અતિ ઘણા શાંત દુઃખથી—મૂંગે મોંઢે દુઃખથી (બોલ વામાં નહિ આવતા હોય એવા મનના દુઃખથી) ઉભા રહી જે યાં કરતાં જાણે તેઓને આગ જેવાની મઝા પડતી હોય. વારાફર તી હું તેમને તથા આગને એક નજરે જેતો અને પછી મારાં નાનાં બે બચ્ચાં સારૂ મારી આસપાસ જેયું; પણ તેઓ નજરે પ ડયાં નહિ. અરે! આ તે શો ગજબ! હું ચીસ પાડી બોલ્યો, "કયાં, કયાં, મારાં નાનાં છોકરાં છે?" મારી સ્ત્રીએ સ્વસ્થપણે કહ્યું, "તેઓ બળતામાં બળી મુઆંછે, "અને હું પણ તેમની જોડે બળી મરીશ."

તેજ ક્ષણે ઘરમાં (ઓરડી અંદર) બચ્ચાંને ચિસેચીસ પાડી રડતાં મેં સાંભળ્યાં, જેઓ આગથી તરતજ જાગી ઉઠયાં હતાં, અને હું કશાથી પણ અટકત નહિ. લાહ્યમાં ધસ્યો ધસ્યો જઇ ને તથા જે ઓરડીમાં તેઓ ગોંધાયલાં હતાં તે ઓરડીનું બાર ણું જેરથી ભાંગીને, મેં બૂમ પાડી કે મારાં બચ્ચાં કયાંછે કે ણીગમછે? "મારાં બચ્ચાં કયાંછે?" અને જે બિછાનાપર તેઓ સુતાં હતાં તે બિછાનું સળગવાની તૈયારીમાં હતું, તેવામાં તે ઓએ સામટી બૂમ પાડી કે, પ્યારા પિતાજી "અમે અહીંઆં

છીયે અહીંયાં છૈએ." મેં તેમને બન્નેને બગલમાં મારી લીધા, અને જેમ બન્યું તેમ જલદીથી લાહ્યમાંથી તેમને ઝટ લઇ આ વ્યો અને તરતજ જેવો હું બાહાર નિકળ્યો કે છાપરૂં તૂટી પડ્યું. મારાં બચ્ચાંઓને ઝાલીને મેં બૂમ પાડી કે હવે જોઇએ તો આ ગ સળગ્યા કરો, ને સઘલી મારી માલમતા બળી જાઓ. મારા ખજાનાની દોલત મેં બચાવીછે, તે આ રહી. મારીપ્રાણપ્યારી આ જો, અહીંઆં આપણી દોલતછે, અને હવે પછી આપણે સુ ખી થઇશું. અમે અમારા નાના વહાલા બચ્ચાંઓને હજારવાર બોકીઓ કીધી; તેઓ અમારી કોટે વળગ્યાં, ને અમારા અતિ આનંદમાં સામેલ થતાં (ભાગ લેતાં) જણાયાં, અને તેઓની માતાજી ગાળેગાળે હસતી ને રૂદન કરતી હતી.

ગોલ્ડ

Lesson XLVI. પાઠ ૪૬ મો.

MEN WHO HAVE RISEN.

ઊંચી પદ્વીને પામેલા પુરૂષો.

કોલંબસ એક સાધારણ ખલાસી ઉપરથી સ્પૅનિશ અમેરિકા નો સૂબો થયો. નેપોલિયન તોપખાનાના એક અમલદાર ઉ પરથી ફ્રાન્સનો શેહેનશાહ અને યૂરોપનો લવાદ થયો. સ્ટીવ નસન એક મજુરનો દીકરો હતો, અને તે અમીરોનો મિત્ર અને દુનિયામાં પેહેલી પદવીનો યંત્ર ચલાવનાર (ઇજનેર) થઇ મરણ પામ્યો. આ દૃષ્ટાંતમાં બીજા ઘણા આપી શકાય. સર્વે પોપોમાં "ખ્રિસ્તિ ધર્મના રોમન કેથોલિકપંથના આચા ર્યો " માં સહુથી પ્રતાપી જે સાતમો ગ્રેગરી એક સુથારનો દી કરો હતો. પ્રખ્યાત વિદ્વાન પુરૂષ પોપ છઠ્ઠો ઍડ્રિયન તેની યુ

વાવસ્થામાં એટલો તો ગરીબ હતો કે અભ્યાસ કરવા સારૂ મી ણબત્તી સરખી પણ તેનાથી ખરીદ કરવાનું બનતું નહીં. મો હોલ્લાના દીવાના અજવાળાથકી પોતાની ચોપડીઓ વાંચવા ની ફરજ પડતી હતી. બેનજૉન્સન જ્યારે નાનો હતો, ત્યારે કડિયાનું કામ કરતો અને પછી ખાનગી સિપાઇ તરીકે ચાકરી કરતો. ત્યાર પછી તે વિદ્યાભ્યાસ કરવા મંડયો, અને પેહેલા જેમ્સનો રાજ્યકવિ તથા કોરટનો માનીતો થયો.

ઉવેસ્ટમિન્સ્ટર—ઍબી (વેસ્ટમિન્સ્ટરનો મઠ, અહીંઆં પાદશાહી કુટુંબના તથા મ્હોટા નામાંકિત પુરૂષો દાટવામાં આ વેછે) જ્યાંહાં રાજા તથા રાજદરબારી પુરૂષોને દાટવામાં આ વેછે ત્યાંહાં તેને ભૂમિદાહ કર્યોછે. સર—એડમન્ડ—સૉનડર્સે લં ડનના વકીલોને ત્યાંહાં સંદેશા લઇ જનાર તરીકે ધંધો કરવા માંડયો. તે પેહેલા ચાર્લ્સના વખતમાં વિલાયમાં-કાયદા પ્રમા ણે ફેંસલા કરનારી વડિલકોરટનો મુખ્ય ન્યાયાધિશ થયો અ ને તેનાં કાયદાનાં પુસ્તકોમાંથી હજી પણ માન સહિત આધાર પ્રમાણે લેવામાં આવે છે. એડવર્ડસગડન એક હજામનો દીકરો હતો. સૉનડર્સની પેઠે જે વકીલને ત્યાં એ ચાકરી કરતો હતો તેની આફીસ (કામ કરવાને બેસવાની જગા) માં તેણે સેહેજ સાજ કંઈ જ્ઞાન મેળવ્યું હતું. તે બારીસ્ટર (પેહેલા વર્ગનો સ નદી વકીલ) થયો તથા પોતાના સઘળા હરીફોને તેણે હઠાવ્યા (ચઢીઆતો થયો). ત્યાર પછી તે લૉર્ડ—સેંટ—લેયોનર્ડ થયો, અને તેણે વિલાયતમાં સર્વોપરી કોરટનો મુખ્ય ન્યાયાધીશનો મો ટો ઓદ્ધો ભોગવ્યો. અંગ્રેજી શસ્ત્રવૈદ્યોમાંનો સહુથી નામીચો જે જૉનહન્ટર તે એક કમાટ બનાવનારને ત્યાં શિખાઉ હતો. લંડનના વૈદકજ્ઞાની પૂરૂષો સન્મુખ તેને માન આપવાને અ

યેં વર્ષોવર્ષ એકકું ભાષણ આપવામાં આવેછે. એક કાળયંત્ર, જે દરિઆમાં રેખાંશ માપવાને (નક્કી કરવાને) સંપૂર્ણ રીતે ખરૂ માલમ પડ્યું હતું, તેને સારૂ ગયા સેંકડામાં જૉન–હૅરિસનને પાર્લીમેંટ સભા તરફથી ૨૦,૦૦૦ પાઉંડનું ઇનામ મળ્યું. આ શોધકબુદ્ધિનો-વિચક્ષણ પુરૂષ સુથારનો દીકરો હતો અને પોતા ની મેળે નાના ઘડિયાળ બનાવવાનું કામ શિખ્યો હતો. દરિ આઈ સેનાપતિ બેન્બો, બીજા દરિઆઈ (અરમારી) જવાંમ ર્દોની પેઠે પ્રથમ વહાણમાં હજુરીઆ અથવા વહાણનો ચાકર તરીકે ખલાસીનો ધંધો કીધો. પ્રખ્યાત રસાયણશાસ્ત્ર તથા પર માણુંશાસ્ત્ર ઉત્પન્નકર્ત્તા ડૉલ્ટન પ્રથમ એક ગામડાંનો નિશાળનો રંક (ગરીબડો) મેહેતાજી હતો.

સર જમશેદજી જીજીભાઈ એક ગરીબ દુકાનદાર-ઉપરથી એક શ્રીમંત કુટુંબનો મૂળપુરૂષ-તથા પારસીઓનો મુખ્ય-શેઠ-થયો. હવે વારૂ શાથી આ નામાંકિત પુરૂષો ચઢતી પદવીને પામ્યા? સારા નસીબ કે સારા મુરબ્બીઓ કરીને નહીં, પણ પોતાની જાતેજ. નસીબવડે તો કોઈ માણસ મોટો થતોજ નથી. કહેવા માં આવેછે કે "મેહેનતુને નસીબ ફળેછે;" વળી "જેઓ જાતે મેહેનત કરેછે તેને ઇશ્વર સહાય કરેછે, ઈસપની કથા સંભારો. (સહુથી મોટો કલ્પિત વાત રચનાર ઇસપ એકવાર ગુલામ હ તો.) એક ખાઈમાં પોતાનું ગાડું દટાઈ ગયું હતું (ચોંટી ગ યું હતું), તે કાહાડવા લાગવાને (તેને ટેકા આપવાને) એક ગાડાવાળાએ હરક્યુલિસની (બળદેવની) પ્રાર્થના કીધી. બળ દેવે આ આળસુ મુરખાને દર્શન દઇને ઠપકો દીધો. "તે દેવે કહ્યું પૈડાંને તારા પોતાના ખભાનો ટેકા આપ."

તેમજ કોઈ માણસ મુરબ્બીઓને લીધે પણ મોટો થતો નથી. લૉર્ડ બેકન કહેછે કે, દરેક જણ પોતાના નસીબનો ઘડનાર પોતેજ છે. એટલે કે તેને સારૂ તે (નસીબ) બિજો કોઈ બાંધે નહીં. નામીચા સામ્યુઅલ જોન્સને પોતાનો અંગ્રેજી શબ્દાર્થ કોશ રચવામાં ઘણાં વરસ સુધી મેહેનત કીધી. સઘળો વખત નિર્ધન અવસ્થાથી પીડાતો હતો, અને એક મોટો અમીર (જેનું નામ અર્લ-ઑવ-ચેસ્ટરફીલ્ડ) જે વિદ્યાને આશ્રય આપનાર કેહેવાવાને ચાહતો તેનો તેણે આધાર શોધ્યો તે ફોકટ. આખરે તે શબ્દાર્થ કોશ બહાર પડચો, એટલે જોન્સન નામાંકિત થયો. પેલા ઉમરાવ માણસના સ્હાયાથી તે જેટલો નામીચો થયો હોત તેના કરતાં એની મદદ વગર તે વધારે પ્રખ્યાત થયો. તેની બધી કીર્તિ તેણે જાતેજ મેળવી હતી.

માહાન પુરૂષો ઘણી બાબતોમાં એક બીજાથી જૂદા પડે છે. કોઈ કદાચ દયાળુ હોય, તો બિજો કરડો હોય. આ માણસ શાસ્ત્ર ચાહાય, તો પેલો માણસ કવિતા ને ત્રિજો ન્યાય. કેટલાએક લડાઇમાં પોતે મચ્યા રેહે છે, ને બિજાઓ રાજદરબારી કામમાં પણ તેઓ બધા એક બાતમાં સરખાજછે. તેઓ સઘળા સખત મેહેનત કરનારાઓ છે, અને તેઓ બધા પોતા ઉપરજ ભરોંસો રાખે છે. એ ઉપરથી ડાકટર જૉન્સન ડયૂક-ઑવ-વેલિંગટનને અને સ્ટીવનસન શાર્લમેનને મળતો આવે છે.

કોઈપણ માણસ ગમે એવી ઊંચી પદવીનો અને શક્તિ ધરાવતો હોય, તોપણ તે કઠણ ઉદ્યોગ કર્યા વગર નામીચો થઇ શકતો નથી. હિંદુસ્તાનના ઇતિહાસમાં આપણે વાંચ્યું છે કે ઘણાએક રાજાઓએ પોતાની જીંદગી મોજમઝામાં કાહાડી છે, અને કારભાર પોતાના ચાકરોને સોંપ્યો છે. તેઓના પ્રધાન કદાચ શક્તિ

વાન અને ઇમાનદાર હશે, તેઓના સરદારો ચતુર, અને તેઓ ના સિપાઈઓ બાહાદુર હશે, તેથી તેઓનો અમલ મહાભારત માલમ પડે. પણ એ ઉપરથી આપણે ભૂલાવો ખાવો નહીં. સુલતાન અને રાજાઓ જેઓ જાતે કાંઇજ કરતા નથી તેઓ પોતાના સઘળા દમામ છતાં ધિક્કારવાજોગ છે. ચળકતી પાંખવાળાં જીવડાં જેઓ વિષ્ટા (કહોઇ ગયેલી અને સડી ગયલી વસ્તુ) ખાય છે તેઓના જેવા તેઓ છે. એવા રાજાઓના રાજ જલદીથી નાશ થાય છે (નાબુદ થઈ જાયછે).

Lesson XLVII. પાઠ ૪૭ મો.

PATIENCE. ધૈર્ય.

મારો કાકો ટોબી દુઃખ સહનશીલ માણસ હતો, હિમ્મતની ખામીને લીધે નહિઃ—આગલા પ્રકરણમાં મેં તમને કહ્યું છે કે, "તે હિમ્મતવાન માણસ હતો;" અને હું અહીંઆં વધારે કહીશ કે જયારે યોગ્ય પ્રસંગ આવે ત્યારે અથવા તે (હિમ્મત) દેખાડવી પડતી ત્યારે, જેના સામર્થ તળે મારે વધારે જલદીથી આશ્રય લેવો પડે એવો કોઈ શખ્સ મારી જાણમાં નથી. તેની માનસિક શક્તિના જડપણા કે કોઈ બેભાનપણાથી પણ આ ઉત્પન્ન થયું નથી;–કારણ કે તેને આ અપમાન તેના બાપના ઘરનું જેવી અસરકારક રીતે એક માણસને લાગી શકે તે માફક લાગ્યુંઃ—પણ તે કોમળ તથા શાંત પ્રકૃત્તિનો હતો,—કંઈ પણ કજીઆનું મૂળ તેમાં નહોતું–તેના ઘટની અંદર એવાં તો માયાળુપણાનાં સઘળાં લક્ષણો રહ્યાં હતાં કે મારા કાકા ટોબીને પણ એક માખીના પર પણ દુઃખનો બદલો વાળવાને પણ ભાગ્યેજ મન થતું! એક દિવસ જમતી વેળા એક ઘ

ણી ઘરડી માખી જે તેના નાક પાસે ગુણગુણ કરતી હતો, અને ભોજનપર સઘળી વેળાએ તેને દુઃખકારક રીતે હેરાન કીધો હતો અને જેને (માખીને) ઘણા પ્રયત્નો પછી, જેવી તેની પાસે થઈને ઊડતી હતી તેવી તેને આખરે તેણે ઝાલી, તે માખીને તેણે કહ્યું કે ચાલી જા. પોતાના હાથમાં તે માખી લઇને પોતાની ખુરશી પરથી ઉઠતાં અને ઓરડીમાં થઈને જતાં, મારા કાકા ટોબીએ કહ્યું. "હું તને હેરાન કરીશ નહિં. તારા માથાનો વાળ પણ હું વાંકો નહીં કરૂં;—અને તેને છોડી દેવાને જેવો તે બોલ્યો તેવોજ બારીનું ચોકઠું ચઢાવીને, અને પોતાની હાથેળી ખોલીને, તેણે કહ્યું કે ચાલી જા. "જા, પામર શેતાન, તું નિકળ–જા; મારે તને શા માટે દુઃખ દેવું જોઈએ?—આ દુનિયામાં ખરેખર તું અને હું બન્ને જણ સમાઈએ એવી જોઇએ તેવી તે બોહોળીછે. Sterne. સ્ટર્ન.

Lesson XLVIII. પાઠ ૪૮ મો.

THE PET LAMB. (continued)

લાડકવાયું ઘેટાનું બચ્ચું. (સાંધણ).

"આરામ કર, નાના બચ્ચા, આરામ કર; ઘણે દૂરની જગાઓમાં પેહેલવેહેલું તું મારા બાપને જે વખતે મળ્યું હતું તે દિવસ તું વિસરી ગયું હશે; તે ટેકરીઓપર ઘેટાંના ઘણાં ટોળાં હતાં, પણ તારો ધણી કોઇ હતો નહીં, અને તારી મા તારી પાસેથી હમેશને માટે જતી રહી હતી."

"તેણે પોતાના હાથમાં તને લીધું અને દયા આવી તેથી તને ઘેર આણ્યું—તારે માટે તે સુખી દિવસ હતો, નહીં તો (પછી) તું કયાં ભટકત? તારી આયા નિમકહલાલ છે;

(પોતે કુમારીકા; તને ઉછેરનાર વિશ્વાસુ છે). પહાડોના શિખ રો ઉપર તારી જે માએ તને જન્મ આપ્યો તે (મારા કરતાં) વધારે માયાળુ થાત નહીં."

"તું આરામ કરશે નહીં, આસાએશ લેશે નહીં! રંક જીવ! તારી મા ઉપરનો પ્યાર છે તે તારા દીલમાં સાંભરી આવવાથી તારાપર અસર કરે છે, જે વસ્તુઓને હું જાણતી નથી તેવસ્તુએ તને કદાચ વહાલી હશે; અને જે ચીજો તેં જોઈ પણનથી! અથ વા સાંભળી પણ નથી તેવી ચીજોના સ્વપ્ન વિશે મને ખબર નથી."

"અફસોસ! પહાડના શિખરો જે આવાં લીલાં અને સું દર દેખાયછે, ત્યાં જે ભયંકર (તોફાની) પવન તથા અંધકાર થા યછે તે વિશે મેં સાંભળ્યુંછે. નાનાં નાળાં કે જે સઘળા ખુશનુ માં તથા ગમતીયાળ દેખાયછે તેઓ જ્યારે ધુસ્સે થાયછે ત્યારે જેમ સિંહો પોતાના શિકાર સારૂ ગર્જના કરેછે તેમ તેઓ અ વાજ કરેછે."

"અહીંઆં તારે આકાશના જંગલી કાગડાથી બિહવું નહિં; તે તારી કને આવશે નહિ,—કારણકે આપણી ઝુપડી ઘ ણીજ પાસેછે. શા સારૂ તું મારી પાછળ એવી રીતે બેંબેં કરેછે? તારી સાંકળને શા માટે તું એમ ખેંચેછે? સુઇ જા અને પરોઢી યે હું પાછી તારી કને આવીશ."

સમાપ્ત.